* શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા *

ગ્રંથાંક ૧૫૭

અંતિમ આરાધના માટે

પયન્ના સંગ્રહ

ભાષાંતર સાથે

卐

સંપાદક

પૂ. આ.

શ્રી વિજયજિનેન્દ્રસૂરિ મ.

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રન્થમાલા ગ્રંથાંક - ૧૫૭

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ

શ્રીમણિબુદ્ધયાણંદ હર્ષકર્પૂરામૃતસૂરિભ્યો નમઃ

અંતિમ આરાધના માટે

પયન્ના સંગ્રહ

(ભાષાંતર સાથે)

: સંપાદક :

તપોમૂર્તિ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયકર્પૂરસૂરી મહારાજના પટ્ટધર હાલારદેશોદ્ધારક

પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર

પ્રાચીન સાહિત્યોદ્ધારક

પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

: સહાયક :

શ્રી ભક્તિ મંડળ - લંડન

હ. શ્રી જયુભાઈ વીસરીઆ

પ્રકાશિકા :
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ-શાંતિપુરી (હાલાર)

વીર સં.	વિક્રમ સં.	સને	પ્રથમ આવૃત્તિ
૨૫૧૩	૨૦૪૩	૧૯૮૬	નકલ ૧૦૦૦

卐

કિંમત વાંચન મનન.

卐

મુદ્રણસ્થાન :
સર્વોદય પ્રિન્ટીંગ પ્રેસ
જૈન દેરાસરની બાજુમાં,
જી.પી.ઓ. સામે,
જામનગર-૩૬૧૦૦૧.
ફોન : ૭૬૦૪૬

બે બોલ

શ્રી જિન શાસન એ પૂર્વભવ અને ભાવિ ભવની દીર્ઘ વિચારણા કરે છે. આ ભવના સુખ દુઃખ ક્ષણિક છે અને સુખ ભોગવવામાં મસ્ત બને તો ભાવિના ભવ બગડે. માટે આ ભવના સુખની ઉપેક્ષા કરીને પણ ભાવિભવ સુધારવો જોઈએ અને શ્રી જિન શાસનની શ્રદ્ધા પૂર્વકની રુચિ ભાવિ ભવની પરંપરાને પણ સુધારીને મોક્ષપદ સુધી લઈ જાય છે.

તેથી અંત સમયે જે જીવ ચેતી જાય છે તેનું શ્રેય થઇ જાય છે. આખા જીવનની ધર્મ સાધના પણ અંત સમયને સુધારવાના અભ્યાસ માટે છે.

અંત સમયે જીવને કરવા યોગ્ય આરાધનાના અધિકારો રૂપ ચાર પયન્ના અને પર્યન્ત આરાધના તથા પરમાનંદ પચ્ચીશી એ છ ગ્રન્થ સંગ્રહિત કર્યા છે અને છ એ ગ્રંથ ભાષાંતર સહિત મુકયા છે જેથી આરાધના કરનાર કરાવનારને સુગમતા રહે.

ચાર શરણુ, સંથારા પોરિસી, પુણ્ય પ્રકાશ સ્તવન, દશ-વિધ આરાધનાનું સ્તવન, પદ્માવતી જીવરાશિ વિગેરે પણ અંતસમયની આરાધના માટે ઉપયોગી છે.

દરરોજ ચાર શરણુનો સ્વીકાર–સુકૃત અનુમોદના, દુષ્કૃત નિંદા વિગેરે કરીને સમાધિની પ્રાપ્તિ માટે સૌ સદા ઉજમાળ બનો એજ સદાની શુભ ભાવના.

૨૦૪૩ કા. સુ. ૧૩

શુક્રવાર તા. ૧૪–૧૧–૮૬ —જિનેન્દ્રસૂરિ

ઓસવાળ કોલોની–જામનગર

આભાર દર્શન

જણાવતાં આનંદ થાય છે કે શ્રી સંઘમાં પ્રાચીન સાહિત્યના ઉદ્ધારની ખૂબ જરૂર છે અને તે જરૂરી ઉપયોગી બને તેવા સાહિત્યનું પ્રકાશન ચાલુ છે.

આ પયન્ના સંગ્રહ એ આરાધના માટે સુવર્ણ અવસરનું કારણ છે તેનું પ્રકાશન લંડન–ભક્તિ મંડળના સહયોગથી જ્ઞાન દ્રવ્યની રકમથી હઃ જયુભાઇ વીસરીઆ દ્વારા પ્રગટ થાય છે જે શ્રી સંઘમાં ઉપયોગી અને આરાધનાના ભાતા રૂપ બનશે. આ સહકાર માટે લંડન સત્સંગ મંડળનો અને તે દરેક ભાઇ બહેનોનો આભાર માનીએ છીએ. આવા શુભ કાર્યમાં સદા સહયોગ આપતા રહે તેવી શુભ ભાવના વ્યકત કરીએ છીએ.

લિ.

તા. ૧૧-૧૧-૮૬ — મહેતા મગનલાલ ચત્રભુજ

શાક મારકેટ સામે, — વ્યવસ્થાપક

જામનગર (સૌરાષ્ટ્ર) — શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા

અનુક્રમણિકા

ક્રમ	ગ્રંથનું નામ	પેજ નં.
૧	ભક્ત-પરિજ્ઞા પયન્નો (વીર ભદ્રાચાર્યકૃત)	૧
૨	ચઉશરણ પયન્નો (,,)	૫૧
૩	મહા પચ્ચક્ખાણ પયન્નો	૭૦
૪	મરણ સમાધિ પયન્નો	૧૦૭
૫	પર્યંત આરાધના (સોમ સૂરિકૃત)	૧૩૦
૬	પરમાનંદ પચ્ચીશી	૧૫૦

अर्हम्

॥ श्रीपार्श्वनाथाय नमः ॥

। सुयथविर-वीरभद्दायरिय-विरइओ ।

॥ १ ॥ भत्त-पयन्नो ॥

नमिऊण महाइसयं, महाणुभावं मुणिं महावीरं ।
भणिमो भत्तपरिन्नं, नियसरणट्ठा परट्ठा य ॥१॥

અર્થ :- મહાઅતિશયવંત અને મહાપ્રભાવવાલા મુનિ મહાવીર સ્વામીને વાંદીને પોતાને તથા પરને શરણ કરવાને અર્થે ભક્ત પરિજ્ઞા પયન્નો હું કહું છું. ૧

भवगहणभमणरीणा, लहंति निव्वुइसुहं जमल्लीणा ।
तं कप्पद्दुमकाणण-सुहयं जिणसासणं जयइ ॥२॥

અર્થ :- સંસારરૂપી ગહન વનમાં ભમતા પીડાએલા જીવો જેના આશરે મોક્ષ સુખને પામે છે તે કલ્પવૃક્ષના ઉદ્યાન સરખું સુખને આપનારૂં જૈન શાસન જયવંતુ વર્તે છે. ૨

मणुयत्तं जिणवयणं च, दुल्लहं पाविऊण सप्पुरिसा ।
सासयसुहिक्करसिएहिं, नाणवसिएहिं होयव्वं ॥३॥

અર્થ :– દુર્લભ મનુષ્યપણું અને જિનેશ્વર ભગવાનનું વચન પામીને સત્પુરુષોએ શાશ્વતા સુખના એક રસીક એવા અને જ્ઞાનને વશવર્તી થવું જોઈએ. ૩

जं अज्ज सुहं भविणो, संभरणीयं तयं भवे कल्लं ।
मग्गंति निरुवसग्गं, अपवग्गसुहं बुहा तेण ॥४॥

અર્થ :– જે સુખ આજ થવાનું છે તે કાલ સંભારવા યોગ્ય થવાનું છે, તે માટે પંડિત પુરુષો ઉપસર્ગ રહિત મોક્ષનું સુખ વાંછે છે. ૪

नरविबुहेसरसुक्खं, दुक्खं परमत्थए तयं बिंति ।
परिणामदारुणमसा–सयं च जं ता अलं तेणं ॥५॥

અર્થ :– પંડિત પુરૂષો માણસનું અને દેવતાઓનું જે સુખ છે તેને પરમાર્થ થકી દુઃખ જ કહે છે, કેમકે તે પરિણામે દારૂણ અને અશાશ્વત છે. તેથી તે સુખ વડે સર્યું. ૫

जं सासय-सुह-साहण,-माणा-आराहणं जिणिंदाणं ।
ता तीए जइयव्वं, जिणवयणविसुद्धबुद्धीहिं ॥६॥

અર્થ :– જિન વચનમાં નિર્મલ બુદ્ધિવાળા માણસોએ શાશ્વતા સુખનું સાધન જે જિનેન્દ્રોની આજ્ઞાનું આરાધન છે તે આજ્ઞા પાલવાને વિષે ઉદ્યમ કરવો. ૬

तं नाणदंसणाणं, चारित्ततवाण जिणपणीयाणं ।
जं आराहणमिणमो, आणाआराहणं बिंति ॥७॥

અર્થ :- તે જિનેશ્વરોએ કહેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપ તેઓનું જે આરાધન તે જ અહિં આજ્ઞાનું આરાધન કહેલું છે. ૭

पवज्जाए अब्भुज्जओवि, आराहओ अहासुत्तं ।
अब्भुज्जयमरणेणं, अविगलमाराहणं लहइ ॥८॥

અર્થ :- દીક્ષા પાલનમાં તત્પર (અપ્રમત્ત) આત્મા પણ મરણને અવસરે સૂત્રમાં કહ્યા મુજબ આરાધના કરતો થકો સંપૂર્ણ આરાધકપણું પામે. ૮

तं अब्भुज्जयमरणं, अमरणधम्मेहिं वन्नियं तिविहं ।
भत्तपरिन्ना इंगिणि, पाओवगमं च धीरेहिं ॥९॥

અર્થ :- મરણ રૂપી ધર્મ નથી એવા ધૈર્યવંતો (વીતરાગો) એ તે ઉદ્યમવંતનું મરણ ૧ ભક્ત પરિજ્ઞા મરણ, ૨ ઇંગિની મરણ, અને ૩ પાદપોપગમ મરણ એમ ત્રણ પ્રકારે કહેલું છે. ૯

भत्तपरिन्नामरणं, दुविहं सवियारमो य अवियारं ।
सपरक्कमस्स मुणिणो,संलिहियतणुस्स सवियारं ॥१०॥

અર્થ :– ભક્ત પરિજ્ઞા મરણ બે પ્રકારનું છે :– ૧ સવિચાર અને ૨ અવિચાર. સંલેખના વડે દુર્બલ શરીરવાળા ઉદ્યમવંત સાધુનું સવિચાર. (ભક્ત પરિજ્ઞા મરણ જાણવું.) ૧૦

अपरक्कमस्स काले, अपहुपत्तंमि जं तमवियारं।
तमहं भत्तपरिन्नं, जहापरिन्नं भणिस्सामि ॥११॥

અર્થ :– પરાક્રમ રહિત સાધુને સંલેખના કર્યા વિના જે મરણ થાય તે અવિચાર ભક્ત પરિજ્ઞા મરણ કહીએ. તે અવિચાર ભક્ત પરિજ્ઞા મરણને યથામતિ હું કહીશ. ૧૧

घिइ–बल–वियलाणमकाल–
मच्चुकलियाणमकयकरणाणं ।
निरवज्ज–मज्जकालिय–
जईण जुग्गं निरुवसग्गं ॥१२॥

અર્થ :– ધીરજ બલ રહિત, અકાલ મરણના કરનારા અને અકૃત (અતીચાર)ના કરનારા એવા નિરવદ્ય વર્તમાન કાલના યતિઓને ઉપસર્ગ રહિત મરણ યોગ્ય છે. ૧૨

पसमसुहसप्पिवासो, असोअहासो सजीवियनिरासो।
विसयसुह-विगयरागो, धम्मुज्जम-जायसंवेगो ॥१३॥

અર્થ :– ઉપશમ સુખને વિષે અભિલાષવાળો, શોક અને હાસ્ય રહિત, પોતાના જીવિતને વિષે આશા રહિત, વિષય

સુખની તૃષ્ણા રહિત, અને ધર્મને વિષે ઉદ્યમ કરતાં જેને સંવેગ થએલો છે એવો (ભક્ત પરિજ્ઞા મરણને યોગ્ય છે.) ૧૩

निच्छियमरणावत्थो, वाहिग्घत्थो जई गिहत्थो वा।
भविओ भत्तपरिन्नाइ, नायसंसारनिग्गुन्नो ॥१४॥

અર્થ :– મરણની અવસ્થા નિશ્ચે કરી છે જેણે, વ્યાધિગ્રસ્ત અને જાણ્યું છે સંસારનું નિર્ગુણપણું જેણે એવો ભવ્ય યતિ અથવા ગૃહસ્થ ભક્તપરિજ્ઞા મરણને યોગ્ય જાણવો. ૧૪

वाहि-जर-मरण-मयरो, निरंतरुप्पत्ति-नीर-निउरंबो।
परिणाम-दारुण-दुहो, अहो दुरंतो भवसमुद्दो ॥१५॥

અર્થ :– વ્યાધિ જરા અને મરણ રૂપી મગરોવાળો, નિરંતર જન્મ રૂપી પાણીના સમૂહવાળો, પરિણામે દારૂણ દુઃખને આપનારો સંસારરૂપી સમુદ્ર ઘણો દુરંત છે, એ ખેદની વાત છે. ૧૫

पच्छायावपरद्धो, पियधम्मो दोसदूसणसयण्हो।
अरिहइ पासत्थाईवि, दोसदोसिल्लकलिओऽवि ॥१६॥

અર્થ :– પશ્ચાતાપથી પીડાએલો, ધર્મ પ્રિય છે જેને, દોષને નિંદવાને તૃષ્ણાવાલો, તથા દોષ અને દુઃશીલપણા વડે પણ સહિત એવા પાસત્થાદિક પણ અણસણને યોગ્ય છે. ૧૬

इय कलिउण सहरिसं,
गुरुपायमूलेऽभिगम्म विणएणं ।
भालयल-मिलिय-कर-कमल,-
सेहरो वंदिउं भणइ ॥१७॥

અર્થ :– આ અણુશણુ કરીને હર્ષ સહિત વિનય વડે ગુરુનાં ચરણુ કમલ આગલ આવીને હસ્ત કમલ મુકુટની પેઠે કપાલે લગાડીને ગુરુને વાંદીને આ પ્રમાણે કહે. ૧૭

आरुहियमहं सुपुरिस, भत्तपरिन्ना-पसत्थ-बोहित्थं ।
निज्जामएण गुरुणा, इच्छामि भवन्नवं तरिउं ॥१८॥

અર્થ :– હે સત્પુરુષ! ભક્ત પરિજ્ઞારૂપ ઉત્તમ વહાણુ ઉપર ચઢીને નિયામક ગુરુ વડે સંસારરૂપી સમુદ્રને તરવાને હું ઇચ્છું છું. ૧૮

कारुन्नामयनीसंद-सुंदरो सोऽवि से गुरू भणइ ।
आलोयण-वय-खामण,-पुरस्सरं तं पवज्जेसु ॥१९॥

અર્થ :– દયા રૂપ અમૃત રસથી સુંદર તે ગુરુ પણુ તેને કહે છે કે–(હે વત્સ!) આલોયણુ લઈ, વ્રત ઉચરી, સર્વને ખમાવવા પૂર્વક, ભક્ત પરિજ્ઞા અણુશણુને અંગીકાર કર. ૧૯

इच्छामुत्ति भणित्ता, भत्ती-बहुमाण-सुद्ध-संकप्पो ।
गुरुणो विगयावाए, पाए अभिवंदिउं विहिणा ॥२०॥

અર્થ :- ઇચ્છં એમ કહીને ભક્તિ અને બહુમાન વડે શુદ્ધ સંકલ્પવાલો, ગએલા અનર્થવાળા ગુરૂના ચરણ કમલને વિધિપૂર્વક વાંદીને. ૨૦

सल्लं उद्धरिउमणो, संवेगुव्वेयतिव्वसद्धाओ ।
जं कुणइ सुद्धिहउं, सो तेणाराहओ होइ ॥२१॥

અર્થ :- પોતાના શલ્યને ઉદ્ધરવાને ઇચ્છતો, સંવેગ (મોક્ષનો અભિલાષ) અને ઉદ્વેગ (સંસાર છોડવાની ઈચ્છા) થકી તીવ્ર શ્રદ્ધાવાલો શુદ્ધિને માટે જે કંઈ કરે તે વડે તે માણસ આરાધક થાય. ૨૧

अह सो आलोअणदोस-वज्जियं उज्जियं जहायरियं ।
बालुव्व बालकालाए, देइ आलोअणं सम्मं ॥२२॥

અર્થ :- હવે તે આલોયણના દોષે કરીને રહિત, બાલકની માફક બચપણના વખતથી જેવું આચરણ કર્યું હોય તેવું સમ્યક્ પ્રકારે આલોચન કરે. ૨૨

ठविए पायच्छित्ते, गणिणा गणि-संपया-समग्गेणं ।
संममणुमन्निय तवं, अपावभावो पुणो भणइ ॥२३॥

અર્થ :- આચાર્યના સમગ્ર ગુણો સહિત આચાર્યે પ્રાયશ્ચિત આપે થકે, સમ્યક્ પ્રકારે તે પ્રાયશ્ચિત તપ આદરીને નિર્મલ ભાવવાલો તે શિષ્ય ફરીને કહે. ૨૩

दारुण-दुह-जलयर-नियर-
भीम-भवजलहि-तारण-समत्थो ।
निप्पच्चवायपोए, महव्वए अम्ह उक्खिवसु ॥२४॥

અર્થ :– દારૂણ દુઃખરૂપ જલચર જીવોના સમૂહથી ભયંકર સંસારરૂપી સમુદ્રમાંથી તારવાને સમર્થ એવા ગુરૂ મહારાજ નિર્વિઘ્ન વહાણ સમાન મહાવ્રતને વિષે અમને મૂકો. ૨૪

जइवि स खंडियचंडो, अखंडमहव्वओ जई जइवि ।
पव्वज्जवउट्ठावण–मुट्ठावणमरिहइ तहावि ॥२५॥

અર્થ :– જો પણ ખંડ્યો છે કોપ જેણે એવો અખંડ મહાવ્રતવાલો યતિ છે, તો પણ પ્રવજ્યા વ્રતની ઉપસ્થાપનાને યોગ્ય તે છે. ૨૫

पहुणो सुकयाणत्तिं, भिच्चा पच्चप्पिणंति जह विहिणा ।
जावज्जीव पइन्ना–णत्तिं गुरुणो तहा सोऽवि ॥२६॥

અર્થ :– સ્વામીની સારી પાલન કરેલી આજ્ઞાને જેમ ચાકરો વિધિ વડે બજાવીને પાછી આપે છે, તેમ જીવન પર્યંત ચારિત્ર પાલીને તે પણ ગુરુને એ પ્રમાણે જણાવે છે. ૨૬

जो साइयारचरणो, आउट्टिय-दंड-खंडियवओ वा ।
तह तस्सवि सम्ममुव-ट्ठियस्स उट्ठावणा भणिया ॥२७॥

અર્થ :– જેણે અતિચાર સહિત વ્રત પાલ્યું તથા

આકુટ્ટી (કપટ) દંડે વ્રત ખંડયું એવા પણ સમ્યક્ ઉપસ્થિત થએલા તેને (શિષ્યને) ઉપસ્થાપના કહી છે. ૨૭

तत्तो तस्स महव्वय-पव्वयभारो नमंतसीसस्स ।
सीसस्स समारोवइ, सुगुरूवि महव्वए विहिणा ॥२८॥

અર્થ :- ત્યાર પછી મહાવ્રતરૂપ પર્વતના ભારથી નમેલા મસ્તકવાળા તે શિષ્યને સુગુરૂ વિધિ વડે મહાવ્રતની આરોપણા કરે. ૨૮

अह हुज्ज देसविरए, समंत्तरए रए अ जिणवयणे ।
तस्सवि अणुव्वयाइं, आरोविज्जंति सुद्धाइं ॥२९॥

અર્થ :- હવે દેશવિરતિ શ્રાવક સમક્તિને વિષે રક્ત અને જિન વચનને વિષે તત્પર હોય તેને પણ શુદ્ધ અણુવ્રતો મરણના વખતે આરોપણ કરાય છે. ૨૯

अनियाणोदारमणो,
हरिस-वस-विसट्ट-कंचुय-करालो ।
पूएइ गुरुं संघं साहंमियऽमाइ भत्तीए ॥३०॥

અર્થ :- નિયાણા રહિત અને ઉદાર ચિત્તવાલો, હર્ષને લીધે વિસ્તાર પામ્યાં છે રોમ રાય જેનાં એવો તે ગુરુની સંઘની અને સાધર્મિકની નિષ્કપટ ભક્તિ વડે પૂજા કરે. ૩૦

नियदव्वमपुव्व-जिणिंद-भवण-जिणबिंब-वर-पइट्ठासु ।
वियरइ पसत्थ-पुत्थय-सुतित्थ-तित्थयरपूआसु ॥३१॥

અર્થ :- પ્રધાન જિનેંદ્ર પ્રાસાદ, જિન બિંબ, અને ઉત્તમ પ્રતિષ્ઠાને વિષે તથા પ્રશસ્ત પુસ્તક લખાવવામાં, સુતીર્થમાં અને તીર્થંકરની પૂજાને વિષે શ્રાવક પોતાના દ્રવ્યને વાપરે. ૩૧

जइ सोऽवि सव्वविरइ-कयाणुराए विसुद्धमणकाए।
छिन्नसयणाणुराए, विसयविसाए विरत्तो अ ॥३२॥

અર્થ :- જો તે શ્રાવક સર્વ વિરતિ સંયમને વિષે પ્રીતિવાળો, વિશુદ્ધ મન (વચન) અને કાયાવાલો, સ્વજન કુટુંબના અનુરાગ રહિત, વિષય ઉપર ખેદવાળો અને વૈરાગ્યવાલો. ૩૨

संथारयपव्वज्जं, पडिवज्जइ सोऽवि नियमनिरवज्जं ।
सव्वविरइप्पहाणं, सामाइयचरित्तमारुहइ ॥३३॥

અર્થ :- તે શ્રાવક સંથારા રૂપ દીક્ષાને અંગીકાર કરે અને નિયમ વડે દોષ રહિત સર્વ વિરતિ રૂપ પાંચ મહાવ્રતે પ્રધાન સામાયિક ચારિત્ર અંગીકાર કરે. ૩૩

अह सो सामाइयधरो,
पडिवन्नमहव्वओ अ जो साहू ।
देसविरओ अ चरिमं, पच्चक्खामित्ति निच्छइए ॥३४॥

અર્થ :- હવે તે સામાયિક ચારિત્ર ધારણ કરનારો અને મહાવ્રતને અંગીકાર કરનારો જે સાધુ તથા છેલ્લું પચ્ચખ્ખાણ કરૂં એવા નિશ્ચયવાળો દેશ વિરતિ શ્રાવક. ૩૪

गुरु-गुण-गुरुणो,

गुरुणो पयपंकय-नमिय-मत्थए भणइ ।

भयवं भत्तपरिन्नं, तुम्हाणुमयं पवज्जामि ॥३५॥

અર્થ :– મોટા ગુણો વડે મહાન ગુરૂના ચરણકમલમાં મસ્તક વડે નમસ્કાર કરીને કહે છે કે હે ભગવન્! તમારી અનુમતિથી ભક્ત પરિજ્ઞા અણુશણ હું અંગીકાર કરૂં છું. ૩૫

आराहणाइ खेमं,

तस्सेव य अप्पणो अ गणिवसहो ।

दिव्वेण निमित्तेणं, पडिलेहइ इहरहा दोसा ॥३६॥

અર્થ :– આરાધના વડે તેને (અણસણ લેનારને) અને પોતાને કલ્યાણ થાય, તેમ દિવ્ય નિમિત્ત વડે જાણીને, આચાર્ય અણસણ લેવરાવે; નહિ તો (નિમિત્ત જોયા વિના લેવાય તો) દોષ લાગે ૩૬

तत्तो भवचरिमं सो, पच्चक्खाइत्ति तिविहमाहारं ।

उक्कोसियाणि दव्वाणि, तस्स सव्वाणि दंसिज्जा ॥३७॥

અર્થ :– ત્યાર પછી તે ગુરુ ઉત્કૃષ્ટાં સર્વ દ્રવ્યો પોતાના શિષ્યને દેખાડીને ત્રણ પ્રકારના આહારનાં જાવજીવ સુધી પચ્ચક્ખાણ કરાવે. ૩૭

पासित्तु ताणि कोई, तीरं पत्तस्सिमेहिं किं मज्झ ।

देसं च कोइ भुच्चा, संवेगगओ विचिंतेइ ॥३८॥

અર્થ :— તે (ઉત્કૃષ્ટાં દ્રવ્યોને) જોઈને ભવ સમુદ્રના કાંઠે પહોંચેલા મારે આના વડે શું કામ છે એમ કોઈ જીવ ચિંતવે; કોઈ જીવ દ્રવ્યની ઇચ્છા હોય તે ભોગવીને સંવેગ પામ્યો છતો એ પ્રમાણે ચિંતવે. ૩૮

कि चत्तं नोवमुत्तं मे, परिणामासुई सुई ।
दिट्ठसारो सुहं झायइ, चोअणे से विसीयए ॥३९॥

અર્થ :— શું મેં ભોગવીને છાંડ્યું નથી, જે પવિત્ર પદાર્થ હોય તે પરિણામે અશુચિ છે એમ જ્ઞાનમાં તત્પર થકો શુભ ધ્યાન કરે; જે વિષાદ પામે તેને આવી ચોયણા (પ્રેરણા) આપવી. ૩૯

उअरमलसोहणट्ठा, समाहिपा मणुन्नमसोणंऽवि ।
महुरं पज्जेयव्वो, मंदं च विरेयणं खमए ॥४०॥

અર્થ :— ઉદરમલની શુદ્ધિને અર્થે સમાધિપાન (સાકર વિગેરેનું પાણી) એને સારૂં હોય, તો તે મધુર પાણી પણ તેને પાવું અને થોડે થોડે વિરેચન કરાવવું. ૪૦

एल-तय-नागकेसर-तमालपत्तंससक्करं दुद्धं ।
पाऊण कढिय-सीयल-समाहिपाणं तओ पच्छा ॥४१॥

અર્થ :— એલચી, તજ, નાગકેસર અને તમાલપત્રે સાકરવાળું દુધ કઢીને ટાઢું કરી પાઈએ તે સમાધિ પાણી કહીએ. (એ પીવાથી તાપ ઉપશમે) ત્યાર પછી :— ૧૪

महुरविरेयणमेसो, कायव्वो फोफलाइदव्वेहिं ।
निव्वाविओ अ अग्गी, समाहिमेसो सुहं लहइ ॥४२॥

અર્થ :- ફોફલાદિક દ્રવ્યે કરીને મધુર ઔષધનું વિરેચન કરાવવું જોઈએ. કેમકે એ રીતે ઉદરનો અગ્નિ હોલવે થકે આ (અણશણનો કરનારો) સુખે સમાધિ પામે. ૪૨

जावज्जीवं तिविहं, आहारं वोसिरइ इहं खवगो ।
निज्जवगो आयरिओ, संघस्स निवेयणं कुणइ ॥४३॥

અર્થ :- અણશણ કરનાર તપસ્વી જાવજ્જીવ સુધી ત્રણ પ્રકારના આહાર (અશન, ખાદિમ, અને સ્વાદિમ)ને અહીંઆં વોસિરાવે છે, એમ નિર્યામણા કરાવનાર આચાર્ય સંઘને નિવેદન કરે. ૪૩.

आराहणपच्चइयं, खमगस्स य निरुवसग्गपच्चइयं ।
तो उस्सग्गो संघेण, होइ सव्वेण कायव्वो ॥४४॥

અર્થ :- તે (તપસ્વી)ને આરાધના સંબંધિ સર્વ વાત નિરૂપસર્ગપણે પ્રવર્તે તે માટે સર્વ સંઘે કાઉસ્સગ્ગ કરવો. ૪૪

पच्चक्खाविंति तओ, तं ते खवगं चउव्विहाहारं ।
संघसमुदायमज्झे, चिइवंदणपुव्वयं विहिणा ॥४५॥

અર્થ :- ત્યાર પછી તે આચાર્ય સંઘના સમુદાયમાં

ચૈત્યવંદન પૂર્વક વિધિ વડે તે ક્ષપક (તપસ્વી)ને ચતુર્વિધ આહારનું પચ્ચખ્ખાણ કરાવે. ૪૫

अहवा समाहिहेऊं, सागारं चयइ तिविहमाहारं ।
तो पाणियंपि पच्छा, वोसिरियव्वं जहाकालं ॥४६॥

અર્થ:– અથવા સમાધિને અર્થે ત્રણ પ્રકારના આહારને સાગારપણે પચ્ચક્ખે. ત્યાર પછી પાણીને પણ અવસરે વોસિરાવે. ૪૬

तो सो नमंतसिरसं,–घडंतकरकमलसेहरो विहिणा ।
खामेइ सव्वसंघं, संवेगं संजणेमाणो ॥४७॥

અર્થ:– ત્યાર પછી મસ્તક નમાવીને પોતાના બે હાથને મસ્તકે મુકુટ સમાન કરીને તે (અણશણ કરનાર) વિધિ વડે સંવેગ પમાડતો સર્વ સંઘને ખમાવે. ૪૭

आयरियउवज्झाए, सीसे साहम्मिए कुलगणे य ।
जे मे केइ कसाया, सव्वे तिविहेण खामेमि ॥४८॥

અર્થ:– આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, કુલ અને ગણના ઉપર મેં જે કોઇ કષાય કર્યા હોય, તે સર્વે હું ત્રિવિધે (મન, વચન અને કાયા વડે) ખમાવું છું. ૪૮

सव्वे अवराहपए, खामेमि अहं खमेउ मे भयवं ।
अहमवि खमामि सुद्धो, गुणसंघायस्स संघस्स ॥४९॥

અર્થ :- હે ભગવન્! મારા સર્વે અપરાધના પદ (વાંક), હું ખમાવું છું માટે મને ખમો અને હું પણ ગુણના સમૂહ વાલા સંઘને શુદ્ધ થઈને ખમાવું છું. ૪૯

इय वंदण-खामण-गरिहणेहिं, भवसयसमज्जियं कम्मं ।
उवणेइ खणेण खयं, मिगावई-राइपत्तिव्व ॥५०॥

અર્થ :- આ રીતે વંદન, ખામણાં અને સ્વનિંદાઓ વડે સો ભવનું ઉપાર્જેલું કર્મ એક ક્ષણ માત્રમાં મૃગાવતી રાણીની પેઠે ક્ષય કરે છે. ૫૦

अह तस्स महव्वय-सुट्ठियस्स-
जिण-वयण-भाविय-मइस्स ।
पच्चक्खायाहारस्स, तिव्य-संवेग-सुहयस्स ॥५१॥

અર્થ :- હવે મહાવ્રતને વિષે નિશ્ચલ રહેલા, જિન વચન વડે ભાવિત મનવાળા, આહારનાં પચ્ચખ્ખાણ કરનાર અને તીવ્ર સંવેગ વડે મનોહર તે (અણુસણ કરનાર)ને. ૫૧

आराहणलाभाउ, कयत्थमप्पाणयं मुणंतस्स ।
कलुस-कल-तरण-लट्ठिं,
अणुसट्ठिं देइ गणिवसभो ॥५२॥

અર્થ :- અણુશણની આરાધનાના લાભથી પોતાને કૃતાર્થ માનનારા તેને આચાર્ય મહારાજ પાપરૂપી કાદવને ઓલંગવાને લાકડી સમાન શીખામણ આપે છે. ૫૨

कुग्गह परूढ-मूलं, मूला उच्छिद वच्छ मिच्छत्तं ।
भावेसु परमतत्तं, संमत्तं सुत्तनीईए ॥५३॥

અર્થ '- વધ્યું છે કુગ્રહ (કદાગ્રહ) રૂપી મૂલ જેનું એવા મિથ્યાત્વને મૂલ થકી ઉખેડી નાંખીને હે વત્સ! પરમ તત્ત્વ એવા સમ્યકત્વને સૂત્રની નીતિએ વિચાર. ૫૩

भत्तिं च कुणसु तिव्वं, गुणाणुराएण वीयरायाणं ।
तह पंचनमुक्कारे, पवयणसारे रई कुणसु ॥५४॥

અર્થ '- વળી ગુણના અનુરાગ વડે વીતરાગ ભગવાનની તીવ્ર ભક્તિ કર. તથા પ્રવચનના સાર એવા પાંચ નમસ્કારને વિષે અનુરાગ કર. ૫૪

सुविहिय-हिय-निज्झाए,
सज्झाए उज्जुओ सया होसु ।
निच्चं पंचमहव्वय-रक्खं कुण आयपच्चक्खं ॥५५॥

અર્થ '- સુવિહિત સાધુને હિતના કરનાર સ્વાધ્યાયને વિષે હંમેશાં ઉદ્યમવંત થા, અને નિત્ય પાંચ મહાવ્રતની રક્ષા આત્માની સાક્ષીએ કર. ૫૫

उज्झसु नियाणसल्लं, मोहमहल्लं सुकम्मनिस्सल्लं ।
दमसु अ मुणिंदसंदोहे निंदिए इंदिय-महंदे ॥५६॥

અર્થ '- મોહ વડે કરીને મોટા અને શુભ કર્મને વિષે

શલ્ય સમાન નિયાણુ શલ્યને તું ત્યાગ કર, અને મુનીંદ્રોના સમૂહમાં નિંદાએલ ઈંદ્રિય મૃગેંદ્રોને તું દમ, ૫૬

निव्वाणसुहावाए, विइन्न-निरयाइ-दारुणावाए ।
हणसु कसायपिसाए, विसयतिसाए सइसहाए ।।५७।।

અર્થ :- નિર્વાણ સુખમાં અંતરાય ભૂત, નરકાદિકને વિષે ભયંકર પાત કરાવનાર અને વિષય તૃષ્ણામાં સદા સહાય કરનાર કષાયો રૂપી પિશાચોને તું હણ. ૫૭

काले अपहुप्पंते, सामन्ने सावसेसिए इण्हि ।
मोह-महारिउ-दारणअसिलट्ठि सुणसु अणुसट्ठि।।५८।।

અર્થ :- કાલ નહિ પહોંચતે અને હમણાં થોડું ચારિત્ર બાકી રહે છતે, મોહ રૂપી વૈરીને વિદારવાને માટે ખડ્ગ અને લાઠી (ડાંગ) સમાન હિત શિક્ષાને તું સાભલ. ૫૮

संसारमूलबीयं, मिच्छत्तं सव्वहा विवज्जेह ।
संमत्ते दढचित्तो होसु नमुक्कारकुसलो अ ।।५९।।

અર્થ :- સંસારના મૂલ બીજ ભૂત મિથ્યાત્વનો સર્વ પ્રકારે ત્યાગ કર. અને સમ્યક્ત્વને વિષે દઢ ચિત્તવાલો થઈ, નમસ્કારના ધ્યાનને વિષે કુશલ થા. ૫૯

मिगतिण्हियाहिं तोयं,
मन्नंति नरा जहा सतण्हाए ।
सुक्खाइं कुहम्माओ, तहेव मिच्छत्तमूढमणो।। ६०।।

અર્થ :- જેમ માણસો પોતાની તૃષ્ણા વડે મૃગતૃષ્ણાને વિષે (ઝાંઝવાના જલમાં) પાણી માને છે, તેમ મિથ્યાત્વથી મૂઢ મનવાલો કુધર્મ થકી સુખની ઇચ્છા કરે છે. ૬૦

न वि तं करेइ अग्गी,
नेय विसं नेय किण्हसप्पोवि अ ।
जं कुणइ महादोसं, तिव्वं जीवाण मिच्छत्तं ॥६१॥

અર્થ :- તીવ્ર મિથ્યાત્વ જીવને જેમ મહા દોષ કરે છે, તે દોષ અગ્નિ, વિષ કે કૃષ્ણ સર્પ પણ કરતા નથી. ૬૧

पावेइ इहेव वसण, तुरुमिणिदत्तुव्व दारुणं पुरिसो ।
मिच्छत्तमोहिअमणो, साहुपउसाउ पावाए ॥६२॥

અર્થ :- મિથ્યાત્વથી મૂઢ ચિત્તવાળો માણસ સાધુ ઉપર દ્વેષ રાખવા રૂપી પાપથી તુરૂમિણિ નગરીના દત્તરાજાની પેઠે તીવ્ર દુઃખ આ લોકમાંજ પામે છે. ૬૨

मा कासि तं पमायं, संमत्ते सव्वदुक्खनासणए ।
जं सम्मत्तपइट्ठाइं, नाण-तव-विरिय-चरणाइं ॥६३॥

અર્થ :- સર્વ દુઃખને નાશ કરનાર સમ્યકત્વને વિષે તું પ્રમાદ ન કરીશ, કારણ કે સમ્યકત્વને આધારે જ્ઞાન, તપ, વીર્ય અને ચારિત્ર રહેલાં છે. ૬૩

भावाणुराय पेमाणु,-राय-सुगुणाणुराय-रत्तो अ ।
धम्माणुरायरत्तो अ, होसु जिणसासणे निच्चं ॥६४॥

અર્થ :– જેવો તું પદાર્થના ઉપર અનુરાગ કરે છે, પ્રેમનો અનુરાગ કરે છે અને સદ્દગુણના અનુરાગને વિષે રક્ત થાય છે તેવોજ જિન શાસનને વિષે હંમેશાં ધર્મના અનુરાગ વડે રક્ત થા. ૬૪

दंसणभट्ठो भट्ठो, न हु भट्ठो होइ चरणपब्भट्ठो ।
दंसणमणुपत्तस्स उ, परियडणं नत्थि संसारे ॥६५॥

અર્થ :– સમ્યક્ત્વથી ભ્રષ્ટ તે સર્વથી ભ્રષ્ટ જાણવો, પણ ચારિત્રથી ભ્રષ્ટ થયેલો બધાથી ભ્રષ્ટ થતો નથી, કેમકે સમ્યકત્વ પામેલા જીવને સંસારને વિષે ઝાઝું પરિભ્રમણ નથી. ૬૫

दंसणभट्ठो, दंसण भट्ठस्स नत्थि निव्बाणं ।
सिज्झंति चरणरहिया,
दंसणरहिया न सिज्झंति ॥६६॥

અર્થ :–દર્શન થકી ભ્રષ્ટ તે ભ્રષ્ટ જાણવો, કારણ કે સમ્યક્ત્વથી પડેલાને મોક્ષ નથી. ચારિત્રથી રહિત જીવ મુક્તિ પામે છે, પણ સમકિતથી રહિત જીવ મોક્ષ પામતા નથી. ૬૬

सुद्धे सम्मत्ते अविरओऽवि, अज्जेइ तित्थयरनामं ।
जह आगमेसिभद्दा,
हरिकुल–पहु–सेणियाईया ॥६७॥

અર્થ :– શુદ્ધ સમકિત છતે અવિરતિ જીવ પણ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે છે, જેમ આગામી કાલમાં કલ્યાણ

થવાનું છે જેમનું એવા હરિવંશના પ્રભુ એટલે કૃષ્ણ મહારાજ અને શ્રેણિક વિગેરે રાજાઓએ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું તેમ. ૬૭

कल्लाणपरंपरयं, लहंति जीवा विसुद्धसम्मत्ता ।
सम्म-दंसण-रयण, नग्घइ ससुरासुरे लोए ॥६८॥

અર્થ :- નિર્મલ સમ્યકત્વવાલા જીવો કલ્યાણની પરંપરાને પામે છે. (કેમકે) સમ્યગ દર્શન રૂપી રત્ન સુર અને અસુર લોકને વિષે અમૂલ્ય છે. ૬૮

तेलुकस्स पहुत्तं, लद्धूणवि परिवडंति कालेणं ।
सम्मत्त पुण लद्धे, अक्खयसुक्खं लहइ मुक्खं ॥६९॥

અર્થ :- ત્રણ લોકની પ્રભુતા પામીને પણ કાલે કરીને તે પડે છે. પણ સમ્યકત્વ પામે છતે જીવ અક્ષય સુખવાલું મોક્ષ પામે છે. ૬૯

अरिहंत-सिद्ध-चेइय,-
पवयण-आयरिय-सव्वसाहूसु ।
तिव्वं करेसु भत्तिं, तिगरणसुद्धेण भावेणं ॥७०॥

અર્થ :- ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ ચૈત્ય, (જિન પ્રતિમા) ૪ પ્રવચન-સિદ્ધાંત, ૫ આચાર્ય, ૬ અને સર્વ સાધુઓને વિષે મન, વચન અને કાયા એ ત્રણ કરણ વડે શુદ્ધ ભાવથી તીવ્ર ભક્તિ કર. ૭૦

एगावि सा समत्था, जिणभत्ती दुग्गइं निवारेउं।
दुलहाइं लहावेउं, आसिद्धि परंपरसुहाइं ॥७१॥

અર્થ :- એકલી જિન ભક્તિ પણ દુર્ગતિને નિવારવાને સમર્થ થાય છે. અને સિદ્ધિ પામે ત્યાં સુધી દુર્લભ પરંપર સુખોને મેલવી આપવા સમર્થ છે. ૭૧

विज्जावि भत्तिमंतस्स, सिद्धिमुवयाइ होइ फलया य।
किं पुण निव्वुइविज्जा,
सिज्झिहिइ अभत्तिमंतस्स ? ॥७२॥

અર્થ :- વિદ્યા પણ ભક્તિવંતને સિદ્ધ થાય છે અને ફલને આપનારી થાય છે, તો વલી શું મોક્ષની વિદ્યા અભક્તિ-વંતને સિદ્ધ થાય ? ૭૨

तेसिं आराहणनायगाण, न करिज्ज जो नरो भत्तिं।
धणियंपि उज्जमंतो, सालिं सो ऊसरे ववइ ॥७३॥

અર્થ :- તે આરાધનાઓના નાયક વીતરાગ ભગવાનની જે માણસ ભક્તિ ન કરે તે માણસ ઘણો પણ ઉદ્યમ કરતો ડાંગરને ઊખર ભૂમિમાં વાવે છે. ૭૩

बीएण विणा सस्सं, इच्छइ सो वासमब्भएण विणा।
आराहणमिच्छंतो, आराहयभत्तिमकरंतो ॥७४॥

અર્થ :- આરાધકની ભક્તિ નહિ કરતો છતાં પણ

આરાધનાને ઇચ્છતો માણસ બી વિના ધાન્યની અને વાદળા વિના વરસાદની ઇચ્છા કરે છે. ૭૪

उत्तम-कुल-संपत्तिं, सुहनिप्फत्तिं च कुणइ जिणभत्ती।
मणियार-सिट्ठि-जीवस्स, दद्दुरस्सेव रायगिहे ॥७५॥

અર્થ :- રાજગૃહ નગરને વિષે મણિયાર શેઠનો જીવ જે દેડકો થયો હતો તેની જેમ **શ્રી** જિનેશ્વર મહારાજની ભક્તિ ઉત્તમ કુલમાં ઉત્પત્તિ અને સુખની નિષ્પત્તિ કરે છે. ૭૫

आराहणा-पुरस्सर—मणन्न-हियओ विसुद्धलेसाओ।
संसार-क्खय-करणं, तं मा मुंची नमुक्कारं ॥७६॥

અર્થ :- આરાધનાપૂર્વક, બીજે ઠેકાણે ચિત્ત રોકાયા વિના, વિશુદ્ધ લેશ્યાથી સંસારના ક્ષયને કરનાર નવકારને તું મૂક નહિ. ૭૬

अरिहंतनमुक्कारो, इक्कोवि हविज्ज जो मरणकाले।
सो जिणवरेहिं दिट्ठो, संसारुच्छेयणसमत्थो ।७७॥

અર્થ :- મરણની વખતે જો અરિહંતને એક પણ નમસ્કાર થાય તો તે સંસારનો નાશ કરવાને સમર્થ છે એમ જિનેશ્વર ભગવાને કહેલું છે. ૭૭

मिंठो किलिट्ठकम्मो,
नमो जिणाणंति सुकयपणिहाणो।

कमलदलक्खो जक्खो,

जाओ चोरुत्ति सुलिहओ ॥७८॥

અર્થ :- મોઠાં કર્મનો કરનારો મહાવત, જેને ચોર કહીને શૂલીએ ચડાવેલો, તે પણ 'નમો જિણાણું' એમ કહેતો શુભ ધ્યાને વર્તતો કમલપત્રના જેવી આંખવાલો યક્ષ થયો. ૭૮

भाव-नमुक्कार-विवज्जियाइं, जीवेण अकयकरणाइं।
गहियाणि य मुक्काणि य, अणंतसो दव्वलिंगाइं ॥७९॥

અર્થ :- ભાવ નમસ્કાર રહિત, નિરર્થક દ્રવ્ય લિંગો અનંતી વાર ગ્રહણ કર્યાં અને મૂક્યાં છે. ૭૯

आराहणापडागा-गहणे हत्थो भवे नमुक्कारो।
तह सुगइ-मग्ग-गमणे,

रहुव्व जीवस्स अपडिहओ ॥८०॥

અર્થ :- આરાધના રુપ પતાકા લેવાને નમસ્કાર હાથ રુપ થાય છે, તેમજ સદગતિના માર્ગે જવામાં તે જીવને અપ્રતિહત રથ સમાન છે. ૮૦

अन्नाणिऽवि य गोवो, आराहित्ता मओ नमुक्कारं।
चंपाए सिट्ठिसुओ, सुदंसणो विस्सुओ जाओ ॥८१॥

અર્થ :- અજ્ઞાની ગોવાલ પણ નવકાર આરાધીને મરણ પામ્યો તે ચંપાનગરીને વિષે શ્રેષ્ઠી પુત્ર સુદર્શન નામે પ્રખ્યાત થયો. ૮૧

विज्जा जहा पिसायं, सुट्ठुवउत्ता करेइ पुरिसवसं ।
नाणं हिययपिसायं, सुट्ठुवउत्तं तह करेइ ॥८२॥

અર્થ :– જેમ સારી રીતે આરાધેલી વિદ્યા પિચાશને પુરૂષના વશ કરે છે, તેમ સારી રીતે આરાધેલું જ્ઞાન માન રૂપી પશાચને વશ કરે છે. ૮૨

उवसमइ किण्हसप्पो, जह मंतण विहिणा पउत्तेणं ।
तह हियय-किण्ह-सप्पो, सुट्ठुवउत्तेण नाणेणं ॥८३॥

અર્થ :– જેમ વિધિએ આરાધેલા મંત્રવડે કૃષ્ણ સર્પ ઉપશમે છે, તેમ સારી રીતે આરાધેલા જ્ઞાન વડે મન રૂપી કૃષ્ણ સર્પ વશ થાય છે. ૮૩

जह मक्कडओ खणमवि,
मज्झत्थो अच्छिउ न सक्केइ ।
तह खणमवि मज्झत्थो,
विसएहिं विणा न होइ मणो ॥८४॥

અર્થ :– જેમ માંકડો ક્ષણ માત્ર પણ નિશ્ચલ રહી શકતો નથી, તેમ વિષયોના આનંદ વિના મન ક્ષણ માત્ર પણ મધ્યસ્થ (નિશ્ચલ) રહી શકતું નથી. ૮૪

तम्हा स उट्ठिउमणो, मणमक्कडओ जिणोवएसेणं ।
काउ सुत्तनिबद्धो, रामेयव्वो सुहज्झाणे ॥८५॥

અર્થ :- તે માટે તે ઉઠતા મનરૂપી માંકડાને જિનના ઉપદેશ વડે દોરીથી બાંધેલો કરીને શુભ ધ્યાનને વિષે રમાડવો. ૮૫

सूई जहा ससुत्ता, न नस्सइ कयवरंमि पडियावि ।
जीवोऽवि तह ससुत्तो, न नस्सइ गओवि संसारे ॥८६॥

અર્થ :- જેમ દોરા સહિત સોય કચરામાં પડી હોય તો પણ ખોવાતી નથી, તેમ (શુભ ધ્યાન રૂપી) દોરા સહિત જીવ પણ સંસારને વિષે પડ્યો હોય તો પણ નાશ પામતો નથી. ૮૬

खंडसिलोगेहिं जवो,
जइ ता मरणाउ रक्खिओ राया ।
पत्तो अ सुसामन्नं,
किं पुण जिणउत्त-सुत्तेणं ॥८७॥

અર્થ :- જો લૌકિક શ્લોકો વડે યવ રાજર્ષિએ રાજાને મરણ થકી બચાવ્યો અને તે (રાજા) રૂડું સાધુપણું પામ્યો, તો જિનેશ્વર ભગવાને કહેલા સૂત્ર વડે જીવ મરણના દુઃખથી છૂટે એમાં શું કહેવું ? ૮૭

अहवा चिलाइपुत्तो, पत्तो नाणं तहा सुरत्तं च ।
उवसम-विवेग-संवर,-
पय-सुमरण-मित्त-सुयनाणो ॥८८॥

અર્થ :- અથવા ઉપશમ, વિવેક, સંવર એ પદના

સાંભળવા માત્ર (તેટલા જ) શ્રુત જ્ઞાનવાળો ચિલાતી પુત્ર જ્ઞાન તેમજ દેવપણું પામ્યો. ૮૮

परिहर छज्जीववहं, सम्मं मण-वयण-काय-जोगेहिं ।
जीवविसेसं नाउं, जावज्जीवं पयत्तेणं ॥८९॥

અર્થ :- જીવના ભેદને જાણીને જાવજ્જીવ પ્રયત્ન વડે સમ્યક્ મન, વચન, કાયાના યોગવડે છ કાયના જીવના વધનો ત્યાગ કર. ૮૯

जह ते न पियं दुक्खं,
जाणिअ एमेव सव्वजीवाणं ।
सव्वायरमुवउत्तो, अत्तोवम्मेण कुणसु दयं ॥९०॥

અર્થ :- જેમ તને દુઃખ વહાલું લાગતું નથી, એમ સર્વ જીવને પણ દુઃખ ગમતું નથી એવું જાણીને, સર્વ આદર વડે ઉપયુક્ત (સાવધાન) છતો આત્માની ઉપમા વડે દયાને કર. ૯૦

तुंगं न मंदराओ, आगासाओ विसालयं नत्थि ।
जह तह जयंमि जाणसु,
धम्ममहिंसासमं नत्थि ॥९१॥

અર્થ :- જેમ જગતને વિષે મેરૂ પર્વત કરતાં કોઈ ઊંચું નથી અને આકાશ કરતાં કોઈ મોટું નથી, તેમ અહિંસા સમાન ધર્મ નથી એમ તું જાણ. ૯૧

सव्वेवि य संबंधा, पत्ता जीवेण सव्वजीवेहिं ।
ता मारंतो जीवे, मारइ संबंधिणो सव्वे ॥९२॥

અર્થ :- આ જીવ સર્વ જીવો સાથે સર્વ પણ (સઘલાએ) સંબંધો પામ્યો છે. તેથી જીવોને મારતો સર્વ સંબંધિઓને મારે છે. ૯૨

जीववहो अप्पवहो, जीवदया अप्पणो दया होइ ।
ता सव्वजीवहिंसा, परिचत्ता अत्तकामेहिं ॥९३॥

અર્થ :- જીવનો વધ તે આપણો જ વધ જાણવો અને જીવની દયા તે આપણી જ દયા છે, તેથી આત્માના સુખને ઇચ્છતા જીવોએ સર્વ જીવ હિંસા ત્યાગ કરી છે. ૯૩

जावइयाइं दुक्खाइं, हुंति चउगइगयस्स जीवस्स ।
सव्वाइं ताइं हिंसा फलाइं निउणं वियाणाहि ॥९४॥

અર્થ :- ચાર ગતિમાં રખડતા જીવને જેટલાં દુઃખ થાય છે તે સર્વે હિંસાનાં ફલ છે એમ સૂક્ષ્મ બુદ્ધિથી જાણ. ૯૪

जंकिंचि सुहमुयारं, पहुत्तणं पगइसुंदरं जं च ।
आरुग्गं सोहग्गं, तं तमहिंसाफलं सव्वं ॥९५॥

અર્થ :- જે કંઈ મોટું સુખ, પ્રભુપણું, જે કંઈ સ્વભાવિક રીતે સુંદર છે તે નિરોગપણું, સૌભાગ્યપણું, તે તે સર્વે અહિંસાનું ફલ સમજવું. ૯૫

पाणोवि पाडिहेरं, पत्तो छूढोवि सुंसुमारदहे।
एगेणवि एग-दिण-ज्जिएणऽहिंसावयगुणेणं ॥९६॥

અર્થ :- સુંસુમાર દ્રહને વિષે ફેંકાએલો છતાં ચંડાલ પણ એક દિવસમાં એક જીવ બચાવવાથી ઉત્પન્ન થએલા અહિંસા વ્રતના ગુણ વડે દેવતાનું સાન્નિધ્ય પામ્યો. ૯૬

परिहर असच्चवयणं, सव्वंपि चउव्विहं पयत्तेण।
संजमवंतावि जओ, भासादोसेण लिप्पंति ॥९७॥

અર્થ :- સર્વે પણ ચાર પ્રકારનાં અસત્ય વચનને પ્રયત્ન વડે ત્યાગ કર, જે માટે સંયમવંત પુરુષો પણ ભાષાના દોષ વડે (અસત્ય ભાષણ વડે કર્મથી) લેપાય છે. ચાર પ્રકારનાં અસત્ય આ પ્રમાણે ;- ૧ અછતાનું પ્રગટ કરવું, જેમ આત્મા સર્વગત છે, ૨ બીજો અર્થ કહેવો, જેમ ગો શબ્દે શ્વાન. ૩ છતાને ઓલવવું, જેમ આત્મા નથી. ૪ નિંદાનું કરવું, જેમ ચોર ન હોય તેને ચોર કહેવો. ૯૭

हासेण व कोहेण व, लोहेण भएण वावि तमसच्चं।
मा भणसु भणसु सच्चं, जीवहियत्थं पसत्थमिणं ॥९८॥

અર્થ :- વલી હાસ્ય વડે, ક્રોધ વડે, લોભ વડે, અને ભય વડે તે અસત્ય ના બોલ, પણ જીવને હિતકારી અને સુંદર સત્ય વચન બોલ. ૯૮

विस्ससणिज्जो माया व, होइ पुज्जो गुरुव्व लोअस्स।
सयणुव्व सच्चवाई, पुरिसो सव्वस्स होई पिओ ॥९९॥

અર્થ :- સત્યવાદી પુરુષ માતાની પેઠે વિશ્વાસ રાખવા લાયક, ગુરુની પેઠે લોકને પૂજવા યોગ્ય અને સગાંની પેઠે સર્વને વહાલો લાગે છે. ૯૯

होउ व जडी सिहंडी, मुंडी वा वक्कली व नग्गो वा।
लोए असच्चवाई, भन्नइ पासंडचंडालो ॥१००॥

અર્થ :- જટાવંત હોય અથવા શિખાવંત હોય, મુંડ હોય, વલ્કલ (ઝાડની છાલનાં વસ્ત્ર) પહેરનાર હોય, અથવા નગ્ન હોય તો પણ અસત્યવાદી લોકને વિષે પાખંડી અને ચંડાલ કહેવાય છે. ૧૦૦

अलियं सइंपि भणियं, विहणइ बहुआइं सच्चवयणाइं।
पडिओ नरयंमि वसू, इक्केण असच्चवयणेण ॥१०१॥

અર્થ :- એક વાર પણ બોલેલું જૂઠું ઘણાં સત્ય વચનોનો નાશ કરે છે, કેમકે એક અસત્ય વચન વડે વસુ રાજા નરકને વિષે પડયો. ૧૦૧

मा कुणसु धीर बुद्धिं, अप्पं व बहुं व परधणं घित्तुं।
दंतंतरसोहणयं, किलिंचमित्तंपि अविदिन्नं ॥१०२॥

અર્થ :- હે ધીર ! થોડું વધારે કે પારકું ધન (જેવું કે)

દાંત ખોતરવાને માટે એક સળી માત્ર પણ અદત્ત (આપ્યા વિના) લેવાનો વિચાર ન કર. ૧૦૨

जो पुण अत्थं अवहरइ, तस्स सो जीवियंपि अवहरइ।
जं सो अत्थकएणं, उज्झइ जीयं न उण अत्थं ॥१०३॥

અર્થ :- વલી જે પુરુષ (પારકું) દ્રવ્ય હરણ કરે છે તે તેનું જીવિત પણ હરણ કરે છે. કારણ કે તે પુરુષ પૈસાને માટે જીવનો ત્યાગ કરે છે, પણ પૈસાને મેલતો નથી. ૧૦૩

तो जीवदया परमं, धम्मं गहिऊण गिन्ह मादिन्नं।
जिण-गणहर-पडिसिद्धं,
लोगविरुद्धं अहम्मं च ॥१०४॥

અર્થ :- તેથી જીવદયારૂપ પરમ ધર્મને ગ્રહણ કરીને અદત્ત ન લે, કેમકે જિનેશ્વર ભગવાને અને ગણધર ભગવાને તે નિષેધ્યું છે, તેમજ લોકવિરુદ્ધ છે અને અધર્મ છે. ૧૦૪

चोरो परलोगंमि वि नारयतिरिएसु लहइ दुक्खाइं।
मणुयत्तणेवि दीणो, दारिद्दोवद्दओ होइ ॥१०५॥

અર્થ :- ચોર પરલોકમાં પણ નર્ક તિર્યંચને વિષે ઘણાં દુઃખો પામે છે; મનુષ્યપણામાં પણ દીન અને દરિદ્રતાથી પીડાએલો થાય છે. ૧૦૫

चोरिक्कनिवित्तिए, सावयपुत्तो जहा सुहं लहइ।
किंढिमारपिच्छचितियं, गुट्ठीचाराण चलणेसु ॥१०६॥

અર્થ :- ચોરીથી નિવર્તેલો શ્રાવકનો પુત્ર જેમ સુખ પામ્યો, કીઢી નામની ડોસીને ઘેર ચોર પેઠા. તે ચોરોના પગોને વિષે ડોશીએ અંગુઠો મોરપિંછ વડે ચિતર્યો તે એંધાની (નિશાની)એ રાજાએ ઓળખીને શ્રાવકના પુત્રને ટાળીને બધા ચોરોને માર્યા. ૧૦૬

रक्खाहि बंभचेरं, बंभगुत्तीहिं नवहिं परिसद्धं।
निच्चं जिणाहि कामं, दोसप्पकामं वियाणित्ता १०७॥

અર્થ :- નવ બ્રહ્મચર્યની ગુપ્તિ વડે શુધ્ધ બ્રહ્મચર્યનું તું રક્ષણ કર, અને કામને ઘણા દોષથી ભરેલો જાણીને હંમેશાં જીત. ૧૦૭

जावइया किर दोसा, इह परलौए दुआवहा हुंति।
आवहइ ते उ सव्वे, महुणसन्ना मणुस्सस्स ॥१०८॥

અર્થ :- ખરેખર જેટલા દોષો આ લોક અને પરલોકને વિષે દુઃખ કરનારા છે, તે બધા દોષોને મનુષ્યની મૈથુન સંજ્ઞા લાવે છે. ૧૦૮

रइ-अरइ-तरल-जीहा-जुएण संकप्प-उब्भड-फणेणं।
विसय-बिल-वासिणा,
मयमुहेण बिब्बोअरोसेण ॥१०९॥

અર્થ :- રતિ અને અરતિરૂપ ચંચલ બે જીભવાલા, સંકલ્પરૂપ પ્રચંડ ફણાવાલા, વિષયરૂપ બિલમાં વસનારા, મદરૂપ મુખવાલા અને ગર્વથી અનાદરરૂપ રોષવાલા. ૧૦૯

कामभुअंगेण दट्ठा, लज्जा–निम्मीय–दप्प–दाढेण ।
भासंति नरा अवसा,
दुस्सह–दुक्खावह–विसेण ॥११०॥

અર્થ :– લજ્જારૂપ કાંચલીવાલા, અહંકારરૂપ દાઢવાલા અને દુઃસહ દુઃખકારક વિષવાલા કામરૂપી સર્પ વડે ડસાએલા માણસો પરવશ થએલા દેખાય છે. ૧૧૦

लल्लक्क-नरय-वियणाओ, घोर-संसार-सायरुव्वहणं ।
संगच्छइ न पिच्छइ, तुच्छत्तं कामियसुहस्स ॥१११॥

અર્થ :– રૌદ્ર નરકની વેદનાઓ અને ઘોર સંસાર સાગરનું વહન કરવું તેને પામે છે, પરંતુ કામિત સુખનું તુચ્છપણું જોતો નથી. ૧૧૧

वम्मह-सर-सय-विद्धो, गिद्धो वणिउव्व रायपत्तिए ।
पाउक्खालयगेहे, दुग्गंधेऽणेगसो वसिओ ॥११२॥

અર્થ :– જેમ કામના સેંકડો બાણ વડે વિંધાએલો અને ગૃધ્ધ થએલો વાણીઓ રાજાની સ્ત્રીએ પાયખાનાના ખાલની અંદર નાખ્યો ને અનેક દુર્ગંધોને સહન કરતો ત્યાં રહ્યો. ૧૧૨

कामासत्तो न मुणइ, गम्मागम्मंपि वेसियाणुव्व ।
सिट्ठी कुबेरदत्तो, नियय-सुया-सुरय-रइ-रत्तो ॥११३॥

અર્થ :– કામાસક્ત માણસ વૈશ્યાયન તાપસની પેઠે ગમ્ય અને અગમ્યને જાણતો નથી. જેમ કુબેરદત્ત શેઠ તરત

બાળકને જન્મ આપનારી પોતાની માતાના ઉપર સુરત (વિષય) સુખથી રક્ત થએલો રહ્યો. ૧૧૩

पडिपिल्लिय कामकलिं, कामग्घत्थासु मुयसु अणुबंधं।
महिलासु दोसविसव,-ल्लरीसु पयइं नियच्छंतो॥११४॥

અર્થ :- કંદર્પથી વ્યાપ્ત અને દોષરૂપ વિષની વેલડી સરખી સ્ત્રીઓને વિષે પ્રેર્યો છે કામકલહ જેણે એવા પ્રતિબંધને (આસક્તિને સ્વભાવથી જોતા એવા તમે છોડી દો. ૧૧૪

महिला कुलं सुवंसं, पइं सुयं मायरं च पियरं च।
विसअंधा अगणंती, दुक्खसमुद्दंमि पाडेइ॥११५॥

અર્થ :- વિષયમાં અંધ બનેલી સ્ત્રી કુલ, વંશ, પતિ, પુત્ર, માતા તેમજ પિતાને નહિ ગણકારતી દુઃખરૂપી સમુદ્રમાં પડે છે. ૧૧૫

नीयंगमाहिं सुपओ-हराहिं उप्पिच्छमंथरगईहिं।
महिलाहिं निन्नयाहिं व,
गिरिवरगुरुयावि भिज्जंति॥११६॥

અર્થ :- સ્ત્રીઓને નદી સાથે સરખાવતાં જણાવે છે કે- સ્ત્રીઓ નીચગામિની, (નદી પક્ષે ઢળતી જમીનમાં જનારી) સારા સ્તનવાલી, (નદી પક્ષે-સુંદર પાણીને ધારણ કરનારી) દેખવા યોગ્ય સુંદર અને મંદ મંદ ગતિવાલી નદીઓની પેઠે મેરૂ પર્વત જેવા ભારે (પુરુષો)ને પણ ભેદી નાંખે છે. ૧૧૬

सुट्ठुवि जियासु सुट्ठुवि,
पियासु सुट्ठुवि परूढपिम्मासु ।
महिलासु भुअंगीसु अ, वीसंभं नाम को कुणइ॥११७॥

અર્થ :– અતિશય પરિચયવાલી, અતિશય પ્રિય, વળી અતિશય પ્રેમવંત એવી પણ સ્ત્રીઓ રૂપ સાપણોને વિષે ખરેખર કોણ વિશ્વાસ કરે ? ૧૧૭

विसंभनिब्भरं पि हु, उवयारपरं परूढपणयंपि ।
कयविप्पियं पइं (पिअं) झत्ति,
निंति निहणं हयासाओ ॥११८॥

અર્થ :– હણાએલી આશાવાળી તે (સ્ત્રીઓ) અતિ વિશ્વાસવંત, ઉપકારને વિષે તત્પર, ને ગાઢ પ્રેમવાળા પણ એક વાર અપ્રિય કરનાર પતિને જલદી મરણ પમાડે છે. ૧૧૮

रमणीयदंसणाओ, सोमालंगीओ गुणनिबद्धाओ ।
नवमालइमालाओ व,
हरंति हिययं महिलियाओ ॥११९॥

અર્થ :– સુંદર દેખાવવાળી, સુકુમાર અંગવાળી અને ગુણથી (દોરીથી) બંધાએલી નવી જાઇની માળા સરખી સ્ત્રીઓ પુરુષના હૃદયને હરણ કરે છે. ૧૧૯

किं तु महिलाण तासिं, दंसण-सुंदर-जणिय-मोहाणं।
आलिंगणमइरा देइ, वज्झमालाण व विणासं ॥१२०॥

અર્થ :- પરંતુ દર્શનની સુંદરતાથી મોહ ઉત્પન્ન કરનાર તે સ્ત્રીઓની આલિંગનરૂપ મદિરા, કણેરની વધ્ય (વધ્ય પુરુષને ગળે પહેરાવવામાં આવતી) માલાની પેઠે પુરુષોને વિનાશ આપે છે. ૧૨૦

रमणीय दंसणं चेव, सुंदरं होउ संगमसुहेणं।
गंधुब्भिय सुरहो मालईइ, मलणं पुण विणासो ॥१२१॥

અર્થ :- સ્ત્રીઓનું દર્શન ખરેખર સુંદર છે, માટે સંગમના સુખ વડે સર્યું, માલાનો ગંધ પણ સુગંધિદાર હોય છે, પણ મર્દન વિનાશરૂપ થાય છે. ૧૨૧

साकेयपुराहिवइ, देवरई रज्ज--सुक्ख--पब्भट्ठो।
पंगुलहेउं छूढो, बूढो य नईइ देवीए ॥१२२॥

અર્થ :- સાકેત નગરનો દેવરતિ નામે રાજા રાજ્યના સુખથી ભ્રષ્ટ થયો, કારણ કે રાણીએ પાંગલા ઉપરના રાગને કારણે તેને નદીમાં ફેંક્યો અને તે નદીમાં બૂડ્યો. ૧૨૨

सोयसरी दुरियदरी,
कवडकुडी महिलिया किलेसकरी।
वइर-विरोयण-अरणी,
दुक्खखणी सुक्खपडिवक्खा ॥१२३॥

અર્થ :- સ્ત્રી શોકની નદી, દુરિતની (પાપની) ગુફા, કપટનું ઘર, ક્લેશની કરનારી, વૈરરૂપી અગ્નિને સળગાવવાને અરૂણીના લાકડા સમાન, દુઃખની ખાણ અને સુખની પ્રતિપક્ષી છે. ૧૨૩

अमुणिय-मण-परिकम्मो,
सम्मं को नाम नासिउं तरइ।
वम्मह-सर-पसरोहे, दिट्ठिच्छोहे मयच्छीणं ॥१२४॥

અર્થ :- કામના બાણના વિસ્તારવાળા મૃગાક્ષીઓ (સ્ત્રીઓ)નાં દૃષ્ટિનાં કટાક્ષને વિષેથી મનના નિગ્રહને નહિ જાણનાર કયો પુરૂષ સમ્યક્ નાશી જવાને સમર્થ થાય ? ૧૨૪

घणमालाओ व दुरुन्नमंतसुपओहराउ वड्ढंति।
मोहविसं महिलाओ अलक्कविसं व पुरिसस्स ॥१२५॥

અર્થ :- અતિ ઉંચાં અને ઘણાં વાદલાંવાલી મેઘમાલા જેમ હડકવાના વિષને વધારે તેમ અતિશય ઉંચા પયોધર (સ્તન) વાળી સ્ત્રીઓ પુરૂષના મોહ વિષને વધારે છે. ૧૨૫

परिहरसू तओ तासिं,
दिट्ठिं दिट्ठीविसस्स व अहिस्स।
जं रमणि-नयणबाणा, चरित्तपाणे विणासंति ॥१२६॥

અર્થ :– તેથી દૃષ્ટિવિષ સર્પની દૃષ્ટિની જેવી તે સ્ત્રીઓની દૃષ્ટિનો તમે ત્યાગ કરો; કેમકે સ્ત્રીનાં નેત્ર બાણ ચારિત્રરૂપી પ્રાણોનો નાશ કરે છે. ૧૨૬

महिलासंसग्गीए, अग्गी इव जं च अप्पसारस्स ।
मयणू व मणा मुणिणो,
ऽवि हंत सिग्घं चिय विलाइ ॥१२७॥

અર્થ :– સ્ત્રીની સોબતથી અલ્પ સત્યવાલા મુનિનું પણ મન અગ્નિથી મીણ ઓગળી જાય તેમ ખરેખર જલ્દી ઓગલી જાય છે. ૧૨૭

जइवि परिचत्तसंगो, तवतणुयंगो तहावि परिवडइ ।
महिलासंसग्गीए, कोसाभवणूसियव्व रिसी ॥१२८॥

અર્થ :– જો પણ સર્વ સંગનો ત્યાગ કરનાર અને તપવડે પાતલા અંગવાલા હોય તોપણ કોશાના ઘરમાં વસનાર (સિંહ ગુફાવાસી) મુનીની જેમ સ્ત્રીના સંગથી મુનિઓ ચલાયમાન થાય છે. ૧૨૮

सिंगारतरंगाए, विलासवेलाए जोव्वणजलाए ।
के के जयंमि पुरिसा, नारिनईए न बुडुंति॥१२९॥

અર્થ :– શુંગાર રૂપી કલ્લોલવાળી, વિલાસ રૂપી ભરતીવાળી, અને યૌવન રૂપી પાણી વાળી સ્ત્રી રૂપી નદીમાં જગતને વિષે કયા કયા પુરૂષો નથી ડુબતા ? ૧૨૯

विसय जलं मोहकलं, विलास-बिब्बोय-जलयराइण्णं।
मयमयरं उत्तिन्ना, तारुन्नमहण्णवं धीरा ॥१३०॥

અર્થ :- ધીર પુરૂષો વિષય રૂપ જલવાલા, મોહ રૂપી કાદવવાલા, વિલાસ અને અભિમાન રૂપી જલચરોથી ભરેલા અને મદ રૂપી મગરવાલા, યૌવન રૂપી સમુદ્રને તરી ગયા છે. ૧૩૦

अब्भिंतरबाहिरए, सव्वे संगे तुमं विवज्जेहि।
कय-कारिय-णुमईहिं,
काय-मणो-वाय-जोगेहिं ॥१३१॥

અર્થ :- કરવા કરાવવા અને અનુમોદવા રૂપ ત્રણ કરણવડે અને મન વચન અને કાયાના જોગોવડે અભ્યંતર અને બાહ્ય એવા સર્વે સંગોનો તું ત્યાગ કર. ૧૩૧

संगनिमित्तं मारइ, भणइ अलियं करेइ चोरिक्कं।
सेवइ मेहुण मुच्छं, अप्परिमाणं कुणइ जीवो ॥१३२॥

અર્થ :- સંગના (પરિગ્રહના) હેતુ જીવ હિંસા કરે છે, જૂઠું બોલે છે, ચોરી કરે છે, મૈથુન સેવે છે, અને પરિમાણ રહિત મૂર્છા કરે છે (પરિગ્રહનું પરિમાણ કરતો નથી.) ૧૩૨

संगो महाभयं जं, विहेडिओ सावएण संतेणं।
पुत्तेण हिए अत्थंमि, मुणिवई कुंचिएण जहा ॥१३३॥

અર્થ :- પરિગ્રહ મોટા ભયનું કારણ છે, કારણ કે પુત્રે દ્રવ્ય ચોરે છતે શ્રાવક કુંચિક શેઠે મુનિપતિ મુનિને વહેમથી પીડા કરી. ૧૩૩

सव्वग्गंथविमुक्को, सीईभूओ पसंतचित्तो य ।
जं पावइ मुत्तिसुहं, न चक्कवट्टी वि तं लहइ ॥१३४॥

અર્થ :- સર્વ (બાહ્ય અને અભ્યંતર) પરિગ્રહથી મુક્ત, શીતલ પરિણામવાલો, અને ઉપશાંત ચિત્તવાલો પુરૂષ નિર્લોભપણાનું (સંતોષનું) જે સુખ પામે છે તે સુખ ચક્રવર્તી પણ પામતા નથી. ૧૩૪

निस्सल्लस्सेह महव्वयाइं, अक्खंड-निव्वण-गुणाइं ।
उवहम्मंति य ताइं, नियाणसल्लेण मुणिणो वि ॥१३५॥

અર્થ :- શલ્ય રહિત મુનિનાં મહાવ્રતો અખંડ અને અતિચાર રહિત હોય; તે મુનિના પણ મહાવ્રતો નિયાણ શલ્યવડે નાશ પામે છે. ૧૩૫

अह राग-दोस-गब्भं, मोहगब्भं च तं भवे तिविहं ।
धम्मत्थं हीणकुलाइं, पत्थणं मोहगब्भं तं ॥१३६॥

અર્થ :- તે (નિયાણ શલ્ય) ૧ રાગ ગર્ભિત, ૨ દ્વેષ ગર્ભિત અને ૩ મોહ ગર્ભિત એમ ત્રણ પ્રકારે થાય છે; ધર્મને માટે હીન કુળાદિકની પ્રાર્થના કરે તે મોહ ગર્ભિત નિયાણું

સમજવું. (રાગને લીધે જે નિયાણું કરવું તે રાગ ગર્ભિત અને દ્વેષને લીધે જે નિયાણું કરવું તે દ્વેષને ગર્ભિત જાણવું.) ૧૩૬

रागेणगंगदत्तो, दोसेण विस्सभूइमाइया ।
मोहेण चंडपिंगल-माईया हुंति दिट्ठंता ॥१३७॥

અર્થ :- રાગ ગર્ભિત નિયાણને અંગે ગંગદત્તનું, દ્વેષ ગર્ભિત નિયાણાને અંગે વિશ્વભૂતિ વગેરે (મહાવીર સ્વામીના જીવ)નું, અને મોહ ગર્ભિત નિયાણાને અંગે ચંડપિંગલ આદિનાં દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. ૧૩૭

अगणिय जो मोक्खसुहं,
कुणइ नियाणं असारसुहहेउं ।
सो कायमणिकएणं, वेरुलयमाणिं पणासेइ ॥१३८॥

અર્થ :- જે મોક્ષના સુખને અવગણીને અસાર સુખના કારણ રૂપ નિયાણું કરે છે તે પુરૂષ કાચમણિને માટે વૈડૂર્ય રત્નનો નાશ કરે છે. ૧૩૮

दुक्खक्खय-कम्मक्खय,-समाहिमरणं च बोहिलाभो अ।
एयं पत्थेयव्वं, न पत्थणिज्जं तओ अन्नं ॥१३९॥

અર્થ :- દુઃખક્ષય, કર્મક્ષય, સમાધિ મરણ અને બોધિ બીજનો લાભ એટલાં વાનાંની પ્રાર્થના કરવી, તે સિવાય બીજું કંઈ માગવા યોગ્ય નથી. ૧૩૯

उज्झिय–नियाण–सल्लो,
निसिभत्त–नियत्ति–समिय–गुत्तीहिं ।
पंचमहव्वय–रक्खं, कय-सिव-सुक्खं पसाहेइ ॥१४०॥

અર્થ :– નિયાણ શલ્યનો ત્યાગ કરીને, રાત્રિ ભોજનની નિવૃતિ કરી, પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તવડે મોક્ષ સુખને કરનાર પાંચ–મહાવ્રતની રક્ષાને સાધે છે. ૧૪૦

इंदिय-विसय-पसत्ता, पडंति संसारसायरे जीवा ।
पक्खिव्व छिन्नपक्खा,
सुसील-गुण-पेहुण-विहुणा ॥१४१॥

અર્થ :– ઇંદ્રિયોના વિષયમાં આસક્ત થયેલા જીવો સુશીલ ગુણ રૂપ પીછાં વિનાના અને છેદાએલી પાંખવાલા પક્ષીઓની જેમ સંસાર સાગરમાં પડે છે. ૧૪૧

न लहइ जहा लिहंतो, मुहिल्लियं अट्ठियं रसं सुणउ ।
सोसइ तालुयरसियं, विलिहंतो मन्नए सोक्खं ॥१४२॥

અર્થ :– જેમ શ્વાન (કુતરો) સુકાઈ ગયેલા હાડકા ચાટતો થકો તેના રસને પામતો નથી અને (પોતાના) તાળવાનો રસ શોષવે છે, છતાં તેને ચાટતો તે સુખ માને છે. ૧૪૨

महिलापसंगसेवी,
न लहइ किंचिवि सुहं तहा पुरिसो ।
सो मण्णए वराओ, सय-काय-परिस्समं सुक्खं ॥१४३॥

અર્થ :- તેમ સ્ત્રીઓના સંગને સેવનાર પુરૂષ કંઈ પણ સુખ પામતો નથી, તોપણ તે બાપડો પોતાના શરીરના પરિશ્રમને સુખ માને છે. ૧૪૩

सुट्ठुवि मग्गिज्जंतो, कत्थवि केलीइ नत्थि जह सारो ।
इंदियविसएसु तहा, नत्थि सुहं सुट्ठुवि गविट्ठं ॥१४४॥

અર્થ :- સારી રીતે શોધવા છતાં જેમ કેલના ગર્ભમાં કોઈ ઠેકાણે સાર નથી. તેમ ઇંદ્રિયોના વિષયોમાં ઘણું શોધતા છતાં સુખ મલતું નથી. ૧૪૪

सोएण पवासियपिया, चक्खूराएण माहुरो वणिओ ।
घाणेण रायपुत्तो, निहओ जीहाइ सोदासो ॥१४५॥

અર્થ :- શ્રોત ઇંદ્રિય વડે પરદેશ ગએલા સાર્થવાહની સ્ત્રી, ચક્ષુની રાગવડે મથુરાનો વાણિયો. ઘ્રાણને વશ. (ગંધ પ્રિય) રાજપુત્ર અને જીહ્વા રસે સોદાસ રાજા હણાયો. ૧૪૫

फासिंदिएण दुट्ठो, नट्ठो सोमालिया-महिपालो ।
एक्किकेण विनिहया, किं पुण जे पंचसु पसत्ता? ॥१४६॥

અર્થ :- સ્પર્શ ઇંદ્રિયવડે દુષ્ટ સોમાલિકાનો રાજા નાશ પામ્યો; એકેક વિષયે એ બધા નાશ પામ્યા તો જે પાંચે ઇંદ્રિયોમાં અસકત હોય તેનું શું કહેવું ? ૧૪૬

विसयाविक्खो निवडइ, निरविक्खो तरइ दुत्तरभवोहं ।
देवीदीवसमागय–भाउअगा दुन्नि दिट्ठंता ॥
"भाउअजुयलं च भणियं च" इति पाठांतरं ॥१४७॥

અર્થ :- વિષયની અપેક્ષા કરનારો જીવ દુસ્તર ભવ સમુદ્રમાં પડે છે, અને વિષયથી નિરપેક્ષ હોય તે ભવ સમુદ્રને તરે છે. (આ ઉપર) રત્ન દ્વીપની દેવીને મળેલા (જિનપાલિત અને જિનરક્ષિત નામના બે ભાઇઓનું દૃષ્ટાંત કહ્યું છે. ૧૪૭

छलिया अवयक्खंता, निरावयक्खा गया अविग्घेणं ।
तम्हा पवयणमारे, निरावयक्खेण होयव्वं ॥१४८॥

અર્થ :- રાગની અપેક્ષા રાખનારા જીવો ઠગાયા છે અને રાગની અપેક્ષા વિનાના વિઘ્ન વિના (ઇચ્છિતને) પામ્યા છે, પ્રવચનના સારને પામેલા જીવોએ રાગની અપેક્ષા વિનાના થવું. ૧૪૮

विसए अवयक्खंता, पडंति संसारसायरे घोरे ।
विसएसु निराविक्खा, तरंति संसारकंतारं ॥१४९॥

અર્થ :- વિષયમાં આસક્તિ રાખતા જીવો ઘોર સંસાર સાગરને વિષે પડે છે, અને વિષયોમાં આસક્તિ વિનાના જીવો સંસાર રૂપી અટવીને ઓલંગી જાય છે. ૧૪૯

ता धीर ! धिइबलेणं, दुद्दंते दमसु इंदियमइंदे ।
तेणुक्खयपडिवक्खो, हराहि आराहणपडागं ॥१५०॥

અર્થ :- તેથી હે ધીર પુરૂષ ! ધીરજ રૂપી બલવડે દુર્દાંત (દુઃખે દમાય તેવા) ઇંદ્રિયો રૂપ સિંહાને દમ; તેથી કરીને અંતરંગ વૈરી રાગ અને દ્વેષનો જય કરનાર તું આરાધના પતાકાનો સ્વીકાર કર. ૧૫૦

कोहाइण विवागं, नाऊण य तेसि निग्गहेण गुणं ।
निग्गिण्ह तेण सुपुरिस,
कसायकलिणो पयत्तेण ॥१५१॥

અર્થ :- ક્રોધાદિકના વિપાકને જાણીને અને તેના નિગ્રહુથી થતા ગુણને જાણીને હે સુપુરૂષ ! તું પ્રયત્ન વડે કષાય રૂપી ક્લેશનો નિગ્રહ કર. ૧૫૧

जं अइतिक्खं दुक्खं, जं च सुहं उत्तिमं तिलोईए ।
तं जाण कसायाणं, वुड्ढि-क्खय-हेउयं सव्वं ॥१५२॥

અર્થ :- જે ત્રણ જગતને વિષે અતિ તીવ્ર દુઃખ છે અને જે ઉત્તમ સુખ છે તે સર્વ અનુક્રમે કષાયની વૃદ્ધિ અને ક્ષયનું કારણ સમજ. ૧૫૨

कोएण नंदमाई, निहया माणेण पइसुरामाई ।
मायाए पंडरज्जा, लोहेणं लोहणंदाइ ॥१५३॥

અર્થ :– ક્રોધવડે નંદ વિગેરે, અને માનવડે પરશુરામાદિ, માયાવડે પંડજ્જા (પાંડુ આર્યા) અને લોભવડે લોહનંદાદિ દુઃખ પામ્યા છે. ૧૫૩

इय उवएसामयपा-णएण पल्हाइअम्मि चित्तंमि ।
जओ सुनिव्वओ सो
पाउण व पाणियं तिसिओ ॥१५४॥

અર્થ :– આ પ્રકારના ઉપદેશ રૂપ અમૃત પાનવડે ભીના થયેલા ચિત્તને વિષે, જેમ તરસ્યા માણુસ પાણી પીને શાંત થાય તેમ, તે શિષ્ય અતિશય સ્વસ્થ થઇને કહે છે. ૧૫૪

इच्छामो अणुसट्ठिं भंते! भव-पंक-तरण-दढ-लट्ठिं ।
जं जह उत्तं तं तह, करेमि विणयणओ भणइ ॥१५५॥

અર્થ :– હે ભગવન્! હું ભવ રૂપી કાદવને ઓલંગવાને દઢ લાકડી સમાન આપની હિત શિક્ષાને ઇચ્છું છું; આપે જે જેમ કહ્યું તે હું તેમ કરૂં છું, એમ વિનયથી નમેલો તે કહે છે. ૧૫૫

जइ कहवि असुहकम्मो-दएण देहंमि संभवे वियणा ।
अहवा तण्हाईया, परीसहा से उदीरिज्जा ॥१५६॥

અર્થ :– જો કોઈ દિવસ (આ અવસરમાં) અશુભ કર્મના ઉદયથી શરીરને વિષે વેદના અથવા તૃષા વિગેરે પરિષહો તેને ઉત્પન્ન થાય. ૧૫૬

निद्धं महुरं पल्हायणिज्ज-हियचंगमं अणलियं च ।
तो सेहावेयव्वो, सो खवओ पण्णवंतेण ॥१५७॥

અર્થ :– તો નિર્યામણા કરાવનાર ગુરૂ ક્ષપક (અનશન કરનાર) ને સ્નિગ્ધ, મધુર, હર્ષ આપનાર, હૃદયને ગમતું, અને સાચું વચન કહેતા શિખામણ આપે. ૧૫૭

संभरसु सुयण जं, तं मज्झंमि चउव्विस्स संघस्स ।
वूढा महापइण्णा, अहयं आराहइस्सामि ॥१५८॥

અર્થ :– હે સત્ પુરૂષ ! તે ચતુર્વિધ સંઘની વચ્ચે મોટી પ્રતિજ્ઞા કરી હતી કે હું સારી રીતે આરાધના કરીશ તેનું સ્મરણ કર. ૧૫૮.

अरहंत-सिद्ध-केवली, पच्चक्खं सव्व-संघ-सक्खिस्स ।
पच्चक्खाणस्स कयस्स, भंजणं नाम को कुणइ ॥१५९॥

અર્થ :– અરિહંત, સિદ્ધ, કેવલી અને સર્વ સંઘની સાક્ષીએ પ્રત્યક્ષ કરેલા પચ્ચખ્ખાણનો ભંગ કોણ કરે ? ૧૫૯

भालुंकीए करुणं, खज्जंतो घोरविअणत्तोवि ।
आराहणं पडिवन्नो, झाणेण अवंतिसुकुमालो ॥१६०॥

અર્થ :– શિયાલણીથી અતિશય ખવાતા, ઘોર વેદના પામતા પણ અવંતિ સુકુમાલ ધ્યાનવડે આરાધના પામ્યા. ૧૬૦

मुग्गिल्लगिरिंमि सुकोसलो
वि सिद्धत्थ-दइयओ भयवं ।
वग्घीए खज्जंतो, पडिवन्नो उत्तमं अट्ठं ॥१६१॥

અર્થ :- સિદ્ધાર્થ મોક્ષ છે પ્યારૂં જેને એવા ભગવાન સુકોસલ પણ ચિત્રકૂટ પર્વત વિષે વાઘણવડે ખવાતાં મોક્ષ પ્રત્યે પામ્યા. ૧૬૧

गुट्ठे पाओवगओ, सुबंधुणा गोमए पलिविअंमि ।
डज्झंतो चाणक्को पडिवण्णो उत्त मंअट्ठं ॥१६२॥

અર્થ :- ગોકુલમાં પાદોપગમ અણુશણ કરનાર ચાણુકય મંત્રી સુબંધુ મંત્રીએ સળગાવેલાં છાણાંથી બળાયા છતાં ઉત્તમ અર્થને (આરાધકપણાને) પામ્યા. ૧૬૨

अवलंबिउण सत्तं, तुमंपि ता धीर ! धीरयं कुणसु ।
भावेसु य नेगुण्णं, संसार-महा-समुद्दस्स ॥१६३॥

અર્થ :- તે કારણથી હે ધીર પુરૂષ ! તું પણ સત્વને અવલંબીને ધીરતા ધારણ કર અને સંસારરૂપી મહાસમુદ્રનું નિર્ગુણપણું વિચાર. ૧૬૩

जम्म-जरा-मरण-जलो, अणाइमं वसणसावयाइण्णो ।
जीवाण दुक्खहेऊ, कट्ठं रुद्दो भवसमुद्दो ॥१६४॥

અર્થ :- જન્મ, જરા અને મરણ રૂપી પાણી વાળો, અનાદિ, દુઃખ રૂપી શ્વાપદ (જળચર જીવો) વડે વ્યાપ્ત, અને જીવોને દુઃખનો હેતુ એવો ભવ સમુદ્ર ઘણો કષ્ટદાયી અને રૌદ્ર છે. ૧૬૪

धन्नोऽहं जेण मए, अणोरपारंमि भवसमुद्दम्मि।
भव-सय-सहस्स-दुल्लहं, लद्धं सद्धम्मजाणमिणं ॥१६५॥

અર્થ :- હું ધન્ય છું, કારણ કે મેં અપાર ભવ સમુદ્રને વિષે લાખો ભવમાં પામવાને દુર્લભ આ સુદ્ધર્મ રૂપી નાવ (વહાણ) મેળવ્યું છે. ૧૬૫

एयस्स पभावेणं, पालिज्जंतस्स सइ पयत्तेणं।
जम्मंतरेऽवि जीवा, पावंति न दुक्खदोगच्चं ॥१६६॥

અર્થ :- એક વાર પ્રયત્નવડે પળાતા આના પ્રભાવવડે, જીવો જન્માન્તરને વિષે પણ દુખ અને દરિદ્રય પામતા નથી. ૧૬૬

चिंतामणी अउव्वो, एयमपुव्वो य कप्परुक्खत्ति।
एसो परमो मंतो, एयं परमामयसरिच्छं ॥१६७॥

અર્થ :- આ ધર્મ અપૂર્વ ચિંતામણી રત્ન છે, અને અપૂર્વ કલ્પવૃક્ષ છે, આ પરમ મંત્ર છે, વલી આ પરમ અમૃત સમાન છે. ૧૬૭

अह मणि—मंदिर—सुंदर,—
फुरंत-जिणगुण-निरंजणुज्जोओ ।
पंच नमुक्कारसमे, पाणे पणओ विसज्जेइ ॥१६८॥

અર્થ :– હવે (ગુરૂના ઉપદેશથી) મણિમય મંદિરને વિષે સુંદર રીતે સ્ફુરાયમાન જિન ગુણ રૂપ અંજન રહિત ઉદ્યોતવાળો વિનયવંત (આરાધક) પંચ નમસ્કારના સ્મરણ સહિત પ્રાણોનો ત્યાગ કરે. ૧૬૮

परिणामविसुद्धीए, सोहम्मे सुरवरो महिड्ढीओ ।
आराहिउण जायइ, भत्तपरिण्णं जहण्णं सो ॥१६९॥

અર્થ :– તે (શ્રાવક) ભક્ત પરિજ્ઞાને જઘન્યથી આરાધીને પરિણામની વિશુદ્ધિવડે સૌધર્મ દેવલોકમાં મહર્દિક દેવતા થાય છે. ૧૬૯

उक्कोसेण गिहत्थो, अच्चुयकप्पंमि जायइ अमरो ।
निव्वाणसुहं पावइ, साहू सव्वट्ठसिद्धिं वा ॥१७०॥

અર્થ :– ઉત્કૃષ્ટપણે ભક્તપરિજ્ઞા આરાધીને ગૃહસ્થ અચ્યુત નામના બારમા દેવલોકમાં દેવતા થાય છે, અને જો સાધુ હોય તો ઉત્કૃષ્ટપણે મોક્ષનું સુખ પામે છે અથવા તો સર્વાર્થસિદ્ધને વિષે જાય છે. ૧૭૦

इअ जोइसरजिणवीर,-भद्दभणियाणुसारिणीमिणमो ।
भत्तपरिण्णं धन्ना, पढंति भावंति सेवंति ॥१७१॥

અર્થ :- એ રીતે યોગીશ્વર જિન મહાવીરસ્વામીએ કહેલા કલ્યાણકારી વચનોને અનુસારે કહેલા આ ભક્ત પરિજ્ઞા પયન્નાને ધન્ય પુરૂષો ભણે છે, ભાવે છે અને સેવે છે (તેઓ શું પામે તે આગળની ગાથામાં જણાવે છે.) ૧૭૧

सत्तरिसयं जिणाणं व, गाहाणं समयखित्तपण्णत्तं।
आराहंतो विहिणा, सासयसुक्खं लहइ मोक्खं॥१७२।

અર્થ :- મનુષ્ય ક્ષેત્રને વિષે ઉત્કૃષ્ટપણે વિચારતા અને સિદ્ધાંતને વિષે કહેલ એક સો સિત્તોર તીર્થંકરોની પેઠે એક સો સિત્તોર ગાથાઓની વિધિપૂર્વક આરાધન કરતો આત્મા શાશ્વત સુખવાળા મોક્ષને પામે છે. ૧૭૨

॥ श्रीवीरभद्राचार्यकृता भक्त–परिज्ञा समाप्ता ॥१॥

॥ ७ ॥ चउसरण-पयन्नो ॥

(चतुःशरण-प्रकीर्णकम्)

सावज्जजोगविरई, उक्कित्तण-गुणवओ अ पडिवत्ती ।
खलियस्स निंदणा वण,-तिगिच्छ गुणधारणा चेव ॥१॥

અર્થ :- પાપ વ્યાપારથી નિવર્તવા રૂપ **સામાયિક** નામે પહેલું આવશ્યક, ચોવીસ તીર્થંકરના ગુણોનું ઉત્કીર્તન કરવા રૂપ **ચઉવિસત્થો** નામનું બીજું આવશ્યક, ગુણવંત ગુરૂની વંદના રૂપ **વંદનક** નામનું ત્રીજું આવશ્યક, લાગેલા અતિચાર રૂપ દોષની નિંદા રૂપ **પ્રતિક્રમણ** નામનું ચોથું આવશ્યક, ભાવ ઘા એટલે આત્માને લાગેલ ભારે દૂષણ મટાડનાર **કાઉસગ્ગ** નામનું પાંચમું આવશ્યક, અને ગુણને ધારણ કરવા રૂપ **પચ્ચક્ખાણ** નામનું છટ્ઠું આવશ્યક નિશ્ચે કરી કહેવાય છે. ૧

चारित्तस्स विसोही, कीरइ सामाइएण किल इहयं ।
सावज्जेयर-जोगाण,-वज्जणा-सेवणत्तणओ ॥२॥

અર્થ :- આ જિનશાસનમાં સામાયિક વડે નિશ્ચે ચરિત્રની વિશુદ્ધિ કરાય છે. તે સાવદ્ય યોગોનો ત્યાગ કરવાથી અને નિરવદ્ય યોગને સેવવાથી થાય છે. ૨

दंसणायारविसोही, चउवीसयत्थएण किज्जइ य ।
अच्चब्भुअ–गुण–कित्तण,–रुवेणं जिणवरिंदाणं ॥३॥

અર્થ :– દર્શનાચારની વિશુદ્ધિ ચઉવિસથ્થા (લોગસ્સ) વડે કરાય છે, તે ચોવીસ જિનેશ્વર ભગવાનોના અતિ અદ્ભુત ગુણના કીર્તન રૂપ સ્તુતિવડે થાય છે. ૩

नाणाइआ उ गुणा, तस्संपन्न-पडिवत्ति-करणाओ ।
वंदणएणं विहिणा, कीरइ सोही उ तेसिं तु ॥४॥

અર્થ :– જ્ઞાનાદિક ગુણો, તે વડે કરી સહિત ગુરૂ મહારાજની વિધિપૂર્વક વંદન કરવા રૂપ ત્રીજા વંદન નામના આવશ્યકે જ્ઞાનાદિક ગુણોની શુદ્ધિ કરાય છે. ૪

खलिअस्स य तेसिं पुणो,
विहिणा जं निंदणाइ पडिक्कमणं ।
तेण पडिक्कमणेणं, तेसिं, पि य कीरए सोही ॥५॥

અર્થ :– વલી તે જ્ઞાનાદિકની (મૂલ અને ઉત્તરગુણની) આશાતનાની નિંદાદિક વિધિવડે કરવી તે પ્રતિક્રમણ કહેવાય છે. તે પ્રતિક્રમણ વડે તે જ્ઞાનાદિક ગુણોની શુદ્ધિ કરાય છે. ૫

चरणाईयाराणं, जहक्कमं वण–तिगिच्छ–रूवेणं ।
पडिक्कमणासुद्धाणं, सोही तह काउस्सगेणं ॥६॥

અર્થ :– ચારિત્રાદિકના જે અતિચારોની પ્રતિક્રમણા વડે

શુદ્ધિ ન થઈ હોય તેમની શુદ્ધિ ગુમડાના ઓસડ સરખા અનુક્રમે આવેલા પાંચમા કાઉસગ્ગ નામના આવશ્યક વડે થાય છે. ૬

गुणधारणरूवेणं, पच्चक्खाणेण तवइआरस्स ।
विरिआयारस्स पुणो, सव्वेहि वि कीरए सोही ॥७॥

અર્થ :– ગુણના ધારણ કરવા રૂપ પચ્ચખાણ નામના છઠ્ઠા આવશ્યક વડે કરી તપના અતિચારની શુદ્ધિ થાય છે. વળી વીર્યાચારના અતિચારોની સર્વ આવશ્યક વડે શુદ્ધિ કરાય છે. ૭

गय-वसह सीह-अभिसेअ,-दाम ससी-दिणयरं झयं कुंभं ।
पउमसर-सागर विमाण,-भवण-रयणुच्चय-सिहिं च ॥८॥

અર્થ :– ૧ હાથી, ૨ વૃષભ, ૩ સિંહ, ૪ અભિષેક, ૫ માળા, ૬ ચંદ્રમા, ૭ સૂર્ય, ૮ ધજા, ૯ કળશ, ૧૦ પદ્મ સરોવર, ૧૧ સાગર, (દેવગતિમાંથી આવેલા તીર્થંકરોની માતા) ૧૨ વિમાન, અને (નરકમાંથી આવેલા તીર્થંકરોની માતા) ૧૨ ભવન દેખે, ૧૩ રત્નનો ઢગલો અને ૧૪ અગ્નિ, એ ચૌદ સ્વપ્નો સર્વ તીર્થંકરોની માતા તેઓ (તીર્થંકરો) ગર્ભમાં આવે ત્યારે દેખે. ૮

अमरिंद-नरिंद-मुणिंद-वंदिअं वंदिउं महावीरं ।
कुसलाणुबंधि बंधुर,-मज्झयणं कित्तइस्सामि ॥९॥

અર્થ :– દેવોના ઇંદ્રો, ચક્રવર્તિઓ, અને મુનીશ્વરોએ વાંદેલા શ્રીમહાવીરસ્વામીને વાંદીને મોક્ષને પમાડનાર સુંદર ચઉસરણ નામનું અધ્યયન કહીશ. (કહું છું.) ૯

चउसरणगमण दुक्कड,-गरिहा सुकडाणुमोयणा चेव।
एस गणो अणवरयं, कायव्वो कुसलहेउत्ति ॥१०॥

અર્થ :- ચાર શરણુ કરવા, પાપ કાર્યોની નિંદા કરવી, અને નિશ્ચે સુકૃતની અનુમોદના કરવી આ ત્રણુ અધિકારો મોક્ષનાં કારણુ છે. માટે નિરંતર કરવા યોગ્ય છે. ૧૦

अरिहंत-सिद्ध-साहू,-केवलिकहिओ सुहावहो धम्मो।
एए चउरो चउगइ,-हरणा सरणं लहइ धन्नो ॥११॥

અર્થ :- અરિહંત, સિદ્ધ, સાધુ, અને કેવળી ભગવંતે કહેલો સુખ આપનાર ધર્મ, આ ચાર શરણુ ચાર ગતિનો નાશ કરનાર છે અને તે ભાગ્યશાળી પુરૂષ પામે છે. ૧૧

अह सो जिणभत्ति-भरु,-च्छरंत-रोमंच-कंचुअ-करालो।
पहरिसपणउम्मीसं, सीसंमि कयंजलि भणइ ॥१२॥

અર્થ :- હવે તીર્થંકરની ભક્તિના સમૂહે કરી ઉછળતી રોમરાજી રૂપ બખ્તરે કરી ભયંકર (શોભાયમાન) તે આત્મા ઘણા હર્ષ અને સ્નેહ સહિત મસ્તકને વિષે બે હાથ જોડી આ પ્રમાણે કહે છે. ૧૨

रागद्दोसारीणं, हंता कम्मट्ठमाइ अरिहंता।
विसयकसायारीणं, अरिहंता हुंतु मे सरणं ॥१३॥

અર્થ -: આ રાગ અને દ્વેષ રૂપ શત્રુઓના હણનાર,

આઠ કર્માદિક શત્રુના હણનાર, અને વિષય કષાયાદિક વૈરીઓને હણનાર અરિહંત ભગવાન મારા શરણ હો. ૧૩

रायसिरिमुवकसित्ता, तवचरणं दुच्चरं अणुचरित्ता।
केवलसिरिमरहंता, अरिहंता हुतु मे सरणं ॥१४॥

અર્થ :- રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરીને દુષ્કર તપ અને ચારિત્રને સેવીને કેવળ જ્ઞાન રૂપી લક્ષ્મીને યોગ્ય અરિહંતો મને શરણ હો. ૧૪

थुइवंदणमरहंता, अमरिंद-नरिंद-पूअगरहंता।
सासयसुहमरहंता, अरिहंता हुंतु मम सरणं ॥१५॥

અર્થ :- સ્તુતિ અને વંદનને યોગ્ય, ઈંદ્ર અને ચક્રવર્તીની પૂજાને યોગ્ય અને શાશ્વત સુખ પામવાને યોગ્ય અરિહંતો મને શરણ હો. ૧૫

परमणगयं मुणंता, जीइंद-महिंद-झाणमरहंता।
धम्मकहं अरहंता, अरिहंता हुंतु मे सरणं ॥१६॥

અર્થ :- બીજાના મનના ભાવને જાણનારા, યોગીશ્વરો અને મહેંદ્રોને ધ્યાન કરવા યોગ્યા, વળી ધર્મ કથાને કહેવા યોગ્ય અરિહંત ભગવાન મને શરણ હો. ૧૬

सव्वजिआणमहिंसं, अरहंता सच्चयवयणमरहंता।
बंभव्वयमरहंता, अरिहंता हुं तु मे सरणं ॥१७॥

અર્થ :- સર્વ જીવોની દયા પાલવાને યોગ્ય, સત્ય વચનને યોગ્ય, વળી બ્રહ્મચર્ય પાળવાને યોગ્ય અરિહંતો મને શરણ હો. ૧૭

ओसरणमवसरित्ता, चउत्तीसं अइसए निसेवित्ता ।
धम्मकहं च कहंता, अरिहंता हुं तु म सरणं ॥१८॥

અર્થ :- સમવરસણમાં બેસીને ચોત્રીસ અતિશયોને સેવવાપૂર્વક ધર્મ કથાને કહેતા અરિહંતો મને શરણ હો. ૧૮

एगाइ गिराऽणेगे, संदेहे देहिणं समं च्छित्ता ।
तिहुअणमणुमासंता, अरिहंता हुंतु मे सरणं ॥१९॥

અર્થ :- એક વાણી વડે પ્રાણીઓના અનેક સંદેહોને એક કાળે છેદનારા અને ત્રણ જગતને શિક્ષા (ઉપદેશ) આપતા અરિહંત ભગવાન મને શરણ હો. ૧૯

वयणामएण भुवणं, निव्वाबंता गुणेसु ठावंता ।
जिअलोअमुद्धरंता, अरिहंता हुं तु मे सरणं ॥२०॥

અર્થ :- વચનામૃતવડે જગતને શાંતિ પમાડતા, ગુણોમાં સ્થાપતા, વળી જીવ લોકનો ઉદ્ધાર કરતા અરિહંત ભગવાન મને શરણ હો. ૨૦

अच्चब्भुअगुणवंते, निय-जस-ससहर-पहासिअ-दिअंते ।
नियमणाइअणंते, पडिवन्नो सरणमरिहंते ॥२१॥

અર્થ :- અતિ અદ્ભુત ગુણવાળાં, પોતાના યશરૂપ ચંદ્રવડે સર્વ દિગંતોને શોભાવનાર, શાશ્વત, અનાદિ અનંત અરિહંતોને શરણપણે મેં અંગીકાર કર્યા છે. ૨૧

उज्झिय-जर-मरणाणं, समत्त-दुक्खत्त-सत-सरणाणं ।
तिहुयण-जण-सुहयाणं, अरिहंताणं नमो ताणं ॥२२॥

અર્થ :- ઘડપણ અને મરણનો સર્વથા ત્યાગ કરનાર, દુઃખથી પીડાએલા સમસ્ત પ્રાણીઓને શરણભૂત અને ત્રણ જગતના લોકને સુખ આપનાર તે અરિહંતોને (મ્હારો) નમસ્કાર થાઓ. ૨૨

अरिहंत–सरण–मल सुद्धि,–
लद्ध–सुविसुद्ध–सिद्ध–बहुमाणो ।
पणय सिर रइय-कर-कमल,-सेहरो सहरिसं भणइ ॥२३॥

અર્થ :- અરિહંતના શરણુથી થએલ કર્મરૂપ મેલની શુદ્ધિવડે પ્રગટયું છે, અતિ શુદ્ધ સ્વરૂપવંત સિદ્ધ પરમાત્માને વિષે બહુ માન જેને એવો આત્મા નમેલા મસ્તકને વિષે વિકસ્વર કમળના દોડા સમાન અંજલિ જોડી હર્ષ સહિત (સિદ્ધનું શરણુ) કહે છે. ૨૩

कम्मट्ठक्खयसिद्धा, साहाविअ-नाण-दंसण-समिद्धा ।
सव्वट्ठ-लद्धि-सिद्धा, ते सिद्धा हुंतु मे सरणं ॥२४॥

અર્થ :- આઠ કર્મના ક્ષયથી સિદ્ધ થએલા, સ્વાભાવિક

જ્ઞાન દર્શનની સમૃદ્ધિવાળા, વળી સર્વ અર્થની લબ્ધિઓ સિદ્ધિ થઇ છે જેમને એવા તે સિદ્ધો મને શરણ હો. ૨૪

तिअलोअमत्थयत्था, परमपयत्था अचिंतसामत्था ।
मंगल-सिद्ध-पयत्था, सिद्धा सरणं सुहपसत्था ॥२५॥

અર્થ :- ત્રણ ભુવનના મસ્તકે (સિદ્ધશિલા વિષે) રહેલા, અને પરમપદ એટલે મોક્ષને પામેલા, અચિંત્ય બલવાલા, મંગલકારી સિદ્ધ પદમાં રહેલા, અને અનંત સુખે કરી પ્રશસ્ત સિદ્ધો મને શરણ હો. ૨૫

मूलुक्खय पडिवक्खा, अमूढलक्खा सजोगिपच्चक्खा ।
साहाविअत्तसुक्खा, सिद्धा सरणं परममुक्खा ॥२६॥

અર્થ :- રાગ દ્વેષ રૂપ શત્રુને મૂલમાંથી ઉખેડી નાખનાર, અમૂઢ લક્ષ્યવાળા (સદા ઉપયોગવંત) સયોગી કેવળીઓને પ્રત્યક્ષ જણાતા, સ્વભાવિક સુખનો અનુભવ કરનાર ઉત્કૃષ્ટ મોક્ષવાળા સિદ્ધો (મને) શરણ હો. ૨૬

पडिपीलिअ-पडिणीआ,
समग्ग-झाणग्गि-दड्ढ-भव-बीआ ।
जोइसरसरणीआ, सिद्धा सरणं सुमरणीया ॥२७॥

અર્થ :- રાગાદિક શત્રુઓનો તિરસ્કાર કરનાર, સમગ્ર ધ્યાનરૂપ અગ્નિ વડે ભવ બીજ (કર્મો)ને બાળી નાખનાર, યોગી-

શ્વરોને આશ્રય કરવા યોગ્ય અને સર્વ પ્રાણીઓને સ્મરણ કરવા યોગ્ય સિદ્ધો મને શરણ હો. ૨૭

पाविअपरमाणंदा, गुणनीस्संदा विभिन्नभवकंदा।
लहुई-कय-रवि-चंदा, सिद्धा सरणं खविअदंदा ॥२८॥

અર્થ :- પરમ આનંદને પામેલા, ગુણોના સાર ભૂત, ભવરૂપ કંદનો સર્વથા નાશ કરનાર, કેવળજ્ઞાનના પ્રકાશવડે સૂર્ય અને ચંદ્રને ઝાંખા કરનાર, વળી રાગદ્વેષાદિ દ્વંદ્વોનો નાશ કરનારા સિદ્ધો મને શરણ હો. ૨૮

उवलद्ध-परम-बंभा, दुल्लहलंभा विमुक्कसंरंभा।
भुवण-घर-धरण-खंभा, सिद्धा सरणं निरारंभा ॥२९॥

અર્થ :- પરમ બ્રહ્મ (ઉત્કૃષ્ટ જ્ઞાન)ને પામેલા, મોક્ષરૂપ દુર્લભ લાભ મેળવનાર, અનેક પ્રકારના સમારંભથી મૂકાયેલા, ત્રણ ભુવન રૂપી ઘરને ધારણ કરવામાં સ્તંભ સમાન, અને આરંભ રહિત સિદ્ધો મને શરણ હો. ૨૯

सिद्धसरणेण नयबंभहेउ,-साहु-गुण-जणिअ-अणुराओ।
मेइणी-मिलंत-सुपसत्थ,- मत्थओ तत्थिमं भणइ ॥३०॥

અર્થ :- સિદ્ધના શરણવડે નય (જ્ઞાન) અને બ્રહ્મના કારણભૂત સાધુના ગુણોમાં પ્રગટેલા અનુરાગવાળો ભવ્ય પ્રાણી પોતાના અતિ પ્રશસ્ત મસ્તકને પૃથ્વી ઉપર મૂકીને આ રીતે કહે છે. ૩૦

जिअ-लोअ-बंधुणो कुगइ,-सिंधुणो पारगा महाभागा ।
नाराइएहिं सिवसुक्ख,-साहगा साहुणो सरणं ॥३१॥

અર્થ :- જીવલોક (છ જીવનિકાય)ના બંધુ, કુગતિરૂપી સમુદ્રના પાર પામનાર, મહા ભાગ્યવાળા અને જ્ઞાનદિક વડે મોક્ષ સુખના સાધનાર સાધુઓ (મને) શરણ હો. ૩૧

केवलिणो परमोही, विउलमई सुअहरा जिणमयंमि ।
आयरिय-उवज्झाया, ते सव्वे साहुणो सरणं ॥३२॥

અર્થ :- કેવલીઓ, પરમાવધિજ્ઞાનવાળા, વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની, શ્રુતધરો, તેમજ જિનમતને વિષે રહેલા આચાર્યો અને ઉપાધ્યાયો તે સર્વે સાધુઓ મને શરણ હો. ૩૨

चउदस-दस-नव-पुव्वी, दुवालसिक्कारसंगिणो जे अ ।
जिणकप्पाहालंदि अ, परिहारविसुद्धि साहू अ ॥३३॥

અર્થ :- ચૌદ પૂર્વી, દસ પૂર્વી અને નવ પૂર્વી, અને વળી જે બાર અંગ ધરનાર અને અગિયાર અંગ ધરનાર, જિનકલ્પી, યથાલંદી તથા પરિહાર બિશુદ્ધિ ચારિત્રવાલા સાધુઓં. ૩૩

खीरासव-महुआसव,-संभिन्नसोअ-कुट्ठबूद्धी अ ।
चारण-वेउव्वि-पयाणु,-सारिणा साहुणो सरणं ॥३४॥

અર્થ :- ક્ષીરાશ્રવ લબ્ધિવાળા, મધ્વાશ્રવ લબ્ધિવાળા,

સંભિન્નશ્રોત લબ્ધિવાળા, કોષ્ટબુદ્ધિવાળા ચારણ મુનિયો, વૈક્રિય લબ્ધિવાળા અને પદાનુસારી લબ્ધિવાળા સાધુઓ મને શરણ હો. ૩૪

उज्झिअ-वइर-विरोहा, निच्चमदोहा पसंतमुहसोहा ।
अभिमय-गुण-संदोहा हयमोहा साहुणो सरणं ॥३५॥

અર્થ :- વૈર વિરોધ ત્યજનાર, હંમેશાં અદ્રોહ વૃત્તિવાળા, અતિશય શાંતિ મુખની શોભાવાળા, ગુણના સમૂહનું બહુમાન કરનારા અને મોહને હણનારા સાધુઓ (મને) શરણ હો. ૩૫

खंडिअ-सिणेह-दामा, अकामधामा निकामसुहकामा ।
सुपुरिसमणाभिरामा, आयारामा मुणी सरणं ॥३६॥

અર્થ :- સ્નેહરૂપ બંધન તોડનાર, નિર્વિકારી સ્થાનમાં રહેનાર, વિકારરહિત સુખની ઈચ્છાવાળા, સત્પુરૂષોના મનને આનંદ આપનાર અને આત્મામાં રમનાર મુનિઓ મને શરણ હો. ૩૬

मिल्हिअ विसय कसाया,
उज्झिअ-घर-घरणि-संग-सुह-साया ।
अकलिअ-हरिस-विसाया,
साहू सरणं गयपमाया ॥३७॥

અર્થ :- વિષયો અને કષાયોને દૂર કરનાર, ઘર અને સ્ત્રીના સંગના સુખના સ્વાદનો ત્યાગ કરનાર, હર્ષ તથા શોક રહિત અને પ્રસાદ રહિત સાધુઓ મને શરણ હો. ૩૭

हिंसाइ-दोस-सुन्ना, कयकारुन्ना सयंभूरुपन्ना ।
अजरामर-पह-खुन्ना, साहु सरणं सुकयपुन्ना ॥३८॥

અર્થ :– હિંસાદિક દોષે રહિત, કરૂણા ભાવવાળા, સ્વયંભૂ રમણ સમુદ્ર સમાન વિશાલ બુદ્ધિવાલા, જરા અને મરણ રહિત મોક્ષ માર્ગમાં જનારા, અને અતિશય પુન્યશાળી સાધુ મને શરણ હો. ૩૮

काम-विडंबण-चुक्का, कलिमलमुक्का विमुक्कचोरिक्का ।
पावरय-सुरय-रिक्का, साहूगुणरयणचच्चिका ॥३९॥

અર્થ :– કામની વિડંબનાથી મૂકાયેલા, પાપ મલે રહિત, ચોરીનો ત્યાગ કરનાર, પાપરૂપ રજના કારણ રૂપ, મૈથુન રહિત અને સાધુના ગુણરૂપ રત્નની કાંતિવાળા મુનિઓ (મને) શરણ હો. ૩૯

साहुत्तसुट्ठिआ जं, आयरियाई तओ अ ते साहू ।
साहुभणिएण गहिआ, तम्हा ते साहुणो सरणं ॥४०॥

અર્થ :– જે માટે સાધુપણામાં સારી રીતે રહેલા આચાર્યાદિક છે તે માટે તેઓ પણ સાધુ કહેવાય. સાધુ કહેવાવડે તેમને ગ્રહણ કર્યા; તે માટે તે સાધુઓ (મને) શરણ હો. ૪૦

पडिवन्न-साहु-सरणो, सरणं काउं पुणोवि जिणधम्मं ।
पहरिस-रोमंच-पवंच, कंचुअंचिअतणू भणइ ॥४१॥

અર્થ :– સાધુનું શરણ સ્વીકારીને વળી પણ જિન ધર્મને

શરણ કરીને અતિ હર્ષથી થયેલા રોમાંચના વિસ્તારરૂપ બખ્તરે કરી શોભાયમાન શરીરવાળો (તે જીવ) આ રીતે કહે છે. ૪૧

पवरसुकएहिं पत्तं, पत्तेहिवि नवरि केहिवि न पत्तं ।
तं केवलिपन्नत्तं, धम्मं सरणं पवन्नोऽहं ॥४२॥

અર્થ :– અતિ ઉત્કૃષ્ટ પુન્યવડે પામેલો, વળી કેટલાક પાત્ર (ભાગ્યવાળા) પુરૂષોએ પણ નહિ પામેલો કેવળી ભગવાને પ્રરૂપેલો તે ધર્મ હું શરણરૂપે અંગીકાર કરૂં છું. ૪૨

पत्तेण अपत्तेण य, पत्ताणि य जेण नरसुरसुहाइं ।
मुक्खसुहं पुण पत्तेण, नवरि धम्मो स मे सरणं ॥४३॥

અર્થ :– જે ધર્મ પામી અને પામ્યા વિના પણ જેણે માણસ અને દેવતાનાં સુખોને મેળવ્યાં, પરંતુ મોક્ષરૂપ તો ધર્મ પામેલાએજ મેળવ્યું તે ધર્મ મારે શરણ હો. ૪૩

निद्दलिअकलुस–कम्मो,
कय-सुह जम्मो खली–कय–अहम्मो ।
पमुह-परिणाम-रम्मो, सरणं मे होउ जिणधम्मो ॥४४॥

અર્થ :– મલીન કર્મનો નાશ કરનાર, જન્મને પવિત્ર કરનાર, અધર્મને દૂર કરનાર ઇત્યાદિક પરિણામને સુંદર જિન ધર્મ મને શરણ હો. ૪૪

कालत्तएवि न मयं, जम्मण जरा-मरण-वाहि-सय-समयं।
अमयं व बहुमयं, जिणमयं च सरणं पवन्नोऽहं ॥४५॥

અર્થ :- ત્રણ કાળમાં પણ નાશ નહિ પામેલું; જન્મ જરા, મરણ અને સેંકડો વ્યાધિઓને શમાવનાર, અમૃતની પેઠે ઘણાને ઈષ્ટ જિન મતને હું શરણરૂપ અંગીકાર કરૂં છું. ૪૫

पसमिअकामप्पमोहं, दिट्ठादिट्ठेसु न कलियविरोहं।
सिव-सुह-फलय-ममोहं, धम्मं सरणं पवन्नोऽहं ॥४६॥

અર્થ :- કામના ઉન્માદને સારી રીતે શમાવનાર, દેખેલા અને નહિ દેખેલા પદાર્થોનો નથી કર્યો વિરોધ જેમાં, અને મોક્ષના સુખરૂપ ફળને આપવામાં અમોઘ એટલે સફળ ધર્મને હું શરણરૂપે અંગીકાર કરૂં છું. ૪૬

नरय-गइ-गमण-रोहं, गुणसंदोहं पवाइनिक्खोहं।
निहणिय-वम्मह-जोहं, धम्मं सरणं पवन्नोऽहं ॥४७॥

અર્થ :- નરક ગતિમાં ગમનને રોકનાર, ગુણના સમૂહવાળો અન્ય વાદી વડે અક્ષોભ્ય અને કામરૂપ સુભટને હણનાર ધર્મને શરણરૂપે અંગીકાર કરૂં છું. ૪૭

भासुर-सुवन्न-सुंदर,-रयणालंकार-गारव-महग्घं।
निहिमिव दोगच्चहरं, धम्मं जिणदेसिअं वंदे ॥४८॥

અર્થ :- દેદીપ્યમાન, ઉત્તમ વર્ણોની સુંદર રચના (રત્ન) રૂપી અલંકાર વડે મોટાઈના કારણ ભૂત મહા મૂલ્યવાળા, નિધાનની પેઠે અજ્ઞાનરૂપ દારિદ્રને હણનાર, જિનેશ્વરોએ ઉપદેશેલા ધર્મને હું વાંદું છું. ૪૮

चउसरण–गमण संचिअ,–
सुचरिअ–रोमंच–अंचिअ सरीरो ।
कय–दुक्कड–गरिहा असुह,
कम्मक्खय–कंखिरो भणइ ॥४९॥

અર્થ :- ચાર શરણ અંગીકાર કરવાથી એકઠા થએલ સુકૃતથી વિકસ્વર થયેલી રોમરાજી યુક્ત શરીરવાળો, કરેલાં પાપની નિંદાથી અશુભ કર્મના ક્ષયને ઇચ્છતો તે જીવ (આ પ્રમાણે) કહે છે. ૪૯

इह-भविअ-मन्नभविअं, मिच्छत्तपवत्तणं जमहिगरणं ।
जिण-पवयण-पवडण-पडिकुट्ठं गरिहामि तं पावं ॥५०॥

અર્થ :- જિનશાસનમાં નિષેધેલ આ ભવમાં અને અન્ય ભવમાં કરેલ મિથ્યાત્વના પ્રવર્તરૂપ જે અધિકરણ, (પાપ પ્રવૃત્તિ) તે દુષ્ટ પાપને હું ગહુઁ છું એટલે ગુરૂની સાક્ષીએ નિંદું છું. ૫૦

मिच्छत्ततमंधेणं, अरिहंताइसु अवन्नवयणं जं ।
अन्नानेण विरइअं, इण्हि गरिहामि तं पावं ॥५१॥

અર્થ :– મિથ્યાત્વરૂપ અંધારાએ અંધ થયેલા મારા વડે અજ્ઞાનથી અરિહંતાદિકમાં જે અવર્ણવાદ, વિશેષે કર્યો હોય તે પાપને હમણાં હું ગર્હું છું.–નિંદું છું. ૫૧

सुअधम्म–संघ–साहुसु, पावं पडिणीअयाइ जं रइअं।
अन्नेसु अ पावेसु, इण्हि गरिहामि तं पावं ॥५२॥

અર્થ :– શ્રુત ધર્મ, સંઘ, અને સાધુઓમાં શત્રુપણાએ જે પાપ મેં આચર્યું હોય તે, અને બીજા પાપસ્થાનકોમાં જે પાપ લાગ્યું હોય તે પાપ હમણાં હું ગર્હું છું. ૫૨

अन्नेसु अ जीवेसु, मित्ती–करुणाइ–गोअरेसु कयं ।
परिआवणाइ दुक्खं, इण्हि गरिहामि तं पावं ॥५३॥

અર્થ :– બીજા પણ મૈત્રી કરૂણાદિક વિષયરૂપ જીવોમાં પરિતાપનાદિક દુઃખ ઉપજાવ્યું હોય તો પાપને હું હમણાં નિંદુ છું. ૫૩

जं मण-वय-काएहिं, कय-कारिअ-अणुमईहिं आयरिअं।
धम्मविरुद्धमसुद्धं, सव्वं गरिहामि तं पावं ॥५४॥

અર્થ :– મન, વચન, અને કાયાએ કરી કરવા, કરાવવા, અને અનુમોદવા વડે આચરેલું જે ધર્મથી વિરૂદ્ધ અને અશુદ્ધ એવું સર્વ પાપ તેને હું નિંદુ છું. ૫૪

अह सो दुक्कडगरिहा,-दलिउक्कडदुक्कडो फुडं भणइ ।
सुक्कडाणुराय–समुइन्न,–पुन्न–पुलयंकुर–करालो ॥५५॥

અર્થ :- હવે દુષ્કૃતની નિંદાથી આકરાં પાપ કર્મોનો નાશ કરનાર અને સુકૃતના રાગથી વિકસ્વર થએલી પવિત્ર રોમરોજી-વાળો તે જીવ પ્રગટ (નીચે પ્રમાણે કહે છે. ૫૫

अरिहत्तं अरिहंतेसु, जं च सिद्धत्तणं च सिद्धे।
आयारं आयरिए, उवज्झायत्तं उवज्झाए। ॥५६॥

અર્થ :- અરિહંતોને વિષે અરિહંતપણું, વળી સિદ્ધોને વિષે જે સિદ્ધપણું, આચાર્યમાં જે આચાર, અને ઉપાધ્યાયમાં ઉપાધ્યાયપણું. ૫૬

साहूण माहुचरिअं, देसविरइं च सावयजमाणं।
अणुमन्ने सव्वेसिं, सम्मत्तं सम्मदिट्ठीणं ॥५७॥

અર્થ :- સાધુઓનું જે ઉત્તમ ચરિત્ર, અને શ્રાવક લોકોનું દેશવિરતિપણું, અને સમકિતદૃષ્ટિનું સમકિત એ સર્વને હું અનુમોદું છું. ૫૭

अहवा सव्वं चिअ वीअ-रायवयणाणुमारि जं सुकडं।
कालत्तएवि तिविहं, अणुमोएमो तयं सव्वं ॥५८॥

અર્થ :- અથવા વીતરાગના વચનને અનુસારે જે સર્વ સુકૃત ત્રણે કાળમાં કર્યું હોય તે ત્રણે પ્રકારે (મન, વચન, ને કાયાએ કરી) અમે અનુમોદીએ છીએ. ૫૮

सुहपरिणामो निच्चं, चउसरणगमाइ आयरं जीवो ।
कुसलपयडीउ बंधइ, बद्धाउ सुहाणुबंधाउ ॥५९॥

અર્થ :– નિરંતર શુભ પરિણામવાળો જીવ ચાર શરણની પ્રાપ્તિ વગેરેને આચરતો પુન્ય પ્રકૃતિઓને બાંધે છે. અને (અશુભ) બાંધેલીને શુભ અનુબંધવાળી કરે છે. ૫૯

मंदणुभावा बद्धा, तिव्वाणुभावा उ कुणइ ता चेव ।
असुहाउ निरणुबंधाउ, कुणइ तिव्वाउ मंदाउ ॥६०॥

અર્થ :– વળી તે શુભ પરિણામવાળો જીવ જે શુભ પ્રકૃતિઓ મંદ રસવાળી બાંધી હોય તેનેજ તીવ્ર રસવાળી કરે છે, અને અશુભ (મંદ રસવાળી) પ્રકૃતિઓને અનુબંધ રહિત કરે છે, અને તીવ્ર રસવાળીને મંદ રસવાળી કરે છે. ૬૦

ता एयं कायव्वं, बुहेहि निच्चंपि संकिलेसम्मि ।
होइ तिकालं सम्मं, असंकिलेसंमि सुकयफलं ॥६१॥

અર્થ :– તે માટે પંડિતોએ હંમેશાં સંક્લેશમાં (રોગાદિ કારણમાં) એ કરવું, અસંક્લેશપણામાં ત્રણ કાળ સારી રીતે કરેલું તે સુકૃત ફલ (પુન્યાનુબંધિ પુન્ય) વાળું થાય છે. ૬૧

चउरंगो जिणधम्मो, न कओ चउरंगसरणमवि न कयं ।
चउरंगभवुच्छेओ, न कओ हारिओ जम्मो ॥६२॥

અર્થ :- જેણે (દાન, શિયળ, તપ, અને ભાવરૂપ) ચાર અંગવાળો જિનધર્મ ન કર્યો, જેણે (અરિહંતાદિ) ચાર પ્રકારનું શરણુ પણ ન કર્યું તેમજ જેણે ચાર ગતિરૂપ સંસારનો છેદ ન કર્યો, તે ખરેખર મનુષ્ય જન્મ હારી ગયો. ૬૨

इअ जीव पमायमहारि,-वीरभद्दंतमेयमज्झयणं।
झाएसु तिसंझमवंझ,-कारणं निव्वुइसुहाणं ॥६३॥

અર્થ :- હે જીવ ! આ રીતે પ્રમાદરૂપી મોટા શત્રુને જીતનાર, કલ્યાણરૂપ અને મોક્ષના સુખોના અવંધ્ય કારણભૂત આ અધ્યયનનું ત્રણ સંધ્યાએ ધ્યાન કર. ૬૩

॥ इति श्रीवीरभद्राचार्यकृत-
चतुःशरण-प्रकीर्णकं समाप्तं ॥२॥

卐

॥३॥ महापच्चक्खाण-पयन्नो ॥

एस करोमि पणामं, तित्थयराणं अणुत्तरगईणं ।
सव्वेसिं च जिणाणं, सिद्धाणं संजयाणं च ॥१॥

અર્થ :- આ હું ઉત્કૃષ્ટ ગતિવાળા તીર્થંકરોને, સર્વ જિનોને, સિદ્ધોને અને સંયતો (સાધુઓ) ને નમસ્કાર કરૂં છું. ૧

सव्वदुक्खप्पहीणाणं, सिद्धाणं अरहओ नमो ।
सद्दहे जिणपन्नत्तं, पच्चक्खामि य पावगं ॥२॥

અર્થ :- સર્વ દુઃખ રહિત એવા સિદ્ધોને અને અરિહંતોને નમસ્કાર થાઓ, જિનેશ્વર ભગવાને ભાખેલું સર્વ સદ્દહું છું. અને પાપના યોગને પચ્ચખ્ખું છું. ૨

जं किंचिवि दुच्चरियं, तमहं निंदामि सच्च(व्व)भावेणं ।
सामाइयं च तिविहं, करेमि सव्वं निरागारं ॥३॥

અર્થ :- જે કંઈ પણ માઠું આચરણ મારાથી થયું હોય તે હું સાચા ભાવથી નિંદું છું, અને મન, વચન ને કાયા એ ત્રણ પ્રકારે સર્વ નિરાગાર (આગાર રહિત) સામાયક કરૂં છું. ૩

बाहिरब्भिंत्तरं उवहिं, सरीरादि सभोअणं ।
मणसा वयकाएणं, सव्वं तिविहेण वोसिरे ॥४॥

અર્થ :- બાહ્ય ઉપધિ (વસ્ત્રાદિક), અભ્યંતર ઉપધિ (ક્રોધાદિક) શરીર વિગેરે ભોજન સહિત સર્વને (મન, વચન ને કાયા એ) ત્રણ પ્રકારે વોસિરાવું છું. ૪

रागवंधं पओसं च, हरिसं दीणभावियं ।
उस्सुगत्तं भयं सोगं, रइं भयं च वोसिरे ॥५॥

અર્થ :- રાગનો બંધ, દ્વેષ, હર્ષ, દીનપણું, આકુલપણું, ભય, શોક, રતિ અને મદને વોસિરાવું છું. ૫

रोसेण पडिनिवेसेण, अकयण्णुआ तहेवऽसज्झाए ।
जो मे किंचिविभणिओ, तिविहं तिविहेण खामेमि॥६॥

અર્થ :- રોષ વડે, કદાગ્રહ વડે, અકૃતજ્ઞતા વડે તેમજ અસત્ ધ્યાનવડે જે કાંઇ હું અવિનયપણે બોલ્યો હોઉ તે ત્રિવેધે ત્રિવેધે ખામવું છું. ૬

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
आसवे वोसरत्ताणं, समाहिं पडिसंधए ॥७॥

અર્થ :- સર્વ જીવને ખામવું છું. સર્વે જીવો મને ખમો, આશ્રવોને વોસિરાવીને સમાધિ (શુભ) ધ્યાનને આદરૂં છું. ૭

निंदामि निंदणिज्जं,

गरिहामि अ जं च मे गरहणिज्जं ।

आलोएमि अ सव्वे, जिणेहिं जं जं च पडिकुट्ठं ॥८॥

અર્થ :– જે નિંદવા યોગ્ય હોય તેને હું નિંદું છું. અને જે ગુરૂ સાક્ષીએ નિંદવા યોગ્ય હોય તેને ગર્હું છું. અને જે જે નિષેધ્યું છે તે સર્વને આલોચું છું. ૮

उवही सरीरगं चेव, आहारं च चउव्विहं ।

ममत्तं सव्वदव्वेसु, परिजाणामि केवलं ॥९॥

અર્થ :– ઉપધિ, શરીર અને ચતુર્વિધ આહાર અને સર્વ દ્રવ્યોને વિષે મમતા તે સર્વને જાણીને ત્યાગ કરૂં છું. ૯

ममत्तं परिजाणामि, निम्ममत्ते उवट्ठिओ ।

आलंबणं च मे आया, अवसेसं च वोसिरे ॥१०॥

અર્થ :– નિર્મમપણાને વિષે ઉદ્યમવંત થએલો હું મમતાનો સમસ્ત પ્રકારે ત્યાગ કરૂં છું. એક મારે આત્માનું જ આલંબન છે; બીજું સર્વ વોસિરાવું છું. ૧૦

आया मे जं नाणे, आया मे दंसणे चरित्ते ।

आया पच्चक्खाणे, आया मे संजमे जोगे ॥११॥

અર્થ :– મારૂં જે જ્ઞાન તે મારો આત્મા છે, આત્મા

તેજ મારૂં દર્શન અને ચારિત્ર છે, આત્મા તેજ પચ્ચકખાણ છે, આત્મા તેજ મારૂં સંજમ અને તેજ મારો જોગ છે. ૧૧

मूल-गुण-उत्तर-गुणे, जे मे नाराहिआ पमाएणं ।
ते सव्वे निंदामि, पडिक्कमे आगमिस्साणं ॥१२॥

અર્થ :- મૂલ ગુણ અને ઉત્તમ ગુણ જે મેં પ્રમાદવડે ન આરાધ્યા હોય તે સર્વને હું નિંદુ છું. અને આગામી કાલને વિષે થનારાથી હું પાછો વળું છું. ૧૨

इक्कोहं नत्थि मे कोइ, न चाहमवि कस्सई ।
एवं अदीणमणसो, अप्पाणमणुसासए ॥१३॥

અર્થ :- હું એકલો છું, મારૂં કોઇ નથી, અને હું પણ કોઇનો નથી એમ અદીન ચિત્તવાળો આત્માને શિક્ષા આપે. ૧૩

इक्को उप्पज्जए जीवो, इक्को चेव विवज्जई ।
इक्कस्स होइ मरणं, इक्को सिज्झइ नीरओ ॥१४॥

અર્થ :- જીવ એકલોજ ઉપજે છે, અને એકલોજ નાશ પામે છે. એકલાનેજ મરણ હોય છે અને એકલોજ જીવ કર્મ રજ રહિત થઇને મોક્ષ પામે છે. ૧૪

इक्का करेइ कम्मं, फलमवि तस्सिक्कओ समणुहवइ ।
इक्को जायइ मरइ, परलोअं इक्कओ जाइ ॥१५॥

અર્થ :- એકલો કર્મ કરે છે, તેનું ફલ પણ એકલોજ

અનુભવે છે, એકલો જન્મે છે ને મરે છે ને પરલોકમાં એકલોજ ઉત્પન્ન થાય છે. ૧૫

इक्को मे सासओ अप्पा, नाण–दंसण–लक्खणो ।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥१६॥

અર્થ :– જ્ઞાન, દર્શન, લક્ષણવંત એકલો મારો આત્મા શાશ્વતો છે; બાકીના મારા બાહ્ય ભાવ સર્વે સયોગરૂપ છે. ૧૬

संजोगमूला जीवेण, पत्ता दुक्खपरंपरा ।
तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरे ॥१७॥

અર્થ :– સંયોગ છે મૂલ જેનું એવી દુઃખની પરંપરા જીવ પામ્યો તે માટે સર્વ સંયોગ સંબંધને ત્રિવિધ વોસિરાવું છું. ૧૭

अस्संजममन्नाणं, मिच्छत्तं सवओ वि अ ममत्तं ।
जीवेसु अजीवेसु अ, त्तं निंदे तं च गरिहामि ॥१८॥

અર્થ :– અસંયમ, અજ્ઞાન, મિથ્યાત્વ, અને જીવને વિષે અને અજીવને વિષે મમત્વ, તેને નિંદું છું. અને ગુરૂની સાખે ગર્હું છું. ૧૮

मिच्छत्तं परिजाणामि, सव्वं असंजमं अलिय च ।
सवतो अ ममत्तं, चयामि सव्वं च खामेमि ॥१९॥

અર્થ :– મિથ્યાત્વને સારી રીતે જાણું છું. તેથી સર્વ

અસત્ય વચનને અને સર્વ થકી મમતાને છાંડું છું અને સર્વને ખમાવું છું. ૧૯

जे मं जाणंति जिणा, अवराहा जेसु जेसु ठाणेसु ।
तं तह आलोएमि, उवट्ठिओ सव्वभावेणं ॥२०॥

અર્થ :- જે જે ઠેકાણે મારા અપરાધો થએલા જિનેશ્વર ભગવાન જાણે છે તેમને સર્વ પ્રકારે ઉપસ્થિત થએલો હું તેમજ આલોચું છું. ૨૦

उप्पन्नाणुप्पन्ना, माया अणुसग्गओ निहंतव्वा ।
आलोअण-निंदण-गरिहणाहिं,
न पुणुत्तिआ बीअं ॥२१॥

અર્થ :- ઉત્પન્ન થતી એટલે વર્તમાન કાલની અનુત્પન્ન થએલી એટલે ભવિષ્યકાલની માયા બીજીવાર ન કરૂં એ રીતે આલોચન નિંદન અને ગર્હાવડે ત્યાગ કરૂં છું. ૨૧

जह बालो जंपंतो, कज्जमकज्जं च उज्जुअं भणइ ।
तं तह आलोइज्जा, माया मय विप्पमुक्कोउ ॥२२॥

અર્થ :- જેમ બોલતું બાલક કાર્ય અને અકાર્ય બંધુએ સરલપણે કહી દે તેમ માયા અને મદવડે રહિત પુરૂષ સર્વ પાપ આલોચે. ૨૨

सोही उज्जुअभूअस्स, धम्मो सुद्धस्स चिट्ठइ।
निव्वाणं परमं जाइ, घयसित्तिव्व पावणा ॥२३॥

અર્થ :- જેમ ઘીવડે સિંચેલો અગ્નિ દીપે તેમ સરલ થએલા માણસને આલોઅણ શુદ્ધ થાય અને શુદ્ધ થએલાને વિષે ધર્મ સ્થિર રહે અને પરમ નિર્વાણ એટલે મોક્ષને પામે. ૨૩

न हु सिज्जइ ससल्लो, जह भणियं सासणे धुअरयाणं।
उद्धरिअ-सव्व-सल्लो, सिज्जइ जीवो धुअकिलेसो ॥२४॥

અર્થ :- શલ્ય સહિત માણસ સિદ્ધિ પામે નહિ, એમ પાપ મેલ ખરી ગએલા (વીતરાગ) ના શાસનમાં કહેલું છે; માટે સર્વ શલ્યને ઉદ્ધરીને કલેશ રહિત એવો જીવ સિદ્ધિ પામે છે. ૨૪

सुवहुंपि भावसल्लं, आलोएऊण गुरुसगासंमि।
निस्सल्ला संथारग,-मुविंति आराहगा हुंति ॥२५॥

અર્થ :- ઘણું પણ ભાવ શલ્ય ગુરૂની પાસે આલોઇને નિઃશલ્ય થઈ સંથારો (અણશણ) આદરે તો તેઓ આરાધક થાય છે. ૨૫

अप्पंपि भावसल्लं, जे नालोअंति गुरुसगासंमि।
धंतंपि अ सुअसमिद्धा, न हु ते आराहगा हुंति ॥२६॥

અર્થ :- જેઓ થોડું પણ ભાવ શલ્ય ગુરૂની પાસે ન આલોવે તે અત્યંત જ્ઞાનવંત છતાં પણ આરાધક ન થાય ૨૬

न वि तं सत्थं च विसं च, दुप्पउत्तो व कुणइ बेआलो।
जंत च दुप्पउत्तं, सप्पुव्व पमायओ कुध्धो ॥२७॥

અર્થ :- ખરાબ રીતે વાપરેલું શસ્ત્ર, વિષ, દુઃપ્રયુક્ત વૈતાલ, દુઃપ્રયુક્ત યંત્ર, અને પ્રમાદથી કોપેલો સાપ તેવું કામ ન કરે. (જેવું ભાવ શલ્ય કરે.) ૨૭

जं कुणइ भावसल्लं, अणुद्धिअं उत्तमट्ठकालंमि।
दुल्लभबाहिअत्तं, अणंत-संसारिअत्तं च ॥२८॥

અર્થ :- જે કારણથી અંત કાલે અણઉદ્ધરેલું ભાવ શલ્ય દુર્લભ બોધિપણું અને અંત સંસારીપણું કરે છે. ૨૮

ता उध्धरंति गारव-रहिआ मूलं पुणब्भवलयाणं।
मिच्छादंसणसल्लं, मायासल्लं नियाणं च ॥२९॥

અર્થ :- તેથી ગારવ રહિત જીવો પુનર્ભવ રૂપી લત્તાઓના મૂલ સરખા મિથ્યાદર્શન શલ્ય, માયા શલ્ય અને નિયાણ શલ્યને ઉદ્ધરે છે. ૨૯

कयपावोवि मणूसो, आलोइअ निंदिअ गुरुसगासे।
होइ अइरेगलहूओ, ओहरिअभरुव्व भारवहो ॥३०॥

અર્થ :- જેમ ભારનો વહન કરનારો માણુસ ભાર ઉતારીને હળવો થાય તેમ પાપનો કરનારો પણ માણુસ (પાપને) આલાઇને અને ગુરૂની પાસે નિંદીને ઘણોજ હળવો થાય છે. ૩૦

तस्स य पायच्छित्तं, जं मग्गविऊ गुरु वइस्संति ।
तं तह अणुसरियव्वं, अणवत्थ–पसंग-भीएण ॥३१॥

અર્થ :– માર્ગને જાણનારા ગુરૂ તેનું જે પ્રાયશ્ચિત કહે છે તે અનવસ્થાના પ્રસંગની બીકવાલા માણસે તેમજ અનુસરવું. ૩૧

दस-दोस-विप्पमुक्कं, तम्हा सव्वं अगूहमाणेण ।
जं किंपि कयमकज्जं, तं जहवत्तं कहेवअव्वं ॥३२॥

અર્થ :– તે માટે જે કંઈ અકાર્ય કર્યું હોય તે સર્વે છુપાવ્યા સિવાય દસ દોષ રહિત જેમ થયું હોય તેમજ કહેવું જોઈએ. ૩૨

सव्वं पाणारंभं, पच्चक्खामि अलियवयणं च ।
सव्वं अदत्तादाणं, अबंभं परिग्गवहं चेव ॥३३॥

અર્થ :– સર્વ પ્રાણીઓના આરંભ, સર્વ અસત્ય વચન, સર્વ અદત્તાદાન, સર્વ મૈથુન અને સર્વ પરિગ્રહનો હું ત્યાગ કરૂં છું. ૩૩

सव्वं च असणपाणं, चउव्विहं जो अ बाहिरो उवहिं ।
अब्भितरं च उवहिं, सव्वं तिविहेण वोसिरे ॥३४॥

અર્થ :– સર્વ અશન અને પાનાદિક ચતુર્વિધ આહાર અને જે (બાહ્ય પાત્રાદિ) ઉપધિ અને કષાયાદિ અભ્યંતર ઉપધિ તે સર્વને ત્રિવિધે વોસિરાવું છું. ૩૪

कंतारे दुब्भिक्खे, आयंके वा महया समुत्पन्ने ।
जं पालिअं न भग्गं, तं जाणसु पालणासिद्धं ॥३५॥

અર્થ :- વનમાં, દુકાલમાં અથવા મોટો રોગ ઉત્પન્ન થયે છતે જે વ્રત પાલ્યું અને ન ભાગ્યું તે શુદ્ધ પાલ્યું સમજવું. ૩૫

रागेण व दोसेण व, परिणामेण व न दूसिअं जं तु ।
तं खलु पच्चक्खाणं, भावविसुद्धं मुणेयव्वं ॥३६॥

અર્થ :- રાગે કરીને, દ્વેષે કરીને અથવા પરિણામે કરીને જે પચ્ચખ્ખાણ દુષિત ન કર્યું તે ખરેખર ભાવ વિશુદ્ધ પચ્ચખ્ખાણ જાણવું. ૩૬

पीअं थणयच्छिरं, सागरसलिलाओ बहुत्तरं हुज्जा ।
संसारभि अणंते, माईणं अन्नमन्नाणं ॥३७॥

અર્થ :- આ અનંત સંસારને વિષે નવી નવી માતાઓનાં દૂધ જીવે પીધાં તે સમુદ્રના પાણીથી પણ વધારે થાય છે. ૩૭

बहुसोवि मए रुण्णं, पुणो पुणो तासु तासु जाईसु ।
नयणोदयंपि जाणसु, बहुअरं सागरजलाओ ॥३८॥

અર્થ :- તે તે જાતિઓમાં વારંવાર મેં ઘણું રૂદન કર્યું તે નેત્રના આંસુનું પાણી પણ સમુદ્રના પાણીથી વધારે જાણવું. ૩૮

नत्थि किर सो पएसो, लोए बालग्गकोडिमित्तोवि ।
संसारे संसरंतो, जत्थ न जाओ मओ वावि ॥३९॥

અર્થ :- એવો કોઈ પણ વાળના અગ્ર ભાગ જેટલો પ્રદેશ નથી કે જ્યાં સંસારમાં ભમતો જીવ જન્મ્યો નથી અને મર્યો નથી. ૩૯

चुलसीइ किल लोए, जोणीणं पमुहसयसहस्साइं।
इक्किक्कंमि अ इत्तो. अणंतखुत्तो समुप्पन्नो ॥४०॥

અર્થ :- લોકને વિષે ખરેખર ચોરાશી લાખ જીવા યોનિઓ છે. તેમાંની એકેક યોનિમાં જીવ અનંતી વાર ઉત્પન્ન થયો છે. ૪૦

उड्ढमहे तिरिअंमि अ, मयाइं बहुयाइं बालमरणाइं।
तो ताइं संभरंतो, पंडिअमरणं मरीहामि ॥४१॥

અર્થ :- ઉર્ધ્વ લોકને વિષે, અધો લોકને વિષે અને તિર્યગ્ લોકને વિષે હું ઘણાં બાલ મરણ પામ્યો છું, તો તે મરણોને સંભારતો પંડિત મરણે હું મરીશ. ૪૧

माया मित्ति पिया मे, भाया भगिणी अ पुत्त धीया य।
एयाइं संभरंतो, पंडियमरणं मरीहामि ॥४२॥

અર્થ :- મારી માતા, મારા પિતા, મારા ભાઈ, મારી બેન, મારો પુત્ર, મારી પુત્રી, એ બધાંને સંભારતો હું પંડિત મરણ મરીશ. ૪૨

माया-पिइ-बंधूहिं, संसारत्थेहिं पूरिओ लोगो।
बहु-जोणि-निवासिएहिं न य ते ताणं च सरणं च ॥४३॥

અર્થ :- સંસારમાં રહેલા ને ઘણી યોનિમાં નિવાસ કરતા માતા, પિતા અને બંધુઓ વડે આખો લોક ભરેલો છે, તે તારૂં ત્રાણુ તથા શરણુ નથી. ૪૩

इक्को करेइ कम्मं, इक्को अणुहवइ दुक्कयविवागं ।
इक्को संसरइ जिओ, जर-मरण-चउग्गइ-गुविलं ॥४४॥

અર્થ :- જીવ એકલો કર્મ કરે છે, અને તે એકલો જ માઠાં કરેલાં પાપના ફલને ભોગવે છે, અને એકલોજ જરા મરણુવાલા ચતુર્ગતિ રૂપ ગહન વનમાં ભમે છે. ૪૪

उव्वेवणयं जम्मणमरणं, नरएसु वेअणाओ वा ।
एआइं संभरंतो, पंडियमरणं मरिहामि ॥४५॥

અર્થ :- નરકમાં જન્મ અને મરણુ ઉદ્વેગ કરનારાં છે, નરકમાં અનેક વેદનાઓ છે એ સંભારતો હું પંડિત મરણુ મરીશ. ૪૫

उव्वेवणयं जम्मणमरणं, तिरिएसु वेअणाओ वा ।
एआइं संभरंतो, पंडियमरणं मरिहामि ॥४६॥

અર્થ :- તિર્યંચની ગતિમાં ઉદ્વેગના કરનારા જન્મ અને મરણુ છે, અથવા અનેક વેદનાઓ છે એ સંભારતો હું પંડિત મરણુ મરીશ. ૪૬

उव्वेवणयं जम्मणमरणं, मणुएसु वेअणाओ वा ।
एआइं संभरंतो, पंडियमरणं मरिहामि ॥४७॥

અર્થ :- મનુષ્યની ગતિમાં જન્મ અને મરણ છે અથવા વેદનાઓ છે, એ સંભારતો હું પંડિત મરણ મરીશ. ૪૭

उव्वेवणयं जंमणमरणं, चवणं देवलोगाओ ।
एआइं संभरंतो, पंडियमरणं मरीहामि ॥४८॥

અર્થ :- દેવલોકમાં જન્મ, મરણ ઉદ્વેગ કરનારા છે અને દેવલોકથી ચવવું થાય છે એ સંભારતો હું પંડિત મરણ મરીશ. ૪૮

इक्कं पंडियमरणं. छिंदइ जाइ-सयाइं बहुआइं ।
तं मरणं मरिअव्वं, जेण मओ सम्मओ होइ ॥४९॥

અર્થ :- એક પંડિત મરણ બહુ સેંકડો જન્મોને (મરણોને) છેદે છે તે મરણ મરવું જોઈએ કે જે મરણ વડે મરેલો શુભ મરણવાલો થાય. ૪૯

कइआ णु तं सुमरणं, पंडिअमरणं जिणेहिं पन्नत्तं ।
सुद्धो उद्धरिअसल्लो, पाओवगओ मरीहामि ॥५०॥

અર્થ :- ક્યારે તે શુભ મરણ જે જિનેશ્વર ભગવાનોએ કહેલું શુભ મરણ-પંડિત મરણ તેને શુદ્ધ એવો અને શલ્ય રહિત એવો હું પાદોપગમ અણુશણ લેઈ મરણ પામીશ. ૫૦

भवसंसारे सव्वे, चउव्विहा, पुग्गला मए बद्धा ।
परिणाम-पसंगेणं, अट्ठविहे कम्मसंधाए ॥५१॥

અર્થ :– સર્વ ભવ સંસારને વિષે પરિણામના પ્રસંગવડે ચાર પ્રકારના પુદ્‌ગલો મેં બાંધ્યા અને આઠ પ્રકારના કર્મોનો સમુદાય મેં બાંધ્યો. ૫૧

संसार-चक्कवाले, सव्वे ते पुग्गला मए बहुसो ।
आहारिआ य परिणामिआ,
य न यऽहं गओ तित्तिं ॥५२॥

અર્થ :– સંસારચક્રને વિષે તે સર્વે પુદ્‌ગલો મેં ઘણી વાર આહારપણે લેઈ પરીણમાવ્યા તો પણ તૃપ્તિ થઇ નહિ. ૫૨

आहार-निमित्तेणं, अहयं सव्वेसु नरेयलोएसु ।
उववण्णोमि व बहुसो, सव्वासु अ मिच्छजाईसु ॥५३॥

અર્થ :– આહારના નિમિત્તે હું સર્વ નરક લોકને વિષે ઘણી વાર ઉપન્યો છું તેમજ સર્વ મ્લેચ્છ જાતિઓમાં ઉપન્યો છું. ૫૩

आहार-निमित्तेण, मच्छा गच्छंति दारुणे नरए ।
सच्चित्तो आहारो, न खमो मणसा वि पत्थेउं ॥५४॥

અર્થ :– આહાર નિમિત્તે મત્સ્ય ભયંકર નરકને વિષે જાય છે, તેથી સચિત્ત આહાર મનવડે પણ પ્રાર્થવાને યુક્ત નથી. ૫૪

तणकट्ठेण व अग्गी, लवणजलो वा नईसहस्सेहिं ।
न इमो जीवो सक्को, तिप्पेउं कामभोगेहिं ॥५५॥

અર્થ :- તૃણ અને કાષ્ટવડે જેમ અગ્નિ, અથવા હજારો નદીઓ વડે જેમ લવણ સમુદ્ર તૃપ્ત થતો નથી, તેમ આ જીવ કામ ભોગો વડે તૃપ્ત થઈ શકતો નથી. ૫૫

तणकट्ठेण व अग्गी, लवणजलो वा नईसहस्सेहिं ।
न इमो जीवो सक्को, तिप्पेउं अत्थसारेणं ॥५६॥

અર્થ :- તૃણ અને કાષ્ટવડે જેમ અગ્નિ, અથવા હજારો નદીઓ વડે જેમ લવણ સમુદ્ર તૃપ્ત થતો નથી, તેમ આ દ્રવ્ય વડે તૃપ્ત થતો નથી. ૫૬

तणकट्ठेण व अग्गी, लवणजलो वा नईसहस्सेहिं ।
न इमो जीवो सक्को, तिप्पेउं गंधमल्लेहिं ॥५७॥

અર્થ :- તૃણ અને કાષ્ટ વડે જેમ અગ્નિ, અથવા હજારો નદીઓ વડે જેમ લવણ સમુદ્ર તૃપ્ત થતો નથી, તેમ આ જીવ ગંધમાલ્યોના ભોગવડે તૃપ્ત થતો નથી. ૫૭

तणकट्ठेण व अग्गी, लवणजलो वा नईसहस्सेहिं ।
न इमो जीवो सक्को, तिप्पेउं भोअणविहीए ॥५८॥

અર્થ :- તૃણ અને કાષ્ટ વડે જેમ અગ્નિ, અથવા હજારો નદીઓવડે જેમ લવણસમુદ્ર તૃપ્ત થતો નથી, તેમ આ જીવ ભોજન-વિધિવડે તૃપ્ત થતો નથી. ૫૮

वलयामुहसामाणो दुप्पांरो व णरओ अपरिमिज्जो ।
न इमो जीवो सक्को, तिप्पेउं गंधमल्लेहिं ॥५९॥

અર્થ :- વડવાનલ જેવા અને દુઃખે પાર પામીએ એવા અપરિમિત ગંધમાલ્યવડે આ જીવ તૃપ્ત થઈ શકતો નથી. ૫૯

अविअड्ढो अ जीवो, अइअकालंमि आगमिस्साए ।
सद्दाण य रूवाण य, गंधाण रसाण फासाणं ॥६०॥

અર્થ :- અવિદગ્ધ (મૂર્ખ) એવો આ જીવ અતીત કાલને વિષે અને અનાગત કાલને વિષે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચ વિષયે કરી તૃપ્ત ન થયો ને થશે નહિ. ૬૦

कप्पतरु-संभवेसु, देवुत्तरकुरुवंस-पसूएसु ।
उववाएण य तित्तो, न य नर-विज्जाहर-सुरेसु ॥६१॥

અર્થ :- દેવકુરૂ, ઉત્તરકુરૂમાં ઉત્પન્ન થએલા કલ્પવૃક્ષોથી મળેલા સુખથી તેમજ મનુષ્ય વિદ્યાધર અને દેવોને વિષે ઉત્પન્ન થએલા સુખવડે આ જીવ તૃપ્ત થયો નહિ. ૬૧

खइएण व पीएण व, न य एसो ताइओ हवइ अप्पा ।
जइ दुग्गइं न वच्चइ, तो नूणं ताइओ होइ ॥६२॥

અર્થ :- ખાવાવડે તેમજ પીવાવડે આ આત્મા બચાવાતો નથી; જો દુર્ગતિમાં ન જાય તો નિશ્ચે બચાવાએલો કહેવાય. ૬૨

देविंदचक्कवट्टित्तणाइं, रज्जाइं उत्तमा भोगा ।
पत्ता अणंतखुत्तो न य हं तित्तिं गओ तेहिं ॥६३॥

અર્થ :- દેવેન્દ્ર અને ચક્રવર્તિપણાના રાજ્યો તથા ઉત્તમ ભોગો અનંતીવાર પામ્યા પણ તેઓ વડે હું તૃપ્તિ પામ્યો નહિ. ૬૩

खीरदधिच्छुरसेसुं, साऊसु महोदहीसु बहुसोवि।
उववण्णा न य तण्हा, छिन्ना मे सीयलजलेण ॥६४॥

અર્થ :- દૂધ, દહીં, અને શેરડીના રસ સમાન સ્વાદિષ્ટ મોટા સમુદ્રોને વિષે ઘણીવાર હું ઉત્પન્ન થયો તો પણ શીતળ જળવડે મારી તૃષ્ણા ન છીપી. ૬૪

तिविहेण य सुहमउलं, तम्हा काम-रइ-विसय-सुक्खाणं।
बहुसो सुहमणुभूअं, न य सुहतण्हा परिच्छिण्णा ॥६५॥

અર્થ :- મન, વચન ને કાયા એ ત્રણ પ્રકારે કામ ભોગના વિષય સુખોના અતુલ સુખને મેં બહુવાર અનુભવ્યાં તો પણ સુખની તૃષ્ણા શમી નહિ. ૬૫

जा काइ पत्थणाओ, कया मए राग-दोस-वसएण।
पडिबंधेण बहुविहं, तं निंदे तं च गरिहामि ॥६६॥

અર્થ :- જે કોઈ પ્રાર્થના મેં રાગ દ્વેષને વશ થઈ પ્રતિબંધે કરી ઘણા પ્રકારે કરી હોય તે હું નિંદુ છું અને ગુરૂની સાક્ષીએ ગરહું છું. ૬૬

हंतूण मोहजालं, छित्तूण य अट्ठकम्मसंकलिअं।
जंमणमरणरहट्टं, भित्तूण भवाउ मुच्चिहिसि ॥६७॥

અર્થ :- મોહજાલને હણીને, આઠ કર્મની સાંકલને છેદીને અને જન્મ મરણરૂપી અરહટ્ટને ભાગીને તું સંસારથી મૂકાઈશ. ૬૭

पंच य महव्वयाइं, तिविहं तिविहेण चारुहेउणं ।
मण-वयण-काय-गुत्तो, सज्जो मरणं परिच्छिजा ॥६८॥

અર્થ :- પાંચ મહાવ્રતને ત્રિવિધે ત્રિવિધે આરોપીને મન વચન અને કાય ગુપ્તિવાળો સાવધાન થઈ મરણને આદરે. ૬૮

कोहं माणं माया, लोहं पिज्जं तहेव दोसं च ।
चइउण अप्पमत्तो, रक्खामि महव्वए पंच ॥६९॥

અર્થ :- ક્રોધ, માન, માયા, લોભ, પ્રેમ તેમજ દ્વેષને ત્યજીને અપ્રમત્ત એવો હું પાંચ મહાવ્રતનું રક્ષણ કરૂં છું. ૬૯

कलहं अब्भक्खाणं, पेसुण्णं पि अ परस्स परिवायं ।
परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥७०॥

અર્થ :- કલહ, અભ્યાખ્યાન. ચાડી, વળી પરની નિંદાને ત્યાગ કરતો અને ત્રણ ગુપ્તિવાળો હું પંચ મહાવ્રતનું રક્ષણ કરૂં છું. ૭૦

पंचिंदिय-संवरणं, पंचेव निरुंभिउण कामगुणे ।
अच्चासायणभीओ, रक्खामि महव्वए पंच ॥७१॥

અર્થ :- પાંચ ઇંદ્રિયોને સંવારીને અને કામના પાંચ (શબ્દાદિ) ગુણોને રૂંધીને દેવ ગુરૂની અતિઆશાતનાથી બીતો હું પાંચ મહાવ્રતનું રક્ષણ કરૂં. ૭૧

किण्हा नीला काउ,—लेसा झाणाइं अट्टरुद्दाइं ।
परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥७२॥

અર્થ :— કૃષ્ણ લેશ્યા. નીલ લેશ્યા, કાપોત લેશ્યા, અને આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાનને વર્જતો થકો ગુપ્તિવાળો હું પંચ મહાવ્રતનું રક્ષણ કરૂં. ૭૨

तेउ पम्हा सुक्का, लेसा झाणाइं धम्मसुक्काइं ।
उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥७३॥

અર્થ :— તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યા તથા ધર્મ ધ્યાન ને શુકલ ધ્યાનને આદરતો અને તે સહિત પંચ મહાવ્રતનું રક્ષણ કરૂં. ૭૩

मणसा मणसच्चविऊ, वायासच्चेण करणसच्चेण ।
तिविहेण वि सच्चविऊ, रक्खामि महव्वए पंच ॥७४॥

અર્થ :— મનવડે મનને સત્યપણે, વચન સત્યપણે ને કર્તવ્ય સત્યપણે એ ત્રણ પ્રકારે સત્યપણે પ્રવર્તતો તથા જાણતો પંચ મહાવ્રતનું રક્ષણ કરૂં. ૭૪

सत्त-भय-विप्पमुक्को, चत्तारि निरुंभिऊण य कसाए ।
अट्ठ-मय-ट्ठाण-जड्ढो, रक्खामि महव्वए पंच ॥७५॥

અર્થ :— સાત ભયથી રહિત ચાર કષાયને રોકીને, આઠ મદના સ્નાતક રહિત થએલો હું પંચ મહાવ્રતનું રક્ષણ કરૂં છું. ૭૫

गुत्तीओ समिईई भावणाओ, नाणं त्र दंसणं चेव।
उवसंपत्तो जुत्तो, रक्खामि महव्वए पंच ॥७६॥

અર્થ :- ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, પચ્ચીશ ભાવનાઓ, જ્ઞાન અને દર્શનને આદરતો અને તે સહિત હું પંચ મહાવ્રતનું રક્ષણ કરૂં છું. ૭૬

एवं तिदंडविरओ, तिकरणसुद्धो तिसल्लनिस्सल्लो।
तिविहेण अप्पमत्तो, रक्खामि महव्वए पंत्र ॥७७॥

અર્થ :- એ પ્રમાણે ત્રણ દંડથી વિરક્ત, ત્રિકરણ શુદ્ધ, ત્રણ શલ્યથી રહિત અને ત્રિવિધે અપ્રમત્ત એવો હું પંચ મહાવ્રતનું રક્ષણ કરૂં છું. ૭૭

संगं परिजाणामि, सल्लं तिविहेण उद्धरेऊण।
गुत्तीओ समिईओ, मज्जं ताणं त्र सरणं त्र ॥७८॥

અર્થ :- સર્વ સંગને સમ્યક્ પ્રકારે જાણું છું. માયા શલ્ય નિયાણ શલ્ય અને મિથ્યાત્વ શલ્ય રૂપ ત્રણ શલ્યોને ત્રિવિધે ટાળીને ત્રણ ગુપ્તિઓ અને પાંચ સમિતિઓ મને રક્ષણ અને શરણ હો. ૭૮

जह खुहिअचक्कवाले, पोयं रयणभरियं समुद्दंमि।
निज्जामगा धरिंती, कयकरणा वुद्धिसंपन्ना ॥७९॥

અર્થ :- જેમ સમુદ્રનું ચક્રવાલ ક્ષોભે ત્યારે સમુદ્રને વિષે રત્નથી ભરેલા વહાણને કૃત કરણ અને બુદ્ધિવાળા વહાણવટીઓ રક્ષણ કરે છે. ૭૯

तवपोअं गुणभरीअं, परीसहुम्मीहिं खुहिअमारद्धं ।
तह आराहिंति विऊ, उवएसवलंबगा धीरा ॥८०॥

અર્થ :- તેમ ગુણ રૂપી રત્નવડે ભરેલું પરિસહ રૂપી કલ્લોલો વડે ક્ષોભાયમાન થવા શરૂ થએલું તપરૂપી વહાણ ઉપદેશ રૂપ આલંબનવાલા ધીર પુરૂષો આરાધે છે. ૮૦

जइ ताव ते सुपुरिसा, आयारोविअभरा निरवयक्खा ।
पब्भार-कंदर-गया, साहंति अप्पणो अट्ठं ॥८१॥

અર્થ :- જો આ પ્રમાણે આત્માને વિષે વ્રતનો ભાર મુકનાર, શરીરને વિષે નિરપેક્ષ અને પર્વતની ગુફામાં રહેલા એવા તે સત્પુરૂષો પોતાના અર્થને સાધે છે. ૮૧

जइ ताव ते सुपुरिसा,
गिरिकंदर-कडग-विसम-दुग्गेसु
धिइ-धणिअ-बद्ध-कच्छा,
साहंति अप्पणो अट्ठं ॥८२॥

અર્થ :- જો પર્વતની ગુફા, પર્વતની કરાડ, અને વિષમ સ્થાનકોમાં રહેલા, ધીરજવડે અત્યંત તૈયાર રહેલા તે સુપુરૂષો પોતાનો અર્થ સાધે છે. ૮૨

किं पुण अणगार-सहायगेण, अणुण्णसंगहबलेणं ।
परलोए णं सक्को, साहेउं अप्पणो अट्ठं ॥८३॥

અર્થ :– તો કેમ સાધુઓને સહાય આપનાર એવા અન્યો-અન્ય સંગ્રહના બલવડે એટલે વૈયાવચ્ચ કરવાવડે પરલોકના અર્થે પોતાનો અર્થ ન સાધી શકે ? (સાધી શકે.) ૮૩

जिणवयणमप्पमेअं, महुरं कण्णाहुइ सुणंतेण ।
सक्का हु साहुमज्झे, साहेउं अप्पणो अट्ठं ॥८४॥

અર્થ :– અલ્પ, મધુર, અને કાનને ગમતું, આ વીતરાગનું વચન, સાંભળતા જીવે સાધુઓની મધ્યે પોતાનો અર્થ સાધવાને ખરેખર સમર્થ થઈ શકાય. ૮૪

धीरपुरिसपन्नत्तं, सप्पुरिसनिसेवियं परमघोरं ।
धन्ना सिलायलगया, साहिंति अप्पणो अट्ठं ॥८५॥

અર્થ :– ધીર પુરૂષોએ પ્રરૂપેલો, સત્પુરૂષોએ સેવેલો અને પરમ મુશ્કેલ પોતાના અર્થને જે શિલાતલને વિષે રહેલા પુરૂષો સાધે છે તેઓને ધન્ય છે. ૮૫

बाहिंति इंदियाइं, पुव्वमकारिअ–पइण्णचारीणं ।
अकय-परिकंम-कीवा, मरणे सुह-संग-चायंमि॥८६॥

અર્થ :– પૂર્વે જેણે પોતાના આત્માને બાધામાં ન રાખ્યો હોય તેને ઇંદ્રિયો પીડા આપે છે, અને પરિસહ સહન નહિ કરવાથી મરણને વખતે સુખ છાંડતાં બીએ છે. ૮૬

पुव्वमकारिअजोगो, सेहाहिकामो अ मरणकालंमि ।
न भवइ परीसहसहो,
विसय–सुह-समुइओ अप्पा ॥८७॥

અર્થ :– પૂર્વે જેણે સંજમ જોગ પાળ્યો ન હોય, અને મરણકાળને વિષે સમાધિ ઇચ્છતો હોય તે વિષય સુખમાં લીન આત્મા પરિસહ સહન કરવાને સમર્થ થતો નથી. ૮૭

पुव्विं कारिअजोगो, समाहिकामो अ मरणकालंमि ।
संभवइ परीसहसहो,
विसय-सुह-निवारिओ अप्पा ॥८८॥

અર્થ :– પૂર્વે જેણે સંજમ જોગ પાળ્યો હોય, મરણના કાલે સમાધિને ઇચ્છતો હોય, અને વિષય સુખથકી આત્માને નીવાર્યો હોય તે પુરૂષ પરિસહ સહન કરવાને સમર્થ થઈ શકે. ૮૮

पुव्विं कारिअजोगो, अनिआणो ईहिऊण मइपुव्वं ।
ताहे मलिअकसाओ, सज्जो मरणं पडिच्छिज्जा ॥८९॥

અર્થ :– પૂર્વે સંજમ જોગ આરાધ્યો હોય, નિયાણા રહિત, બુદ્ધિપૂર્વક વિચારીને તે વખતે કષાયને ટાળીને સજ્જ થઇને મરણને અંગીકાર કરે. ૮૯

पावीणं पावाणं, कम्माणं अप्पणो सकंमाणं ।

सक्का पलाइउं जे, तवेण सम्मं पउत्तेणं ॥९०॥

अर्थ :- જે જીવોએ સમ્યક્ પ્રકારે તપ કર્યો હોય તે જીવો પોતાનાં આકરાં પાપ કર્મોને બાળવાને સમર્થ થઈ શકે છે. ૯૦

इक्कं पंडियमरणं पडिवज्जिअ सुपुरिसो असंभंतो।
खिप्पं सो मरणाणं, काही अंतं अणंताणं ॥९१॥

अर्थ :- એક પંડિત મરણને આદરીને તે અસંભ્રાંત સુપુરૂષ જલદીથી અનંત મરણનો અંત કરશે. ૯૧

किं तं पंडियमरणं, काणि व आलंबणाणि भणिआणि।
एयाइं नाऊणं, किं आयरिआ पसंसंति ॥९२॥

अर्थ :- તે કેવું પંડિત મરણ અને તેનાં કેવાં આલંબન કહ્યાં છે એ બધાં જાણીને આચાર્યો કોની પ્રશંસા કરે. ૯૨

अणसण-पाओवगमं, आलंबण-झाण-भावणाओ अ।
एआइं नाऊणं, पंडियमरणं पसंसंति ॥९३॥

अर्थ :- પાદોપગમ અણુશણ, ધ્યાન અને ભાવનાઓ તે આલંબન છે, એટલાં વાનાં જાણીને (આચાર્યો) પંડિત મરણને પ્રશંસે છે. ૯૩

इंदिय-सुह-साउलओ, घोर-परीसह-पराइ-अपरज्जो।
अकय-परिकम्म-कीवो, मुज्जइ आराहणाकाले ॥९४॥

અર્થ :- ઇંદ્રિયની સુખ શાતામાં આકુલ, વિષય પરિસહને સહેવાને પરવશ થઈ ગએલો અને સંજમ જેણે નથી પાળ્યું એવો ક્લિબ (કાયર) માણસ આરાધનાના વખતે મુંઝાય છે. ૯૪

लज्जा य गारवेण य, बहुस्सुअमएण वा वि दुच्चरिअं ।
जे न कहंति गुरूणं, न हु ते आराहगा हुंति ॥९५॥

અર્થ :- લજ્જાવડે, ગારવવડે અને બહુ શ્રુતના મદવડે જેઓ પોતાનું પાપ ગુરૂઓને કહેતા નથી તેઓ આરાધક થતા નથી. ૯૫

सुज्जइ दुक्करकारी, जाणइ मग्गंति पावए किर्ति ।
विणिगूहिंतो निंदइ, तम्हा आराहणा सेआ ॥९६॥

અર્થ :- દુષ્કર ક્રિયા કરનાર સુઝે, માર્ગને જાણે, કીર્ત્તિને પામે, અને પોતાનાં પાપ છુપાવ્યા વિના તેની નિંદા કરે માટે આરાધના શ્રેય-કલ્યાણકારી-ભલી કહી છે. ૯૬

न वि कारणं तणमओ, संथारो न वि अ फासुआ भूमी ।
अप्पा खलु संथारो, होइ विसुद्धो मणुजस्स ॥९७॥

અર્થ :- તરણાંનો સંથારો અથવા પ્રાશુક ભૂમિ તે (વિશુદ્ધિનું) કારણ નથી, પણ જે મનુષ્યનો આત્મા વિશુદ્ધ હોય તેજ ખરો સંથારો કહેવાય. ૯૭

जिण-वयण अणुगया मे, होउ मई झाण-जोग-मल्लीणा ।
जह तंमि देसकाले, अमूढसत्तो चयइ देहं ॥९८॥

અર્થ :- જિન વચનને અનુસરતી શુભ ધ્યાન અને શુભ યોગમાં લીન એવી મારી મતિ થાઓ, જેમ તે દેશ કાલને વિષે પંડિત થકો આત્મા દેહ ત્યાગ કરે. ૯૮

जाहे होइ पमत्तो, जिणवर-वयणा-रहिओ अणाइत्तो ।
ताहे इंदियचोरा, करंति तव-संजम-विलोमं ॥९९॥

અર્થ :- જિનવર વચનથી રહિત અને ક્રિયાને વિષે આળસુ કોઈ મુનિ જ્યારે પ્રમાદી થાય ત્યારે ઈંદ્રિય રૂપી ચોરો (તેના) તપ સંયમનો નાશ કરે છે. ૯૯

जिण-वयण-मणुगय-मई जं वेलं होइ संवरपविट्ठो ।
अग्गीव वाउसहिओ, समूलडालं डहइ कंमं ॥१००॥

અર્થ :- જિન વચનને અનુસરતી મતિ વાળો પુરૂષ જે વેલા સંવરમાં પેઠેલો હોય તે વેળા વાયરા સહિત અગ્નિની પેઠે મૂલ અને ડાલાં સહિત કર્મને બાલી મૂકે છે. ૧૦૦

जह डहइ वाउसहिओ,
अग्गी रूक्खे वि हरिअवणसंडे ।
तह पुरिसकारसहिओ, माणं कम्मं खयं नेइ ॥१०१॥

અર્થ :- જેમ વાયુ સહિત અગ્નિ લીલા વનખંડનાં વૃક્ષોને પણ બાળે છે, તેમ પુરૂષાકાર (ઉદ્યમ) સહિત માણુસ જ્ઞાનવડે કર્મનો ક્ષય કરે છે. ૧૦૧

जं अन्नाणी कंमं, खवेइ बहुयाई वासकोडीहिं ।
तं नाणी तिहिं गुत्तो, खवेइ ऊसासमित्तेणं ॥१०२॥

અર્થ :- અજ્ઞાની ઘણા ક્રોડો વર્ષે કરીને જે કર્મ ખપાવે છે તે કર્મને ત્રણ ગુપ્તિએ ગુપ્ત છતો જ્ઞાની પુરૂષ એક શ્વાસોશ્વાસ માત્રમાં ખપાવે છે. ૧૦૨

न हु मरणंमि उवग्गे, सक्को बारसविहो सुअखंधो ।
सव्वो अणुचिंतेउं, धणिय पि समत्थचित्तेण ॥१०३॥

અર્થ :- ખરેખર મરણ પાસે આવ્યે છતે બાર પ્રકારનું શ્રુતસ્કધ (દ્વાદશાંગી) સર્વ મજબુત પણ સમર્થ ચિત્તવાલા માણસોથી ચિંતવી શકાય નહિ. ૧૦૩

इक्कंमित्रि जंमि पए, संवेग कुणइ वीयरायमए ।
तं तस्स होइ नाणं, जेण विरागत्तणमुवेइ ॥१०४॥

અર્થ :- વીતરાગના શાસનને વિષે જે એક પણ પદને વિષે જે સંવેગ કરે છે તે તેનું જ્ઞાન છે, જેનાથી વૈરાગ્ય પમાય છે. ૧૦૪

इक्कंमिवि जंमि पए, संवेगं कुणई वीयरायमए ।
सो तेण मोहजालं, छिंदइ अज्झप्पओगेण ॥१०५॥

અર્થ :- વીતરાગના શાસનને વિષે જે એક પણ પદને વિષે જે સંવેગ કરાય છે, તેનાથી તે માણસ મોહજાલને અભિપ્રાય

વિશેષ (અધ્યાત્મયોગ) વડે છેદે છે. ૧૦૫

इक्कंमिवि जंमि पए, संवेगं कुणइ वीयरायमए ।
वच्चइ नरो अभिक्खं, तं मरणं तेण मरिअव्वं ॥१०६॥

અર્થ :— વીતરાગના શાસનને વિષે જે એક પણ પદને વિષે જે સંવેગ કરે છે, તે પુરૂષ નિરંતર વૈરાગ્ય પામે છે. તે કારણથી સમાધિ મરણે તેણે મરવું. ૧૦૬

जेण विरागो जायइ, तं तं सव्वायरेण कायव्वं ।
मुच्चइ इह संवेगी, अणंतओ होइ असंवेगी ॥१०७॥

અર્થ :— જેનાથી વૈરાગ્ય થાય તે તે કાર્ય સર્વ આદરવડે કરવું જોઈએ. અહિંઆં સંવેગી જીવ સંસારથી મુક્ત થાય છે અને અસંવેગી જીવને અનંતો સંસાર થાય છે. ૧૦૭

धम्मं जिणपन्नत्तं, सम्ममिणं सद्दहामि तिविहेणं ।
तस-थावर-भूअ-हिअं, पंथं निव्वाणनगरस्स ॥१०८॥

અર્થ :— જિનેશ્વર ભગવાને પ્રકાશેલો આ ધર્મ હું સમ્યક્ પ્રકારે ત્રિવિધે સદ્દહું છું; (કારણ કે) તે ત્રસ અને સ્થાવર પ્રાણીને હિતકારક છે અને મોક્ષ નગરનો રસ્તો છે. ૧૦૮

समणो मित्ति अ पढमं, बीयं सव्वत्थ संजओ मित्ति ।
सव्वं चवोसिरामि अ, जिणेहिं जंजं च पडिकुट्ठं ॥१०९॥

અર્થ :— હું શ્રમણ છું એ પહેલું, સર્વ અર્થનો સંયમી

છું એ બીજું અને જિનેશ્વર ભગવાને જે જે નિષેધેલું છે તે તે સર્વ હું વોસિરાવું છું. ૧૦૯

उवही सरीरगं चेव, आहारं च चउव्विहं ।
मणसा-वय-काएणं, वोसिरामि त्ति भावओ॥११०॥

અર્થ :- ઉપધિ શરીર અને ચતુર્વિધ આહારને મન વચન અને કાયાવડે હું ભાવથી વોસિરાવું છું. ૧૧૦

मणसा अचिंतणिज्जं, सव्वं भासाइ अभासणिज्जं च ।
काएण अकरणिज्जं, सव्वं तिविहेण वोसिरे ॥१११॥

અર્થ :- મન વડે જે ચિંતવવા યોગ્ય નથી, ભાષાવડે જે સર્વ કહેવા યોગ્ય નથી અને કાયાવડે કરવા યોગ્ય નથી તે સર્વ હું ત્રિવિધે વોસિરાવું છું. ૧૧૧

अस्संजमे वेरमणं, उवहि-विवेग-करणं उवसमो ।
अपडिरूअ-जोग-विरओ,
खंती मुत्ती विवेगो अ ॥११२॥

અર્થ :- અસંયમ વિષે વિરતિ, ઉપાધિનું વિવેક કરણ, (ત્યાગ કરવું,) ઉપશમ અને અયોગ્ય વ્યાપારથી વિરક્ત થવું, ક્ષમા, નિર્લોભતા અને વિવેક. ૧૧૨

एअं पच्चक्खाणं, आउर-जण-आवईसु भावेण ।
अण्णयरं पडिवन्नो, जपंतो पावइ समाहिं ॥११३॥

અર્થ :– આ પચ્ચક્ખાણ રોગથી પીડાએલો માણસ આપદાને વિષે ભાવવડે અંગીકાર કરતો અને બોલતો સમાધિ પામે છે. ૧૧૩

एअंसि निमित्तंमि, पच्चक्खाऊण जइ करे कालं ।
तो पच्चक्खाइअव्वं, इमेण इक्केणवि पएणं ॥११४॥

અર્થ :– એ નિમિત્તને વિષે જો કોઈ માણસ પચ્ચક્ખાણ કરીને કાલ કરે તો આ એક પણ પદવડે પચ્ચક્ખાણ કરાવવું. ૧૧૪

मम मंगलमरिहंता, सिद्धा साहू सुअं च धम्मो अ ।
तेसिं सरणोवगओ, सावज्जं वोसिरामित्ति ॥११५॥

અર્થ :– મને અરિહંત, સિદ્ધ, સાધુ, શ્રુત અને ધર્મ એ મંગલ છે, તેમનું શરણ પામેલો હું સાવદ્ય (પાપકર્મ) ને વોસિરાવું છું. ૧૧૫

अरहंता मंगलं मज्झ, अरहंता मज्झ देवया ।
अरहंते कित्तइत्ताणं, वोसिरामित्ति पावगं ॥११६॥

અર્થ :– અરિહંતો મને મંગલ છે અને અરિહંત મારા દેવ છે, અરિહંતોની સ્તુતિ કરીને હું પાપ વોસિરાવું. છું. ૧૧૬

सिद्धा य मंगलं मज्झ, सिद्धा य मज्झ देवया ।
सिद्धे अ कित्तइत्ताणं, वोसिरामित्ति पावगं ॥११७॥

અર્થ :- સિદ્ધ મને મંગલ છે અને સિદ્ધ મારા દેવ છે; સિદ્ધની સ્તુતિ કરીને હું પાપ વોસિરાવું. છું. ૧૧૭

आयरिया मंगलं मज्झ, आयरिआ मज्झ देवया।
आयरिए कित्तइत्ताणं, वोसिरामित्ति पावगं ॥११८॥

અર્થ :- આચાર્ય મને મંગલ છે, આચાર્ય મારા દેવ છે, આચાર્યની સ્તુતિ કરીને હું પાપ વોસિરાવું છું. ૧૧૮

उवज्झाया मंगलं मज्झ, उवज्झाया मज्झ देवया।
उवज्झाए कित्तइत्ताणं, वोसिरामित्ति पावगं ॥११९॥

અર્થ :- ઉપાધ્યાય મને મંગલ છે અને ઉપાધ્યાય મારા દેવ છે; ઉપાધ્યાયની સ્તુતિ કરીને હું પાપ વોસિરાવું છું. ૧૧૯

साहू अ मंगलं मज्झ, साहू अ मज्झ देवया।
साहू य कित्तइत्ताणं, वोसिरामित्ति पावगं ॥१२०॥

અર્થ :- સાધુ મારે મંગલિક છે, સાધુ મારા દેવ છે, સાધુ મહારાજની સ્તુતિ કરીને હું પાપને વોસિરાવું છું. ૧૨૦

सिध्धे उवसंपत्तो, अरहंते केवलित्ति भावेण।
इत्तो एगयरेण वि, पएण आराहओ होइ ॥१२१॥

અર્થ :- સિદ્ધોનો, અરિહંતોનો, અને કેવલીનો ભાવ વડે આશરો લઈને અથવા એ માંહેલા ગમે તે એક પદ વડે આરાધક થાય છે. ૧૨૧

समुइन्नवेअणो पुण, समणो हियएण किंपि चिंतिज्जा ।
आलंबण इं काइं, काऊण मुणी दुहं सहइ ॥१२२॥

અર્થ :– વળી જેને વેદના ઉત્પન્ન થઈ છે એવા સાધુ હૃદયવડે કાંઈક ચિંતવે, અને કાંઈક આલંબન કરીને તે મુનિ દુઃખને સહન કરે. ૧૨૨

वेअणासु उइन्नासु, किमेस जं निवेअए ।
किं वा आलंबणं किच्चा, तं दुक्खमहि आसए ॥१२३॥

અર્થ :– વેદનાઓ ઉત્પન્ન થયે છતે આ તે શી વેદના ! એમ જાણી ખમે અથવા કાંઈક આલંબન કરીને તે દુઃખની વિચારણા કરે. ૧૨૩

अणुत्तरेसु नरएसु, वेअणाओ अणुत्तरा ।
पमाए वट्टमाणेण, मए पत्ता अणंतसो ॥१२४॥

અર્થ :– પ્રમાદમાં વર્તતા મેં ઉત્કૃષ્ટ નરકોને વિષે ઉત્કૃષ્ટી વેદનાઓ અનંતી વાર પામી છે. ૧૨૪

मये कयं इमं कम्मं, समासज्ज अबोहिअं ।
पोराणगं इमं कम्मं, मए पत्तं अणंतसो ॥१२५॥

અર્થ :– અબોધિપણું પામીને મેં આ કર્મ કર્યું, આ જૂનું કર્મ હું અનંતીવાર પામ્યો છું. ૧૨૫

ताहिं दुःक्खविवागाहिं, उवचिणाहिं तहिं तहिं ।
न य जीवो अजीवो उ, कयपुव्वो उ चिंतए ॥१२६॥

અર્થ :– તે તે દુઃખના વિપાકોવડે ત્યાં ત્યાં વેદના પામે છતે અચિન્ત્ય જીવ પૂર્વે અજીવ કરાયો નહિ. ૧૨૬

अब्भुज्जुअं विहारं, इत्थं जिणदेसिअं विउपसत्थं ।
नाउं महापुरिस,-सेविअं अब्भुज्जुअं मरणं ॥१२७॥

અર્થ :– અપ્રતિબદ્ધ વિહાર, અને વિદ્વાન માણસોએ પ્રશંસેલું અને મહાપુરૂષોએ સેવેલું એ રીતનું જિનભાષિત જાણીને અપ્રતિબદ્ધ મરણ અંગીકાર કરે. ૧૨૭

जह पच्छिमंमि काले,
पच्छिम–तित्थयर–दिसिअ–मुआरं ।
पच्छा निच्छयपत्थं, उवेमि अब्भुज्जुअं मरणं ॥१२८॥

અર્થ :– જેમ છેલ્લા કાળે છેલ્લા તીર્થંકર ભગવાને ઉદાર ઉપદેશ આપ્યો એમ હું નિશ્ચય માર્ગવાળું અપ્રતિબદ્ધ મરણ અંગીકાર કરૂં છું. ૧૨૮

बत्तीस–मंडियाहिं, कडजोगा जोग–संजोग-बलेणं ।
उज्जमिऊण य बारस,-विहेण तवणेहपाणेणं ॥१२९॥

અર્થ :– બત્રીસ ભેદે યોગ સંગ્રહના બલ વડે સંજમ વ્યાપાર સ્થિર કરી અને બાર ભેદે તપરૂપ સ્નેહપાને કરી. ૧૨૯

संसार-रंग-मज्झे, धिअ-बल-ववसाय-बद्ध-कच्छाओ ।
हंतूण मोहमल्लं, हराहि आराहण-पडागं ॥१३०॥

અર્થ :- સંસારરૂપી રંગ ભૂમિકામાં ધીરજરૂપી બલ અને ઉદ્યમરૂપી સન્નાહ (બખ્તર) પહેરી સજ્જ થએલો તું મોહ રૂપી મલને હણીને આરાધના રૂપી જય પતાકા હરણ કર. ૧૩૦

पोराणगं च कम्मं, खवेइ अन्नं नवं तु न विणाइ ।
कम्मकलंकलिवल्लिं, छिंदइ संथारमारूढो ॥१३१॥

અર્થ :- વલી સંથારામાં રહેલા સાધુ જૂનાં કર્મ ખપાવે છે નવાં કર્મ બાંધતા નથી અને કર્મ વ્યાકુળતા રૂપી વેલડીને છેદે છે. ૧૩૧

आराहणोवउत्तो, सम्मं काऊण सुविहिओ कालं ।
उक्कोसं तिन्नि भवे, गंतूण लभिज्ज निव्वाणं ॥१३२॥

અર્થ :- આરાધનાને વિષે સાવધાન એવો સુવિહિત સાધુ સમ્યક્ પ્રકારે કાલ કરીને ઉત્કૃષ્ટ ત્રણ ભવ અતિક્રમીને નિર્વાણ (મોક્ષ) પામે. ૧૩૨

धीर-पुरिस-पन्नत्तं, सप्पुरिस-निसेविअं परम-घोरं ।
ओइण्णो हु सि रंगं, हरसु पडागं अविग्घेणं ॥१३३॥

અર્થ :- ઉત્તમ પુરૂષોએ કહેલું, સત્પુરૂષોએ સેવેલું ઘણું જ આકરૂં અણસણ કરીને નિર્વિઘ્નપણે જયપતાકા મેળવ. ૧૩૩

धीर पडागाहरणं, करेह जह तंमि देसकालंमि ।
सुत्तत्थमणुगुणंता, थिइ-निच्चल-बद्ध-कच्छाओ ॥१३४॥

અર્થ :– હે ધીર ! જેમ તે દેશ કાલને વિષે સુભટ જયપતાકાનું હરણ કરે તેમ સૂત્રાર્થને અનુસરતો અને સંતોષ રૂપી નિશ્ચલ સન્નાહ (બખ્તર) પહેરીને સજ્જ થએલો તું જયપતાકાનું હરણ કર. ૧૩૪

चत्तारि कसाए, तिन्नि गारवे पंच इंदिअग्गामे ।
हंता परीसहचमूं, हराहि आराहणपडागं ॥१३५॥

અર્થ :– ચાર કષાય, ત્રણ ગારવ, પાંચ ઈંદ્રિયનો સમૂહ અને પરિસહ રૂપી ફોજને હણીને આરાધનારૂપ જયપતાકાને તું હરણ કર. ૧૩૫

माऽऽया हु व चिंतिज्जा,
जीवामि चिरं मरामि व लहुंति ।
जइ इच्छसि तरिउं जे, संसारमहोअहिमपारं ॥१३६॥

અર્થ :– હે આત્મા ! જો તું અપાર સંસાર રૂપી મહોદધિ (મહાસાગર) તરવાને ઇચ્છા રાખતો હોય તો હું ઘણું જીવું અથવા શીઘ્ર મરણ પામું એવું નિશ્ચે વિચારીશ નહિ. ૧૩૬

जइ इच्छसि नित्थरिउं, सव्वेसिं चेव पावकम्माणं।
जिण-वयण-नाण-दंसण,-
चरित्त-भावुज्जुओ जग्ग ॥१३७॥

અર્થ :- જો સર્વ પાપકર્મને ખરેખર નિસ્તરવાને ઇચ્છે છે, તો જિન વચન, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને ભાવ વિષે ઉદ્યમવંત થવાને જાગૃત થા. ૧૩૭

दंसण-नाण-चरित्तं, तवे अ आराहणा चउक्खंधा।
सा चेव होइ तिविहा, उक्कोसा मज्झिम जहन्ना ॥१३८॥

અર્થ :- દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એમ આરાધના ચાર ભેદે થાય, વળી તે આરાધના ૧ ઉત્કૃષ્ટ, ૨ મધ્યમ ૩ જઘન્ય એમ ત્રણ ભેદે થાય. ૧૩૮

आराहेऊण विऊ उक्कोसाराहणं चउक्खंधं।
कम्मरयविप्पमुक्को, तेणेव भवेण सिज्झिज्जा ॥१३९॥

અર્થ :- પંડિત પુરૂષ ચાર ભેદ વાળી ઉત્કૃષ્ટ આરાધનાને આરાધીને કર્મ રજ રહિત થઇને તેજ ભવે સિદ્ધિ પામે. ૧૩૯

आराहेऊण विऊ, जहन्नमाराहणं चउक्खंधं।
सत्तट्ठ-भव-ग्गहणे, परिणामेऊण सिज्झिज्जा ॥१४०॥

અર્થ :- પંડિત પુરૂષ ચાર ભેદે જઘન્ય આરાધનાને આરાધીને સાત અથવા આઠ ભવ સંસારમાં કરીને મુક્તિ પામે. ૧૪૦

सम्मं मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ।
खामेमि सव्वजीवे, खमामि अहं सव्वजीवाणं ॥–४–॥

અર્થ :– મારે સર્વ જીવને વિષે સમતા છે, મારે કોઈની સાથે વેર નથી, હું સર્વ જીવને ખમું છું, અને સર્વ જીવને ખમાવું છું. ૧૪૧

एअं पच्चक्खाणं, अणुपालेऊण सुविहिओ सम्मं ।
वेमाणिओ व देवो,
हविज्ज अहवावि सिज्झिज्जा ॥–४२॥

અર્થ :– સુવિહિત સાધુ એ પચ્ચક્ખાણ સમ્યક્ પ્રકારે પાળીને વૈમાનિક દેવ થાય અથવા સિદ્ધિ પામે. ૧૪૨

॥ इति महापच्चक्खाणपइण्णं सम्मत्तं ॥

卐

॥४॥ आउर पच्चक्खाण पयन्नो ॥

देसिक्कदेसविरओ, सम्मदिट्ठी मरिज्ज जो जीवो ।
तं होइ बालपंडिय,-मरणं जिणसासणे भणियं ॥१॥

अर्थ :– छ कायानी हिंसानो देश जे त्रसनी हिंसा, तेनो एक देश जे मारवानी बुद्धिए निरपराधी जीवनी निरपेक्षपणे हिंसा, तेथी तथा जूठुं बोलवादिकथी निवृत्ति पामेलो जे समकित दृष्टि जीव मरे ते जिनशासनने विषे (पांच मरणुमांनुं) बाल पंडित मरणु कहेलुं छे. १

पंच य अणुव्वयाइं, सत्त उ सिक्खा उ देसजइधम्मो ।
सव्वेण व देसेण व, तेण जुओ होइ देसजई ॥२॥

अर्थ :– जिन शासनमां सर्व विरति अने देवविरति ए बे प्रकारनो यतिधर्म छे, तेमां देशविरतिने पांच अणुव्रत अने सात शिक्षाव्रतो मळी श्रावकनां बार व्रत कह्यां छे. ते सर्व व्रतोए अथवा एक बे आदि व्रतरूप तेना देशे करीने जीव देशविरति होय छे. २

पाणिवहमुसावाए, अदत्त-परदार-नियमणेहिं च
अपरिमिइच्छाओऽवि य, अणुवयाइं विरमणाइं ॥३॥

અર્થ :- પ્રાણીનો વધ, જૂઠું બોલવું, અદત્તાદાન, અને પરસ્ત્રીનો નિયમ કરવાવડે, તેમજ વળી પરિમાણ રહિત ઇચ્છાનો નિયમ કરવા વડે પાંચ અનુવ્રતો એટલે નિયમો થાય છે. ૩

जं च दिसावेरमणं, अणत्थदंडाउ जं च वेरमणं।
देसावगासियं पि य, गुणवयाइं भवे ताइं ॥४॥

અર્થ :- જે દિગ્વિરમણ વ્રત, અને વળી અનર્થદંડ થકી નિવર્તવું તે અનર્થદંડ વિરમણ, વળી દેશાવગાસિક પણ (મળી) તે ત્રણ ગુણવ્રતો કહેવાય છે. ૪

भोगाणं परिसंखा, सामाइय-अतिहि-संविभागो य।
पोसडविही उ सव्वो, चउरो सिक्खाओ वुत्ताओ ॥५॥

અર્થ :- ભોગ ઉપભોગનું પરિમાણ, સામાયિક વળી અતિથિસંવિભાગ અને પોષધવિધિ પણ એ સર્વે (મળી) ચાર શિક્ષાવ્રત કહેલા છે. ૫

आसुक्कारे मरणे, अच्छिन्नाए अ जीविआसाए।
नाएहिं व अमुक्को, पच्छिमसंलेहणमकिच्चा ॥६॥

અર્થ :- ઉતાવળું મરણ થવાથી, જીવિતવ્યની આશા નહિ તૂટવાથી, અથવા સ્વજનોએ (સંલેખના કરવાની) રજા નહિ આપવાથી છેવટની સંલેખના કર્યા વિના. ૬

आलोइय निस्सल्लो, सघरे चेवारुहित्तु संथारं।
जइ मरइ देसविरओ, तं वुत्तं बालपंडिअयं ॥७॥

અર્થ :– શલ્ય રહિત થઈ પાપ આલોવીને અને પોતાના ઘરને વિષે નિશ્ચે સંથારા ઉપર ચઢીને જો દેશવિરતિ છતો મરે તો તે બાલપંડિત મરણ કહેવાય. ૭

जो भत्तपरिन्नाए, उवक्कमो वित्थरेण निद्दिठो।
सो चेव बालपंडिय,-मरणे नेओ जहाजुग्गं ॥८॥

અર્થ :– જે વિધિ ભક્તપરિજ્ઞાને વિષે વિસ્તારથી બતાવેલો છે તે નક્કી બાલપંડિત મરણને વિષે યથાયોગ્ય જાણવો. ૮

वेमाणिएसु कप्पो, वगेसु निअमेण तस्स उववाओ।
नियमा सिज्झइ उक्को,-सएण सो सत्तमंमि भवे ॥९॥

અર્થ :– કલ્પોપપન્ન વૈમાનિક (બાર) દેવલોકને વિષે નિશ્ચયે કરીને તેની ઉત્પતિ થાય છે, અને તે ઉત્કૃષ્ટથી નિશ્ચયે કરી સાતમાં ભવને વિષે સિદ્ધ થાય છે. ૯

इय बालपंडियं होइ, मरणमरिहंतसासणे दिट्ठं।
इत्तो पंडियपंडिय,-मरणं वुच्छं समासेणं ॥१०॥

અર્થ:– જિનશાસનને વિષે આ બાલપંડિત મરણ કહેલું છે. હવે પંડિત પંડિત મરણ સંક્ષેપમાં કહું છું. ૧૦

इच्छामि भंते उत्तमट्ठं पडिक्कमामि, अईयं पडिक्कमामि, अणागयं पडिक्कमामि, पच्चुपन्नं पडिक्कमामि, कयं पडिक्कमामि, कारियं पडिक्कमामि, अणुमोइयं पडिक्कमामि, मिच्छत्तं पडिक्कमामि, असंजमं पडिक्कमामि, कसायं पडिक्कमामि, पावप्पओगं पडिक्कमामि, मिच्छादंसणपरिणामेसु वा इहलोगेसु वा परलोगेसु वा सचित्तेसु वा अचित्तेसु वा पंचसु इंदियत्थेसु वा, अन्नाणं झाणे १ अणायारं झाणे २ कुदंसणं झाणे ३ कोहं झाणे ४ माणं झाणे ५ मायं झाणे ६ लोहं झाणे ७ रागं झाणे ८ दोसं झाणे ९ मोहं झाणे १० इच्छं झाणे ११ मुच्छं झाणे १२ संकं झाणे १३ कंखं झाणे १४ गेहिं झाणे १५ आसं झाणे १६ तण्हं झाणे १७ छुहं झाणे १८ पंथं झाणे १९ पंथाणं झाणे २० निद्दं झाणे २१ नियाणं झाणे २२ नेहं झाणे २३ कामं झाणे २४ कलुसं झाणे २५ कलहं झाणे २६ जुज्झं झाणे २७ निजुज्झं झाणे २८ संगं झाणे २९ संगहं झाणे ३० ववहारं झाणे ३१

कयविक्कयं झाणे ३३ अणत्थदंडं झाणे ३४ आभोगं झाणे ३५ अणाभोगं झाणे ३६ अणाइल्लं झाणे ३७ वेरं झाणे ३८ वियक्कं झाणे ३९ हिंसं झाणे ४० हासं झाणे ४१ पहासं झाणे ४२ पओसं झाणे ४३ फरुसं झाणे ४४ भयं झाणे ४५ रूवं झाणे ४६ अप्पपसंसं झाणे ४७ परनिंदं झाणे ४८ परगरिहं झाणे ४९ परिग्गहं झाणे ५० परपरिवायं झाणे ५१ परदूसणं झाणे ५२ आरंभं झाणे ५३ संरंभं झाणे ५४ पावाणुमोयणं झाणे ५५ अहिगरणं झाणे ५६ असमाहिमरणं झाणे ५७ कम्मोदयपच्चयं झाणे ५८ इड्ढिगारवं झाणे ५९ रसगारवं झाणे ६० सायागारवं झाणे ६१ अवेरमणं झाणे ६२ अमुत्तिमरणं [illegible]णे ६३ पसुत्तस्स वा पडिबुद्धस्स वा जो मे कोइ देवसिओ राइओ उत्तमट्ठे अइक्कमो वइक्कमो अइयारो अणायरो तस्स मिच्छामि दुक्कडं ॥

અર્થ :- હે ભગવંત ! હું ઇચ્છું છું. અનશન માટે (પાપ વ્યાપાર) પડિક્કમું છું. ભૂતકાળનાં (પાપને) હું પડિક્કમું છું,

ભવિષ્યમાં થનારા (પાપ)ને હું પડિક્કમું છું, વર્તમાનકાળના પાપને હું પડિક્કમું છું, કરેલા પાપને પડિક્કમું છું, કરાવેલા પાપને પડિક્કમું છું, અનુમોદેલા પાપને પડિક્કમું છું, મિથ્યાત્વને પડિક્કમું છું, અવિરતિને પડિક્કમું છું, કષાયને પડિક્કમું છું, પાપ વ્યાપારને પડિક્કમું છું, મિથ્યાદર્શન પરિમાણને વિષે, આ લોકને વિષે પરલોકને વિષે, સચિત્તને વિષે, અચિત્તને વિષે, પાંચ ઈંદ્રિયના વિષયને વિષે, અજ્ઞાન સારૂં એમ ચિંતવે છતે ૧, ખોટો આચાર ચિંતવે છતે ૨, બૌદ્ધાદિક કુદર્શન સારૂં એમ ચિંતવે છતે ૩, ક્રોધના વશે ચિંતવે છતે ૪, માનના વશે ચિંતવે છતે ૫, માયા વશે ચિંતવે છતે ૬, લોભ વશે ચિંતવે છતે ૭, રાગને વશે ચિંતવે છતે ૮, દ્વેષને વશે ચિંતવે છતે ૯, મોહના વશે ચિંતવે છતે ૧૦, (પુદ્ગલ પદાર્થ અને યશ આશાદિકની) ઇચ્છા વશે ચિંતવે છતે ૧૧, મિથ્યાદષ્ટિપણે ચિંતવે છતે ૧૨, મૂર્ચ્છા વશે ચિંતવે છતે ૧૩, સંશયથી ચિંતવે છતે ૧૪, અન્ય મતની વાંછાએ ચિંતવે છતે ૧૫, ઘર વિષે ચિંતવે છતે ૧૬, બીજાની વસ્તુ પામવાની વાંછા થકી ચિંતવે છતે ૧૭, તરસથી ચિંતવે છતે ૧૮, ભૂખથી ચિંતવે છતે ૧૯, સામાન્ય માર્ગમાં ચાલવા છતાં ચિંતવે છતે ૨૦, વિષમ માર્ગમાં ચાલતાં છતાં ચિંતવે છતે ૨૧, નિદ્રામાં ચિંતવે છતે ૨૨, નિયાણું ચિંતવે છતે ૨૩, સ્નેહવશે ચિંતવે છતે ૨૪, વિકારના વશે ચિંતવે છતે ૨૫, ચિત્તના ડહોલાણથી ચિંતવે છતે ૨૬, કલેશ વશે ચિંતવે છતે, ૨૭ સામાન્ય યુદ્ધને વિષે ચિંતવે છતે ૨૮; મહાયુદ્ધને વિષે ચિંતવે છતે ૨૯, સંગ ચિંતવે છતે ૩૦, સંગ્રહ ચિંતવે છતે ૩૧, (વ્યવહાર) રાજસભામાં

ન્યાય કરાવવા માટે ચિંતવે છતે ૩૨, ખરીદી કરવા અને વેચવા માટે ચિંતવે છતે ૩૩, અનર્થ દંડ ચિંતવે છતે ૩૪, ઉપયોગ સહિત ચિંતવે છતે ૩૫, અનુપયોગે ચિંતવે છતે ૩૬, માથે દેવું હોય તેના વશે ચિંતવે છતે ૩૭, વેર ચિંતવે છતે ૩૮, તર્ક વિતર્ક ચિંતવે છતે ૩૯, હિંસા ચિંતવે છતે ૪૦, હાસ્યના વશે ચિંતવે છતે ૪૧, અતિહાસ્યના વશે ચિંતવે છતે ૪૨, અતિ રોષે કરી ચિંતવે છતે ૪૩, કઠોર પાપ કર્મ ચિંતવે છતે ૪૪, ભય ચિંતવે છતે ૪૫, રૂપ ચિંતવે છતે ૪૬, પોતાની પ્રશંસા ચિંતવે છતે ૪૭, બીજાની નિંદા ચિંતવે છતે ૪૮, બીજાની ગર્હા ચિંતવે છતે ૪૯, ધનાદિક પરિગ્રહ મેળવવાને ચિંતવે છતે ૫૦, બીજાને ક્લેશ આપવાનું ચિંતવે છતે ૫૧, બીજાને માથે પોતાનું દૂષણ ચઢાવવા ચિંતવે છતે ૫૨, આરંભ ચિંતવે છતે ૫૩, વિષયના તીવ્ર અભિલાષાથી સંરંભ ચિંતવે છતે ૫૪, અનુમોદવા રૂપ ચિંતવે છતે ૫૫, જીવહિંસાના સાધનોને મેળવવાનું ચિંતવે છતે ૫૬, અસમાધિએ મરવું એમ ચિંતવે છતે ૫૭, ગાઢ કર્મના ઉદય થકી ચિંતવે છતે ૫૮, ઋદ્ધિના અભિમાને કરી ચિંતવે છતે ૫૯, સારા ભોજનના અભિમાને કરી ચિંતવે છતે ૬૦, સુખના અભિમાને કરી ચિતવે છતે ૬૧, અવિરતિ સારી એમ ચિંતવે છતે ૬૨, સંસાર સુખના અભિલાષ સહિત મરણ કરતાં ચિંતવે છતે ૬૩, દિવસ સંબંધી અથવા રાત્રિ સંબંધી સુતાં છતાં અથવા જાગતાં છતાં, કોઇ પણ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અનાચાર, લાગ્યો હોય તેનો મને મિચ્છામિ દુક્કડં હો.

एस करेमि पणामं, जिणवर-वसहस्स वद्धमाणस्स ।
सेसाणं च जिणाणं, सगणहराणं च सव्वेसिं ॥११॥

અર્થ :- જિનને વિષે વૃષભ સમાન વર્દ્ધમાન સ્વામીને વળી ગણધર સહિત બાકીના સર્વ તીર્થંકરોને આ હું નમસ્કાર કરૂં છું. ૧૧

सव्वं पाणारंभं, पच्चक्खामित्ति अलियवणं च ।
सव्वमदिन्नादाणं, मेहुण्णपरिग्गहं चेव ॥१२॥

અર્થ :- આ પ્રકારે હું સર્વ પ્રાણીઓના આરંભને, અલિક (અસત્ય) વચનને, સર્વ અદત્તાદાન (ચોરી)ને, મૈથુન અને પરિગ્રહને પચ્ચખ્ખું છું. ૧૨

सम्मं मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ।
आसाओ वोसिरित्ताणं, समाहिमणुपालए ॥१३॥

અર્થ :- મારે સર્વ પ્રાણીઓને વિષે મિત્રપણું છે, કોઈની સાથે મારે વેર નથી, વાંચ્છાઓનો ત્યાગ કરીને હું સમાધિ રાખું છું. ૧૩

सव्वं चाहारविहिं, सन्नाओ गारवे कसाए अ ।
सव्वं चेव ममत्तं, चएमि सव्वं खमावेमि ॥१४॥

અર્થ :- સર્વ પ્રકારની આહાર વિધિનો, સંજ્ઞાઓનો, ગારવોનો, કષાયોનો અને સર્વ મમતાનો ત્યાગ કરૂં છું. સર્વને ખમાવું છું. ૧૪

हुज्ज इमंमि समये, उवक्कमो जीविअस्स जइ मज्झे।
एअं पच्चक्खाणं, विउला आराहणा होउ ॥१५॥

અર્થ :– જો મારા જીવિતનો ઉપક્રમ (આયુષ્યનો નાશ) આ અવસરમાં હોય, તો આ પચ્ચખ્ખાણ અને વિસ્તારવાળી આરાધના થાઓ ૧૫

सव्वदुक्ख-पहीणाणं, सिद्धाणं अरहओ नमो।
सद्दहे जिणपन्नत्तं, पच्चक्खामि अ पावगं ॥१६॥

અર્થ :– સર્વ દુઃખ ક્ષય થયાં છે જેમનાં એવા સિદ્ધોને તથા અરિહંતોને નમસ્કાર થાઓ, જિનેશ્વરોએ કહેલું તત્ત્વ હું સદ્દહું છું, પાપકર્મને પચ્ચખ્ખું છું. ૧૬

नमुथ्थु धुयपावाणं, सिद्धाणं च महेसिणं।
संथारं पडिवज्जामि, जहा केवलिदेसिअं ॥१७॥

અર્થ :– જેમનાં પાપ ક્ષય થયાં છે એવા સદ્ધોને તથા મહા ઋષિઓને નમસ્કાર થાઓ, જેવી રીતે કેવળીએ બતાવ્યો છે તેવો સંથારો હું અંગીકાર કરૂં છું. ૧૭

जं किंचिवि दुच्चरिअं,
तं सव्वं वोसिरामि तिविहेणं।
सामाइयं च तिविहं, करेमि सव्वं निरागारं ॥१८॥

અર્થ :– જે કાંઇ પણ ખોટું આચર્યું હોય તે સર્વને મન,

વચન, કાયાએ કરી હું વોસિરાવું છું, વળી સર્વ આગાર રહિત (જ્ઞાન, શ્રદ્ધા અને ક્રિયા રૂપ) ત્રણ પ્રકારનું સામાયિક કરૂં છું. ૧૮

वज्झं अब्भितरं उवहिं, सरीराइ सभोयणं ।
मणसा-वय-कायेहिं, सव्वं भावेण वोसिरे ॥१९॥

અર્થ :– બાહ્ય અભ્યંતર ઉપધિ, અને ભોજન સહિત શરીરાદિ એ સર્વને ભાવથી મન, વચન, કાયાએ કરીને હું વોસિરાવું છું. ૧૯

सव्वं पाणारंभं, पच्चक्खामित्ति अलियवयणं च ।
सव्वमदिन्नादाणं, मेहुन्नपरिग्गहं चेव ॥२०॥

અર્થ :– આ પ્રકારે સર્વ પ્રાણીઓના આરંભને, અલિક (અસત્ય) વચનને, સર્વ અદત્તાદાન (ચોરી)ને, મૈથુનને અને પરિગ્રહને હું પચ્ચખ્ખું છું. ૨૦

सम्मं मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ।
आसाओ वोसिरित्ताणं, समाहिमणुपालये ॥२१॥

અર્થ :– મારે સર્વ પ્રાણીઓ સાથે મિત્રતા છે, કોઇની સાથે મારે વેર નથી, વાંચ્છનાઓનો ત્યાગ કરીને હું સમાધિ રાખું છું. ૨૧

रागं बंधं पओसं च, हरिसं दीणभावयं ।
उस्सुगत्तं भयं सोगं, रइं अरइं च वोसिरे ॥२२॥

અર્થ :– રાગને, બંધને તથા દ્વેષને, હર્ષને, રાંકપણાને, ચપળપણાને, ભયને, શોકને, રતિને અને અરતિને હું વોસિરાવું છું. ૨૨

ममत्तं परिवज्जामि, निम्मिमत्तं उवट्ठिओ ।
आलंबणं च मे आया, अवसेसं च वोसिरे ॥२३॥

અર્થ :– મમતા રહિતપણામાં તત્પર થયો છતો હું મમતાનો ત્યાગ કરૂં છું, વળી મને આત્મા આલંબન ભૂત છે, બીજા સર્વ પદાર્થને વોસિરાવું છું. ૨૩

आया हु महं नाणे, आया मे दंसणे चरित्ते अ ।
आया पच्चक्खाणे, आया मे संजमे जोगे ॥२४॥

અર્થ :– મને જ્ઞાનમાં આત્મા, દર્શનમાં અને ચારિત્રમાં આત્મા, પચ્ચખ્ખાણમાં આત્મા અને સંજમ જોગમાં મને આત્મા નિશ્ચે (આલંબન) થાઓ. ૨૪

एगो वच्चइ जीवो, एगो चेवुववज्जइ ।
एगस्स चेव मरणं, एगो सिज्झइ नीरओ ॥२५॥

અર્થ :– જીવ એકલો જાય છે, નક્કી એકલો ઉપજે છે, એકલાને જ મરણ પણ થાય છે, અને કર્મરહિત થયો છતો એકલોજ સિદ્ધ થાય છે. ૨૫

एगो मे सासओ अप्पा, नाण-दंसण-संजुओ ।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥२६॥

અર્થ :- જ્ઞાન, દર્શન સહિત મારો આત્મા એક શાશ્વતો છે, બાકીના સર્વે બાહ્ય પદાર્થો મારે સંબંધ માત્ર સ્વરૂપવાળા છે. ૨૬

संजोगमूला जीवेण, पत्ता दुक्खपरंपरा ।
तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरे ॥२७॥

અર્થ :- સંબંધ છે મૂલ જેનું એવી દુઃખની પરંપરા આ જીવ મેળવી, તે માટે સર્વે સંજોગ સંબંધને મન, વચન ને કાયાએ કરી વોસિરાવું છું. ૨૭

मूलगुणे उत्तरगुणे, जे मे नाराहिया पमाएणं ।
तमहं सव्वं निंदे, पडिक्कमे आगमिस्साणं ॥२८॥

અર્થ :- પ્રયત્ન (પ્રમાદ) વડે જે મૂળ ગુણો અને ઉત્તર ગુણો મેં આરાધ્યા નહિ તે સર્વને હું નિંદું છું. ભવિષ્યકાળની વિરાધનાને પડિક્કમું છે. ૨૮

सत्त भए अट्ठ मए, सन्ना चत्तारि गारवे तिन्नि ।
आसायण तित्तीसं, रागं दोसं च गरिहामि ॥२९॥

અર્થ :- સાત ભય, આઠ મદ, ચાર સંજ્ઞા, ત્રણ ગારવ, તેત્રીશ આશાતના, રાગ અને દ્વેષને હું ગરહું છું. ૨૯

असंजममन्नाणं, मिच्छत्तं सव्वमेव य ममत्तं।
जीवेसु अजीवेसु अ, तं निंदे तं च गरिहामि ॥३०॥

અર્થ :- અસંયમ, અજ્ઞાન, મિથ્યાત્વ અને જીવમાં તથા અજીવમાં સર્વ મમત્વને હું નિંદું છું અને ગર્હું છું. ૩૦

निंदामि निंदणिज्जं, गरिहामि अ जं च मे गरहणिज्जं।
आलोएमि अ सव्वं, अब्भित्तरं बाहिरं उवहिं ॥३१॥

અર્થ :- નિંદવા યોગ્યને હું નિંદું છું અને જે મને ગર્હવા યોગ્ય છે તે (પાપને) ગર્હું છું. સર્વ અભ્યંતર અને બાહ્ય ઉપધિને હું આલોવું છું. ૩૧

जह बालो जपंतो, कज्जमकज्जं च उज्जुअं भणइ।
तं तह आलोइज्जा, मायामोसं पमुत्तुणं ॥३२॥

અર્થ :- જેમ વડિલ આગળ બોલતો બાલક કાર્ય કે અકાર્યને સરળપણે કહે છે તેમ માયા મૃષાવાદ મૂકીને તે પાપને આલોવે. ૩૨

नाणंमि दंसणंमि अ, तवे चरित्ते अ चउसुवि अकंपो।
धीरो आगमकुसलो, अपरिस्सावि रहस्साणं ॥३३॥

અર્થ :- જ્ઞાન, દર્શન, તપ, અને ચારિત્ર એ ચારેમાં અચલાયમાન, ધીર, આગમમાં કુશલ, કહેલા ગુપ્ત રહસ્યોને અન્ય આગળ નહિ કહેનાર (તેવા ગુરૂ પાસે આલોચણ લેવી જોઇએ.) ૩૩

रागेण व दोसण व, जं मे अकयन्नुआ पमाएणं ।
जो मे किंचिवि भणिओ, तमहं तिविहेण खामेमि ॥३४॥

અર્થ :- હે ભગવન્! રાગે કરી, દ્વેષે કરી, અકૃતજ્ઞપણાએ કરી અને પ્રમાદે કરી (બીજાને) મેં જે કંઈ અહિત કહ્યું હોય તે હું મન, વચન, કાયાએ કરી ખમાવું છું. ૩૪

तिविहं भणंति मरणं, बालाणं बालपंडियाणं च ।
तइयं पंडियमरणं, जं केवलिणो अणुमरंति ॥३५॥

અર્થ :- મરણ ત્રણ પ્રકારનું કહે છે-૧ બાળકનું (બાલ મરણ) ૨ બાળ પંડિતનું (બાલ પંડિત મરણ) ૩ પંડિત મરણ જેણે કરી કેવળીઓ મરણ પામે છે. ૩૫

जे पुण अट्ठ-मईया, पयलियसन्ना य वक्कभावा य ।
असमाहिणा मरंति, न हु ते आराहगा भणिआ ॥३६॥

અર્થ :- વળી જેઓ આઠ મદવાળા, નાશ પામેલી બુદ્ધિવાળા અને વક્રપણાને (માયાને) ધારણ કરનારા અસમાધિએ મરે છે તેઓ નિશ્ચે આરાધક કહેલા નથી. ૩૬

मरणे विराहिए, देवदुग्गई दुल्लहा य किर बोही ।
संसारो य अणंतो, हवइ पुणो आगमिस्साणं ॥३७॥

અર્થ :- મરણ વિરાધે છતે (અસમાધિ મરણ વડે) દેવતામાં દુર્ગતિ થાય છે, સમ્યક્ત્વ પામવું દુર્લભ થાય છે અને વળી આવતા કાળમાં અનંત સંસાર થાય છે. ૩૭

का देवदुग्गई का, अबोहि केणेव वुज्झई मरणं ।
केण अणंतमपारं, संसारं हिंडई जीवो ॥३८॥

અર્થ :- દેવની દુર્ગતિ કયી ? અબોધિ શું ? શા હેતુ (વારંવાર) મરણુ થાય ? કયા કારણે સંસારમાં જીવ અનંતકાળ સુધી ભમે ? ૩૮

कंदप्प-देव-किब्बिस, अभिओगा आसुरी अ संमोहा ।
ता देवदुग्गईओ, मरणंमि विराहिए हुंति ॥३९॥

અર્થ :- મરણુ વિરાધે છતે કંદર્પ (મશ્કરા) દેવ, કિલ્બિષિક દેવ, (ઢેઢ દેવ) ચાકર દેવ, અસુર દેવ અને સંમોહા (સ્થાન ભ્રષ્ટ રખડુ દેવ) દેવ એ પાંચ દુર્ગતિઓ થાય છે. ૩૯

मिच्छादंसणरत्ता, सनियाणा किन्हलेसमोगाढा ।
इह जे मरंति जीवा, तेसिं दुलहा भवे बोही ॥४०॥

અર્થ :- આ સંસારમાં મિથ્યા દર્શનમાં રક્ત, નિયાણા સહિત, કૃષ્ણુ લેશ્યાવાળા જે જીવો મરણુ પામે તેઓને બોધિ બીજ દુર્લભ થાય છે. ૪૦

सम्मदंसणरत्ता, अनियाणा सुक्कलेसमोगाढा ।
इह जे मरंति जीवा, तेसिं सुलहा भवे बोही ॥४१॥

અર્થ :- આ સંસારમાં સમ્યક્ દર્શનમાં રક્ત, નિયાણ

રહિત, શુક્લ લેશ્યાવાળા જે જીવો મરણ પામે છે તેઓને બોધિ બીજ (સમકિત) સુલભ થાય છે. ૪૧

जे पुण गुरुपडिणीआ, बहुमोहा ससबला कुसीला य ।
असमाहिणा मरंति, ते हुंति अणंतसंसारी ॥४२॥

અર્થ :- જેઓ વળી ગુરૂના શત્રુભૂત હોય છે, ઘણા મોહવાળા હોય છે, દૂષણ સહિત હોય છે, કુશીલ હોય છે અને અસમાધિએ મરણ પામે છે તેઓ અનંત સંસારી થાય છે. ૪૨

जिणवयणे अणुरत्ता, गुरुवयणं जे करंति भावेणं ।
असबल-असंकिलिट्ठा, ते हुंति परित्तसंसारी ॥४३॥

અર્થ :- જિન વચનમાં રાગવાળા, જેઓ ગુરૂનુ વચન ભાવે કરીને કરે છે, દૂષણ રહિત અને સંકલેશ રહિત હોય છે તેઓ થોડા સંસારવાળા થાય છે. ૪૩

बालमरणाणि बहुसो, बहुआणि अकामगाणि मरणाणि ।
मरिहिंति ते वराया, जे जिणवयणं न याणंति ॥४४॥

અર્થ :- જેઓ જિન વચનને જાણતા નથી તે બિચારા (આત્માઓ) બાળ મરણો અને ઘણી વાર ઇચ્છા રહિતપણે મરણ પામશે. ૪૪

सत्थग्गहणं विसभक्खणं च, जलणं च जलप्पवेसा अ ।
अणायारभंडसेवी, जंमणमरणाणुबंधीणो ॥४५॥

અર્થ :– શસ્ત્ર ગ્રહણ (શસ્ત્રથી આપઘાત કરવો) વિષ ભક્ષણ, બળી મરવું, પાણીમાં બૂડી મરવું, અનાચાર તથા અધિક ઉપગરણ સેવનાર, જન્મ મરણની પરંપરા વધારનાર થાય છે. ૪૫

उड्ढमहे तिरियंमिवि, मयाणि जीवेण बालमरणाणि ।
दंसण-नाण-सहगओ, पंडियमरणं अणुमरिस्सं ॥४६॥

અર્થ :– ઉર્ધ્વ, અધો, તિર્ચ્છા (લોક)માં જીવે બાળમરણો કર્યાં. દર્શન, જ્ઞાને સહિત હું પંડિત મરણે મરીશ. ૪૬

उव्वेयणयं जाई, मरणं नरएसु वेअणाओ अ ।
एआणि संभरंते, पंडियमरणं मरसु इण्हि ॥४७॥

અર્થ :– ઉદ્વેગ કરનારાં જન્મ મરણ અને નરકને વિષે ભોગવેલી વેદનાઓ, એઓને સંભારતો હમણાં પંડિત મરણે મર. ૪૭

जइ उप्पज्जइ दुक्खं तो दट्ठव्वो सहावओ नवरं ।
किं किं मए न पत्तं, संसारं संसरंतेणं ॥४८॥

અર્થ :– જો દુઃખ ઉત્પન્ન થાય તો સ્વભાવ થકી તેની વિશેષ ઉત્પત્તિ જોવી (સંસારમાં ભોગવેલાં વિશેષ દુઃખને યાદ કરવાં.) સંસારમાં ભમતો હું શું શું દુઃખ નથી પામ્યો (એમ વિચારવું.) ૪૮

संसारचक्कवाले, सव्वेवि य पुग्गला मए बहुसो ।
आहारिआ य परिणामिआ, य नाहं गओ तत्ति ॥४९॥

અર્થ :– વળી મેં સંસાર ચક્રમાં સર્વે પણ પુદ્ગલો ઘણી

વાર ખાધા, તેમજ પરિણમાવ્યા, તો પણ વળી હું તૃપ્તિ પામ્યો નહિ. ૪૯

तणकट्ठेहि व अग्गी, लवणजलो वा नईसहस्सेहिं ।
न इमो जीवो सक्को, तिप्पेउं कामभोगेहिं ॥५०॥

અર્થ :– તરણાં અને લાકડાથી જેમ અગ્નિ અને હજારો નદીઓએ કરીને જેમ લવણ સમુદ્ર તૃપ્તિ પામતો નથી, તેમ કામ ભોગો વડે આ જીવ તૃપ્તિ પામતો નથી. ૫૦

आहारनिमित्तेणं, मच्छा गच्छंति सत्तमीं पुढवीं ।
सच्चित्तो आहारो, न खमो मणसावि पत्थेउं ॥५१॥

અર્થ :– આહારના કારણે કરી (તંદુલીઆ) મત્સ્યો સાતમી નરક ભૂમિમાં જાય છે. માટે સચિત્ત આહાર મને કરીને પણ પ્રાર્થના કરવા યોગ્ય નથી. ૫૧

पुव्विं कयपरिकम्मो, अनिआणो ऊहिऊण मइबुद्धी ।
पच्छा मलिअकसाओ, सज्जो मरणं पडिच्छामि ॥५२॥

અર્થ :– પ્રથમ (અનશનનો) અભ્યાસ કર્યો છે જેણે અને નિયાણા રહિત થએલો, મતિ અને બુદ્ધિથી વિચારીને પછી કષાય રોકનાર હું જલદી મરણ અંગીકાર કરૂં છું. ૫૨

अक्कंडेऽचिरभाविय, ते पुरिसा मरण-देस-कालंमि ।
पुव्व-कय-कम्म-परिभा,-वणाइ पच्छा परिवडंति ॥५३॥

અર્થ :– લાંબા વખતના અભ્યાસ વિના અકાળે (અણસણ કરનારા) તે પુરૂષો મરણના અવસરે પૂર્વે કરેલા કર્મોના યોગે પાછા પડે છે. (દુર્ગતિ જાય છે.) ૫૩

तम्हा चंदगविझं, सकारणं उज्जुएण पुरिसेण।
जीवो अविरहिअगुणा, कायव्वो मुक्खमग्गंमि ॥५४॥

અર્થ :– તે માટે રાધાવેધ (ના સાધનાર પુરૂષોની પેઠે)ની જેમ હેતુ પૂર્વક ઉદ્યમવાળા પુરૂષે મોક્ષ માર્ગ સાધવા માટે પોતાનો આત્મા જ્ઞાનાદિ ગુણોએ સહિત કરવો. ૫૪

बाहिर-जोग-विरहिओ, अब्भितर-ज्झाण-जोग-मल्लीणो।
जह तंमि देसकाले, अमूढसन्नो चयइ देहं ॥५५॥

અર્થ :– તે (મરણના) અવસરે બાહ્ય (પુદ્ગલિક) વ્યાપારે રહિત અભ્યન્તર (આત્માના સ્વરૂપ) ધ્યાનમાં લીન, સાવધાન મનવાળો શરીરને છોડી દે. ૫૫

हंतूण रागदोसं, भि(छि)त्तूण य अट्ठ-कम्म-संघायं।
जम्मण-मरण-ऽरहट्टं, भित्तूण भवा विमुच्चिहिसि ॥५६॥

અર્થ: – રાગ દ્વેષને હણીને, આઠ કર્મોના સમૂહનો નાશ કરીને, જન્મ અને મરણ રૂપ અરહટ્ટ (રેંટ)ને ભેદીને તું સંસારથી મૂકાશે. ૫૬

एवं सव्वुवएसं, जिणदिट्ठं सद्दहामि तिविहेणं।
तस-थावर-खेमकरं. पारं निव्वाणमग्गस्स ॥५७॥

અર્થ :- આ પ્રકારે ત્રસ અને સ્થાવરને કલ્યાણ કરનાર, મોક્ષ માર્ગનો પાર પાડનાર, જિનેશ્વરે બતાવેલો સર્વ ઉપદેશ મન, વચન, કાયાએ કરી હું સદ્દહું છું. ૫૭

न हि (हु) तंमि देसकाले, सक्को बारसविहो सुअक्खंधो।
सव्वो अणुचिंतेउं धणियंपि समत्थचित्तेणं ॥५८॥

અર્થ :- તે (મરણના) અવસરે અતિશય સમર્થ ચિત્ત-વાળાથી પણ બાર અંગરૂપ સર્વ શ્રુત સ્કંધનું ચિંતવન કરવાનું શકય નથી. ૫૮

एगंमिवि जंमि पए, संवेगं वीअराय-मग्गंमि।
गच्छइ नरो अभिक्खं, तं मरणं ते(ण) मरिअव्वं॥५९॥

અર્થ :- (આથી) વીતરાગના માર્ગમાં જે એક પણ પદથી મનુષ્ય વારંવાર વૈરાગ્ય પામે તેણે કરી (તે પદના ચિંતવન) સહિત મરણ તારે મારવા યોગ્ય છે. ૫૯

ता एगंपि सिलोगं, जो पुरिसो मरण देस-कालंमि।
आराहणोवउत्तो, चिंतंतो आराहगो होइ ॥६०॥

અર્થ :- તે માટે મરણના અવસરમાં આરાધનાના ઉપ-યોગવાળો જે પુરૂષ એક પણ શ્લોક ચિંતવતો રહે તે આરાધક થાય છે. ૬૦

आराहणोवउत्तो कालं काऊण सुविहिओ सम्मं ।
उक्कोसं तिन्नि भवे, गंतूणं लहइ निव्वाणं ॥६१॥

અર્થ :- આરાધના કરવાના ઉપયોગવાળો, સુવિહિત (સારા આચારવાળો) આત્મા રૂડી રીતે (સમાધિ ભાવથી) કાળ કરીને ઉત્કૃષ્ટથી ત્રણ ભવમાં મોક્ષ પામે છે. ૬૧

समणोत्ति अहं पढमं, बीअं सव्वत्थ संजओमित्ति ।
सव्वं च वोसिरामि, एअं भणियं समासेणं ॥६२॥

અર્થ :- પ્રથમ તો હું સાધુ છું, બીજું સર્વ પદાર્થમાં સંયમવાળો છું (તેથી) સર્વને વોસિરાવું છું, આ સંક્ષેપમાં કહ્યું છે. ૬૨

लद्धं अलद्धपुव्वं, जिणवयण-सुभासिअं अमियभूअं ।
गहिओ सुग्गइमग्गो, नाहं मरणस्स बीहेमि ॥६३॥

અર્થ :- જિનેશ્વર ભગવાનના આગમમાં કહેલું અમૃત સરખું અને પૂર્વે નહિ પામેલું એવું (આત્મતત્ત્વ) હું પામ્યો છું. અને શુભ ગતિનો માર્ગ ગ્રહણ કર્યો છે તેથી હું મરણથી બીતો નથી. ૬૩

धीरेणवि मरियव्वं, काउरिसेणवि अवस्स मरियव्वं ।
दुण्हंपि हु मरियव्वे, वरं खु धीरत्तणे मरिउं ॥६४॥

અર્થ :- ધીર પુરૂષે પણ મરવું પડે છે, અને કાયર પુરૂષે પણ અવશ્ય મરવું પડે છે, બંનેને પણ નિશ્ચયે કરી મરવાનું છે, તો ધીરપણે મરવું એ નિશ્ચયે સુંદર છે. ૬૪

सीलेणवि मरियव्वं, निस्सीलेणवि अवस्स मरियव्वं ।
दुण्हपि हु मरियव्वे, वरं खु सीलत्तणे मरिउं ॥६५॥

અર્થ :- શીલવાળાએ પણ મરવું પડે છે, શીલ રહિત માણસે પણ અવશ્ય મરવું પડે છે, બંનેને પણ નિશ્ચયે કરી મરવાનું છે, તો શીલ સહિત મરવું એ નિશ્ચે સુંદર છે. ૬૫

नाणस्स दंसणस्स य, सम्मत्तस्स य चरित्तजुत्तस्स ।
जो काही उवओगं, संसारा सो विमुच्चिहिसि ॥६६॥

અર્થ :- જે કોઈ ચારિત્ર સહિત જ્ઞાનમાં દર્શનમાં અને સમ્યક્ત્વમાં સાવધાનપણું (પ્રયત્ન) કરશે તે વિશેષે કરી સંસારથકી મૂકાશે. ૬૬

चिरउसिअबंभयारी, पप्फोडेऊण सेसयं कम्मं ।
अणुपुव्वीइ विसुद्धो, गच्छइ सिद्धिं धुअकिलेसो ॥६७॥

અર્થ :- ઘણા કાળ સુધી બ્રહ્મચર્ય સેવનાર અને બાકીના કર્મનો નાશ કરીને તથા સર્વ ક્લેશનો નાશ કરીને અનુક્રમે શુદ્ધ થએલો સિદ્ધમાં જાય છે. ૬૭

निक्कसायस्स दंतस्स, सूरस्स ववसाइणो ।
संसारपरिभीअस्स, पच्चक्खाणं सुहं भवे ॥६८॥

અર્થ :- કષાય રહિત, દાન્ત, (પાંચ ઇંદ્રિયો તથા મનને

દમન કરનાર) શૂરવીર, ઉદ્યમવંત તથા સંસારથી ભય ભ્રાંત થએલા આત્માનું પચ્ચકખાણ રૂડું હોય છે. ૬૮

एअं पच्चक्खाणं, जो काही मरण-देस-कालंमि।
धीरो अमूढसन्नो, सो गच्छइ उत्तमं ठाणं ॥६९॥

અર્થ :– ધીર અને મુંઝવણ રહિત જ્ઞાનવાળો જે મરણના અવસરે આ પચ્ચક્ખાણ કરશે તે ઉત્તમ સ્થાનકને પામશે. ૬૯

धीरो जरमरणविऊ, वीरो विन्नाण-नाण-संपन्नो।
लोगस्सुज्जोअगरो, दिसउ खयं सव्वदुक्खाणं ॥७०॥

અર્થ :– ધીર, જરા અને મરણને જાણનાર, જ્ઞાન દર્શને કરીને સહિત લોકમાં ઉદ્યોતના કરનાર એવા વીર (વીર જિનેશ્વર) સર્વ દુઃખોનો ક્ષય બતાવો. ૭૦

॥ श्री आउरपच्चक्खाण समाप्त ॥४॥

卐

॥५॥ श्रीसोमसूरीश्वर-विरचिता पर्यन्ताराधना ॥

नमिऊण भणइ एवं, भयवं समउच्चियं समाइससु।
तत्तो वागरइ गुरु, पज्जंताराहणं एयं ॥१॥

અર્થ :– શ્રી ગુરૂ મહારાજને નમસ્કાર કરીને શિષ્ય આ પ્રમાણે કહે કે હે ભગવન્ ! મને સમયને ઉચિત આદેશ કરો. (આરાધના કરાવો.) ત્યારે ગુરૂ મહારાજ છેવટની આરાધના આ પ્રમાણે કહે છે. ૧

आलोइसु अइयारे, वयाइ उच्चरसु खमिसु जीवेसु।
वोसिरिसु भाविअप्पा, अट्ठारस पावठाणाइं ॥२॥

અર્થ :– ૧ અતિચાર આલોવો. ૨ વ્રત ઉચ્ચરો. ૩ જીવોને ખમાવો. ૪ આત્માને ભાવીને અઢાર પાપ સ્થાનક વોસિરાવો. ૨

चउसरण दुक्कडगरिहणं च, सुकडाणुमोयणं कुणसु।
सुहभावणं अणसणं, पंच नमुक्कारसरणं च ॥३॥

અર્થ :– ૫ ચાર શરણુ આદરો. ૬ પાપની નિંદા કરો. ૭ સુકૃતની અનુમોદના કરો. ૮ શુભ ભાવના ભાવો. ૯ અણુશણુ કરો અને ૧૦ પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરો. ૩

नाणंमि दंसणंमि य, चरणंमि तवंमि तहय विरियंमि।
पंचविहे आयारे, अइआरालोयणं कुणसु ॥४॥

અર્થ :– જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તેમજ વીર્ય એ પાંચ પ્રકારના આચારને વિષે અતિચારની આલોયણા કરો. ૪

कालविणयाई अट्ठ,-प्पयार-आयार-विरहियं नाणं।
जं किंचि मए पढियं, मिच्छामि दुक्कडं तस्स ॥५॥

અર્થ :– ૧ કાલ. ૨ વિનય. ૩ બહુમાન. ૪ ઉપધાન. ૫ ગુરૂને ન ઓલવવા. ૬ શુદ્ધ સૂત્ર. ૭ અર્થ શુદ્ધ. ૮ સૂત્ર તથા અર્થ બંને શુદ્ધ એ આઠ પ્રકારના (જ્ઞાનના) આચાર રહિત હું જે કાંઈ ભણ્યો હોઉં તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. (તે મારૂં પાપ મિથ્યા થાઓ.) ૫

नाणीण जं न दिन्नं, सइ सामत्थंमि वत्थअसणाइ।
जा विहिया य अवन्ना, मिच्छामि दुक्कडं तस्स ॥६॥

અર્થ :– છતી શક્તિએ મેં જ્ઞાનીઓને જે અન્નાદિ ન

આપ્યું હોય અને જે મેં તેમની અવજ્ઞા કરી હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ૬

जे पंच भेअनाणस्स, निंदणं जो इमस्स उवहासो।
जो उ कओ उवघाओ, मिच्छामि दुक्कडं तस्स ॥७॥

અર્થ :– મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ એ જ્ઞાનના પાંચ પ્રકારની મેં જે નિંદા કરી હોય અને વળી તેમની જે હાંસી કરી હોય તે, તથા વળી જે મેં તેમનો ઉપઘાત કર્યો હોય તેનો મિચ્છામિ દુક્કડં હો. ૭

नाणोवगरणभूयाणं, कवलिया-फलिह-पुत्थियाईणं।
आसायणा कया जं, मिच्छामि दुक्कडं तस्स ॥८॥

અર્થ :– જ્ઞાનોપગરણભૂત જે કવલી, પાટી, પોથી વિગેરેની જે કાંઈ આશાતના મેં કરી હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ૮

जं सम्मत्तं निस्सं,-कियाइ अट्ठविह-गुण-समाउत्तं।
धरियं मए न सम्मं, मिच्छामि दुक्कडं तस्स ॥९॥

અર્થ :– નિઃશંકિત, નિકંખિત, નિર્વિતિગિચ્છા, અમૂઢ દૃષ્ટિ, ઉપબૃંહણા; સ્થિરિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ આઠ પ્રકારના ગુણવાળું, જે સમક્તિ મેં સમ્યક્ પ્રકારે ન ધારણ કર્યું હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ૯

जं न जणिया जिणाणं,
जिणपडिमाणं च भावओ पूया ।
जं च अभत्ती विहिया, मिच्छामि दुक्कडं तस्स ॥१०॥

અર્થ :- અરિહંતોની તથા જિન પ્રતિમાની મેં ભાવનાથી જે પૂજા કરી ન હોય તથા જે અભક્તિ કરી હોય, તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ૧૦

जं विरईओ विणासा, चेईयदव्वस्स जं विणासंता ।
अन्ने उवक्खिओ मे, मिच्छामि दुक्कडं तस्स ॥११॥

અર્થ :- ચૈત્ય દ્રવ્યનો જે મેં વિનાશ કર્યો હોય અને જે વિનાશ કરતા બીજા માણસને ઉવેખ્યો હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ૧૧

आसायण कुणंता, ज कहवि जिणंदमंदिराइसु ।
सत्तीए न निसिद्धो, मिच्छामि दुक्कडं तस्स ॥१२॥

અર્થ :- જિન મંદિરની આશાતના કરતા જે કોઇ માણસને છતી શક્તિએ મેં નિષેધ્યો ન હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ૧૨

जं पंचहिं समिईहिं, तीहिं गुत्तीहिं संगयं सययं ।
परिपालियं न चरणं, मिच्छामि दुक्कडं तस्स ॥१३॥

અર્થ :- જે પાંચ સમિતિ વડે અને ત્રણ ગુપ્તિ વડે

સહિત એવું ચારિત્ર નિરંતર મેં ન પાળ્યું હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ૧૩

एगिंदियाण जं कहवि, पुढवि-जल-जलण-मारुय तरूणं।
जीवाण वहो विहिओ, मिच्छामि दुक्कडं तस्स ॥१४॥

અર્થ :- પૃથ્વી, અપ, તેઉ, વાઉ, વનસ્પતિ એ (પાંચ પ્રકારના) એકેંદ્રિય જીવનો મેં કોઈ પણ રીતે વધ કર્યો હોય, તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ૧૪

किमि-संख-सुत्ति-पुयर,-जलोय-गंडोल-अलसप्पमुहा।
बेइंदिया हया जं, मिच्छामि दुक्कडं तस्स ॥१५॥

અર્થ :- કરમીયા, શંખ, છીપ, પોરા, જલો, ગડોલા, અલસીયાં પ્રમુખ બેઇંદ્રિય જીવોને જે મેં હણ્યા હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ૧૫

गद्दह-कुंथु-जूआ, मंकुण-मंकोड-कीडियाईया।
तेइंदिया हया जं, मिच्छामि दुक्कडं तस्स ॥१६॥

અર્થ :- ગદ્ધૈયાં, કંથુઆ, જુ, માંકણ, મંકોડી, તથા કીડી, વિગેરે તેઇંદ્રિય જીવોને જે મેં હણ્યા હોય તેનો મારે મિચ્છામિ દુક્કડં હો. ૧૬

करोलिय-कुत्तिय-विच्छू,मच्छिया-सलह-च्छप्पय-पमुहा।
चउरिंदिया हया जं, मिच्छामि दुक्कडं तस्स ॥१७॥

અર્થ :– કરોળીયા, કુંતી, વિંછી, માખી, પતંગીયા, તીડ, ભમરા વિગેરે જે ચૌરિદ્રિય જીવ મેં હણ્યા હોય તેનો મારે મિચ્છમિ દુક્કડં હો. ૧૭

जलयर-थलयर-खयरा, आउट्टि-प्पमाय-दप्प-कप्पेसुं ।
पंचिंदिया हया जं, मिच्छामि दुक्कडं तस्स ॥१८॥

અર્થ :– જલચર, સ્થલચર, ખેચર વિગેરે જે પંચિંદ્રિ જીવ ૧ નિઃશુકતા, ૨ ઉપયોગ શૂન્યતા, અને ૩ દર્પ વિગેરેથી મેં હણ્યા હોય તેને મારે મિચ્છામિ દુક્કડં હો. ૧૮

जं कोह-लोह-भय-हास-परवसेणं मए विमूढेणं ।
भासियमसच्चवयणं, तं निंदे तं च गरिहामि ॥१९॥

અર્થ :– જે ક્રોધ, લોભ, ભય અને હાસ્યના પરવશપણા થકી અસત્ય વચન મેં મૂર્ખે ભાખ્યું હોય તેને હું નિંદું છું અને ગરહું છું. ૧૯

जं कवडवावडेण, मए परं वंचिऊण थोवंपि ।
गहियं धणं अदिन्नं, तं निंदे तं च गरिहामि ॥२०॥

અર્થ :– જે કપટ વ્યાપારવડે મેં પરને ઠગીને થોડું પણ ધન આપ્યા વિના લીધું હોય તેને હું નિંદું છું અને ગરહું છું. ૨૦

दिव्वं व मणुस्सं वा, तेरिच्छं वा सरागहियएणं ।
जं मेहुणमायरियं, तं निंदे तं च गरिहामि ॥२१॥

અર્થ :- દેવ સંબંધી અથવા મનુષ્ય સંબંધી અથવા તિર્યંચ સંબંધી સરાગ હૃદયવડે કરીને જે મૈથુન મેં સેવ્યું હોય તેને હું નિંદું છું અને ગરહું છું. ૨૧

जं धण-धन्न-सुवन्न, पमुहंमि परिग्गहे नवविहेऽवि।
विहिओ ममत्तभावो, तं निंदे तं च गरिहामि ॥२२॥

અર્થ :- જે ધન, ધાન્ય, સુવર્ણ પ્રમુખ નવ વિધ પરિગ્રહ [ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુક, (ઘર, હાટ) સોનું, રૂપું, કુપ્ય (તાંબુ આદિ હલકી ધાતુ) દ્વિપદ, ચતુષ્પદ] ને વિષે જે મમતા ભાવ કીધો હોય તે હું નિંદું છું અને ગરહું છું. ૨૨

जं राई-भोयण-विरमणाई, नियमेसु विविहरूवेसु।
खलियं मह संजायं, तं निंदे च गरिहामि ॥२३॥

અર્થ :- રાત્રિ ભોજન વિરમણાદિ વિવિધ પ્રકારના નિયમોને વિષે મને જે દોષ લાગ્યો હોય તે હું નિંદું છું અને ગરહું છું. ૨૩

बाहिरमब्भिंतरयं, तवं दुवालसविहं जिणुद्दिट्ठं।
जं सत्तीए न कयं, तं निंदे तं च गरिहामि ॥२४॥

અર્થ :- જિનેશ્વર ભગવંતે કહેલા બાહ્ય અને અભ્યંતર મળી બાર પ્રકારના તપને જે યથાશક્તિ ન કર્યા હોય તેને હું નિંદું છું અને ગરહું છું. ૨૪

जोगेसु मुक्ख-पह-साहमेसु, जं वीरियं न य पउत्तं।
मण-वय-काइएहिं, तं निंदे तं च्च गरिहामि ॥२५॥

અર્થ :- મોક્ષ માર્ગના સાધક યોગોને વિષે મન વચન કાયાએ કરી જે વીર્ય ન ફોરવ્યું હોય તે હું નિંદું છું અને ગરહું છું. ૨૫

पाणाइवाय-विरमण,-पमुहाई तुमं दुवालसवयाइं।
सम्मं परिभावंतो, भणसु जहा गहिअभंगाइं ॥२६॥

અર્થ :- પ્રાણાતિપાત વિરમણ પ્રમુખ બાર વ્રતોને સમ્યક્ પ્રકારે રૂડી રીતે ભાવતા તમે જે ભાંગા વડે લીધા હોય તે ભાંગાએ કહો. ૨૬

खामेसु सवसत्ते, खमेसु तेसिं तुमं विगयकोवो।
परिहरिअ-पुववेरो, सव्वे मित्तित्ति चिंत्तसु ॥२७॥

અર્થ :- તમે કોપરહિત થઈને સર્વ પ્રાણીમાત્રને ખમાવો અને તેમને તમે ખમો. પૂર્વ (આગલ)નું વૈર ત્યાગ કરીને સર્વ મિત્ર છે એમ ચિંતવો. ૨૭

पाणाइवायमलियं, चोरिक्कं मेहुणं दविणमुच्छं।
कोहं माणं मायं, लोभं पिज्जं तहा दोसं ॥२८॥

અર્થ :- ૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ ચોરી, ૪ મૈથુન,

૫ દ્રવ્યની મૂર્ચ્છા (પરિગ્રહની લાલચ), ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ, ૧૦ પ્રેમ (રાગ) તથા ૧૧ દ્વેષ. ૨૮

कलहं अब्भक्खाणं, पेसुन्नं रइअरइसमाउत्तं ।
परपरिवायं माया,-मोसं मिच्छत्तसल्लं च ॥२९॥

અર્થ :- ૧૨ કલહ, ૧૩ અભ્યાખ્યાન (આલ દેવું), ૧૪ ચાડી, ૧૫ રતિ અરતિ સહિત, ૧૬ પરપરિવાદ (પારકી નિંદા), ૧૭ માયામૃષા અને ૧૮ મિથ્યાત્વ શલ્ય. ૨૯

वोसिरसु इमाइं, मुक्ख-मग्ग-संसग्ग-विग्घ-भूयाइं ।
दुग्गइनिबंधणाइं, अट्ठारस पावठाणाइं ॥३०॥

અર્થ :- આ મોક્ષમાર્ગના સંસર્ગને વિઘ્નભૂત અને દુર્ગતિના કારણરૂપ અઢાર પાપ સ્થાનિકોને વોસિરાવો. ૩૦

चउत्तीस-अइसय-जुआ, अट्ठ महापाडिहेर-पडिपुन्ना ।
सुर-विहिय-समवसरणा, अरिहंता मज्झ ते सरणं ॥३१॥

અર્થ :- ચોત્રીશ અતિશય યુક્ત, આઠ મહાપ્રતિહાર્ય સહિત અને દેવતાએ રચેલું છે સમવસરણ જેમનું એવા તે અરિહંત ભગવાનો મને શરણ હો. ૩૧

चउविह-कसाय-चत्ता, चउवयणा चउ-पयार-धम्म-कहा ।
चउ-गइ-दुह-निद्दलणा, अरिहंता मज्झ ते सरणं ॥३२॥

અર્થ :- ચાર પ્રકારના (ક્રોધ, માન, માયા, લોભરૂપ)

કષાય જેમણે ત્યાગ કર્યા છે, ચાર મુખવાલા, ચાર પ્રકારની ધર્મકથ કહેનાર અને ચાર ગતિના દુઃખનો નાશ કરનારા અરિહંતો તે મને શરણ હો. ૩૨

जे अट्ठ-कम्म-मुक्का, वर-केवल-नाण-मुणिय-परमत्था।
अट्ठमय-ठाण-रहिया, अरिहंता मज्झ ते सरणं ॥३३॥

અર્થ :- આઠ કર્મથી મુકાએલા, પ્રધાન કેવલજ્ઞાને કરી પરમાર્થ જાણનાર અને આઠ મદના સ્થાનક રહિત જે અરિહંતો તે મને શરણ હો. ૩૩

भवखित्ते अरुहंता, भावारिप्पहरणेण अरिहंता।
जे तिजगपूअणिज्जा, अरिहंता मज्झ ते सरणं ॥३४॥

અર્થ :- જેઓ સંસારરૂપ ક્ષેત્રમાં ઉપજતા નથી, અને ભાવ શત્રુ (રાગ અને દ્વેષ)ને હણીને અરિહંત થાય છે અને ત્રણ જગતમાં પૂજનીક છે એવા અરિહંતો તે મને શરણ હો. ૩૪

तरिऊण भवसमुद्दं रउद्दं दुह-लहरि-लक्ख-दुल्लंघं।
जे सिद्धिसुहं पत्ता, ते सिद्धा हुंतु मे सरणं ॥३५॥

અર્થ :- રૌદ્ર અને દુઃખની લાખો લહેરોથી નહિ ઓલંઘાય એવા સંસાર સમુદ્રને તરીને જેઓ સિદ્ધિ સુખ પામ્યા છે તે સિદ્ધો મારે શરણ હો. ૩૫

जे भंजिऊण तवमुग्गरेणं, निबिडाइं कम्मनियडाइं।
संपत्ता मुक्खसुहं, ते सिद्धा हुंतु मे सरणं ॥३६॥

અર્થ :– તપરૂપી મોગર વડે નિબિડ (મજબુત) કર્મરૂપ બેડીને ભાંગીને મોક્ષ સુખને પામ્યા તે સિદ્ધો મારે શરણ હો. ૩૬

झाणानल-जोगेणं, जाण निद्दड्ढ-सयल-कम्म-मलो।
कणगं व जाण अप्पा, ते सिद्धा हुंतु मे सरणं ॥३७॥

અર્થ :– ધ્યાન રૂપી અગ્નિના યોગથી જેમનો સકલ કર્મ રૂપ મેલ બલી ગયો છે અને સોનાની પેઠે જેમનો આત્મા નિર્મળ થયો છે તે સિદ્ધો મારે શરણ હો. ૩૭

जाण न जम्मो न जरा, न वाहिणो न मरणं न वा बाहा।
न य कोहाइ-कसाया, ते सिद्धा हुं तु मे सरणं ॥३८॥

અર્થ :– જેમને જન્મ, જરા (ઘડપણ), રોગ, મરણ, બાધા (પીડા) અને ક્રોધાદિક કષાયો નથી તે સિદ્ધો મારે શરણ હો. ૩૮

काउं महुअरविर्त्ति, जे बायालीस-दोस-परिसुद्धं ।
भुंजंति भत्तपाणं, ते मुणिणो हुंतु मे सरणं ॥३९॥

અર્થ :– મધુકરી (ભમરો ફૂલમાંથી થોડો રસ લે તેની પેઠે) વૃત્તિ કરીને જે બેંતાલીશ દોષે કરીને શુદ્ધ એવું ભોજન અને પાણી જમે છે તે મુનિઓ મારે શરણ હો. ૩૯

पंचिंदिय-दमण-परा, निज्जिय-कंदप्प-दप्प-सरपसरा।
धारंति बंभचेरं, ते मुणीणो हुंतु मे सरणं ॥४०॥

અર્થ :- પાંચ ઇંદ્રિયોને દમવામાં તત્પર, કંદર્પના દર્પ (કામદેવનો અહંકાર) અને તેના બાણના પ્રસારને જિતનાર અને બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરનાર તે મુનિઓ મારે શરણ હો. ૪૦

जे पंच-समिइ-समिया, पंच-महव्वय-भरुव्वहण-वसहा।
पंचम-गइ-अणुरत्ता, ते मुणिणो हुंतु मे सरणं ॥४१॥

અર્થ :- જે પાંચ સમિતિએ સમિતા, પાંચ મહાવ્રતના ભારને ઉપાડવાને વૃષભ સરખા, અને પંચમી ગતિ (મોક્ષ)માં અનુરક્ત છે તે મુનિઓ મારે શરણ હો. ૪૧

जे चत्त-सयल-संगा, सम-मणि-तिण-मित्त-सत्तुणो धीरा।
साहंति मुक्खमग्गं, ते मुणिणो हंतु मे सरणं ॥४२॥

અર્થ :- જેમણે સકલ સંગ ત્યાગ કર્યો છે, મણિ અને તરણું મિત્ર અને શત્રુ એ જેમને સમાન છે, જેઓ ધીર છે અને જેઓ મોક્ષ માર્ગને સાધે છે તે મુનિઓ મારે શરણ હો. ૪૨

जो केवलनाण-दिवायरेहिं, तित्थंकरेहिं पन्नत्तो।
सव्व-जग-जीव-हियओ, सो धम्मो होउ मे सरणं ॥४३॥

અર્થ :- કેવલજ્ઞાને કરીને સૂર્ય સમાન તીર્થંકરોએ કહેલો અને સર્વ જગતના જીવને હિતકારી જે ધર્મ તે મારે શરણ હો. ૪૩

कल्लाण-कोडि-जणणी, जत्थ अनत्थ-प्पबंधाइ-निद्दलणी।
वन्निज्जइ जीवदया, सो धम्मो होउ मे सरणं ॥४४॥

અર્થ :– ક્રોડ કલ્યાણને ઉત્પન્ન કરનારી અને અનર્થના સમૂહને નાશ કરનારી જીવદયા જ્યાં વર્ણન કરાય છે તે ધર્મ મારે શરણ હો. ૪૪

जो पावभरक्कंतं, जीवं भीमंमि कुगइकूवंमि ।
धारिज्जई निवडमाणं, सो धम्मो होउ मे सरणं ॥४५॥

અર્થ :– પાપના ભારથી આક્રાંત થએલા જીવને, ભયંકર કુગતિરૂપ કૂવામાં પડતાં ધારણ કરી રાખે છે (બચાવે છે) તે ધર્મ મારે શરણ હો. ૪૫

सग्गापवग्गपुरमग्ग,-लग्गा लोआण सत्थवाहो जो ।
भव-अडवि-लंघण-खमो, सो धम्मो होउ मे सरणं ॥४६॥

અર્થ :– દેવલોક અને મોક્ષરૂપ નગરના માર્ગમાં જનારા લોકોને સાર્થવાહ સમાન અને ભવ રૂપી અટવી ઓલંઘવાને સમર્થ છે તે ધર્મ મારે શરણ હો. ૪૬

एवं चउण्हं सरणं पवन्नो, निव्विन्नचित्तो भवचारगाओ ।
जं दुक्कडं किंपि समक्खमेसिं,
निंदामि सव्वंपि अहं तमिन्हि ॥४७॥

અર્થ :– એ પ્રકારે ચાર શરણને અંગીકાર કરનારો અને ભવ રૂપી બંદિખાનાથી ઉદાસીન ચિત્તવાળો હું, જે કાંઈ દુષ્કૃત કર્યું હોય તે સર્વ અહિં એમના સમક્ષ નિંદું છું. ૪૭

जं इत्थ मिच्छत्तविमोहिएणं, मए भमंतेण कयं कुतित्थं।
मणेण वायाइ कलेवरेणं,
निंदामि सव्वंपि अहं तमिन्हि ॥४८॥

અર્થ :- જે મિથ્યાત્વથી મુંઝાએલા મેં ભમતાં મન, વચન અને કાયા વડે કુતીર્થ સેવ્યું તે સર્વેને પણ અહીં નિંદું છું. ૪૮

पच्छाइओ जं जिण-धम्म-मग्गो,
मए कुमग्गा पयडी कओ जं।
जाओ अहं जं परपावहेऊ,
निंदामि सव्वंपि अहं तमिन्हि ॥४९॥

અર્થ :- જે જિન ધર્મના માર્ગને ઢાંકી દીધો અને જે કુમાર્ગ મેં પ્રગટ કર્યો, વલી પારકાને પાપનું કારણ હું થયો તે સર્વેને હું અહિંઆં નિંદું છું. ૪૯

जंताणि जं जंतुदुहावहाइं,
हलुक्खलाईणि मए कयाइं।
जं पोसियं पावकुडुंबयं तं,
निंदामि सव्वंपि अहं तमिन्हि ॥५०॥

અર્થ :- જીવોને દુઃખ કરનારા જે હલ અને ઉખલ (ખાંયણીઓ) વિગેરે યંત્રો મેં કરાવ્યાં, વલી પાપે કરીને કુટુંબને પોશ્યું તે સર્વેને અહિંઆં હું નિંદું છું. ૫૦

जिण-भवण-बिंब-पुत्थय,-संघ-सरुवाइ सत्तखित्ताइं ।
जं ववियं धणबीयं, तमहं अणुमोअए सुकयं ॥५१॥

અર્થ :- ૧. જિનભવન (દેરાસર), ૨ જિનપ્રતિમા, ૩ પુસ્તક, ૪- ચતુર્વિધ સંઘ ૭ આદિ સાત ક્ષેત્રોને વિષે જે ધન રૂપી બીજ વાવ્યું હોય તે સુકૃતને હું અનુમોદું છું. ૫૧

जं सुद्ध-नाण-दंसण,-चरणाइं भवन्नवप्पवहणाइं ।
सम्ममणुपालियाइं, तमहं अणुमोयए सुकयं ॥५२॥

અર્થ :- ભવ રૂપી સમુદ્રમાં વહાણ સમાન જે શુદ્ધ જ્ઞાન, દર્શન અને ચારિત્રને સમ્યક્ પ્રકારે મેં પાલ્યાં હોય તે સુકૃતને હું અનુમોદું છું. ૫૨

जिण-सिद्ध-सूरि-उवज्झाय,-साहु-साहम्मिय-प्पवयणेसु ।
जं विहिओ बहुमाणो, समहं अणुमोअए सुकयं ॥५३॥

અર્થ :- જિન અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધર્મિક અને પ્રવચનને વિષે જે બહુમાન મેં કર્યું હોય તે સુકૃતને હું અનુમોદું છું. ૫૩

सामाइयचउवीसत्थयाइ, आवस्सयंमि च्छभेए ।
जं उज्जमियं सम्मं, तमहं अणुमोअए सुकयं ॥५४॥

અર્થ :- સામાયિક, ચઉવિસત્થો વિગેરે છ પ્રકારના આવશ્યકને વિષે સમ્યક્ પ્રકારે જે ઉદ્યમ કર્યો હોય તે સુકૃતને હું અનુમોદું છું. ૫૪

पुव्व-कय-पुन्न-पावाण, सुक्ख-दुक्खाण कारणं लोए।
न य अन्नो कोवि जणो,
इय मुणिय कुणसु सुहभावं ॥५५॥

અર્થ :- લોકોને વિષે પૂર્વકૃત પુન્ય અને પાપ સુખ અને દુઃખનાં કારણુ છે, પણુ કોઈ બીજો માણુસ કારણુ નથી, એમ જાણીને શુભ ભાવ કર. ૫૫

पुव्वि दुचिन्नाणं, कम्माण वेइअणं जं मुक्खो।
न पुणो अवेइआणं, इय मुणिय कुणसु सुहभावं ॥५६॥

અર્થ :- પૂર્વે દુષ્ટ કર્મ કરેલાં તેનું જે વેદવું (કર્મોનો નાશ કરવો) તે જ મોક્ષ કહેવાય, પણુ તેમને નહિ ભોગવવાં તે મોક્ષ નહિ એમ જાણી શુભ ભાવ કર. ૫૬

जं तुमए नरए नारएणं, दुक्खं तितिक्खियं तिक्खं।
तत्तो कित्तियमित्तं, इय मुणिय कुणसु सुहभावं ॥५७॥

અર્થ :- તમે નરકને વિષે નારકીપણે જે અત્યંત તીખાં દુઃખ સહ્યાં તેથી આ દુઃખ કેટલામે હિસ્સે છે એમ જાણીને શુભ ભાવ કર. ૫૭

जेण विणा चारित्तं, सुयं तवं दाणं सीलमवि सव्वं।
कासकुसुमं व विहलं, इय मुणिय कुणसु सुहभावं ॥५८॥

અર્થ :- કારણુ કે ભાવ વિના ચારિત્ર, શ્રુત, તપ, દાન,

શીલ વિગેરે સર્વ પણ કાસના ફૂલની (આ ફૂલને ફળ થતાં નથી) પેઠે નિષ્ફલ છે એમ જાણીને શુભ ભાવ કર. ૫૮

जं भुंजिऊण बहुहा, सुरसेलसमूहपव्वणहिंतो ।
तित्ती तए न पत्ता, तं चयसु चउव्विहाहारं ॥५९॥

અર્થ :- મેરૂ પર્વતના જેવડા ઢગલાથી પણ વધારે આહાર ઘણી રીતે ભોગવ્યા તો પણ તે વડે તૃપ્તિ થઈ નહિ, માટે તે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરો. ૫૯

जो सुलहो जीवाणं, सुर-नर-तिरि-नरय-गइ-चउक्केसु ।
मुणिय दुल्लहं विरयं, तं चयसु चउव्विहाहारं ॥६०॥

અર્થ :- જે આહાર જીવોને દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નરક એ ચાર ગતિઓને વિષે સુલભ છે ને વિરતિપણું દુર્લભ છે તે માટે તે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરો. ૬૦

छज्जीव-निकाय-वहे, अकयंमि कहंपि जो न संभवइ ।
भव-भमण-दुहाहारं, तं चयसु चउव्विहाहारं ॥६१॥

અર્થ :- છ જીવ નિકાયનો વધ કર્યા વિના જે આહાર કોઈ પણ રીતે થતો નથી, અને જે ભવ ભ્રમણરૂપ દુઃખના આધારરૂપ છે તે માટે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરો. ૬૧

चत्तंमि जंमि जीवाणं, होइ करयलगयं सुरिंदत्तं ।
सिद्धिसुहं पिहु सुलहं, तं चयसु चउव्विहाहारं ॥६२॥

અર્થ :- જે આહારનો ત્યાગ કર્યે છતે જીવોને હથેલીમાં ઇંદ્રપણું આવે છે અને સિદ્ધિનું સુખ પણ નક્કી સુલભ થાય છે તે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરો. ૬૨

नाणाविह-पाव-परायणोवि, जं पाविऊण अवसाणे।
जीवो लहइ सुरत्तं, तं सरसु मणे नमुक्कारं ॥६३॥

અર્થ :- નાના પ્રકારના પાપમાં તત્પર થએલો એવો પણ જીવ અંતના વખતે જે નવકાર પામીને દેવતાપણું પામે છે તે નવકારને મનને વિષે સ્મરણ કરો. ૬૩

सुलहाओ रमणीओ, सुलहं रज्जं सुरत्तणं सुलहं।
इक्कुच्चिय जो दुलहो, तं सरसु मणे नमुक्कारं ॥६४॥

અર્થ :- સ્ત્રીઓ સુલભ છે, રાજ્ય અને દેવપણું એ પણ સુલભ છે, પણ એક નવકાર જે દુર્લભ છે તેનું મનને વિષે સ્મરણ કરો. ૬૪

जेण सहाएण गयाण, परभवे संभवंति भवियाणं।
मणवंछियसुक्खाइं, तं सरसु मणे नमुक्कारं ॥६५॥

અર્થ :- જેની સહાય પામેલા ભવ્ય જીવોને પરભવને વિષે મનોવાંછિત સુખો મલે છે તે નવકાર મંત્રનું મનને વિષે સ્મરણ કરો. ૬૫

लद्धंमि जंमि जीवाणं, जायइ गोपयं व भवजलही।
सिव-सुह-मच्चंकारं, तं सरसु मणे नमुक्कारं ॥६६॥

અર્થ :- જે નવકાર પામે છતે જીવોને સંસારસમુદ્ર ગોપદ (ગાબડા-ખાબોચીયા) જેવો થાય છે અને જે મોક્ષસુખનો સત્યંકાર સોદો છે, તે નવકાર મંત્રનું મનને વિષે સ્મરણ કરો. ૬૬

एवं गुरुवइट्ठं, पज्जंताराहणं निसुणिऊणं।
वोसिट्ठसव्वपावो, तहेव आसेवए एसो ॥६७॥

અર્થ :- એ પ્રકારે ગુરુએ ઉપદેશેલી છેલ્લી આરાધના સાંભલીને સર્વ પાપ જેણે વોસરાવ્યું છે એવો પુરૂષ આ નવકાર મંત્રને તથાપ્રકારે સેવે. ૬૭

पंच-परमिट्ठि-समरण,--परायणो पाविऊण पंचत्तं।
पत्तो पंचमकप्पंमि, रायसीहो सुरिंदत्तं ॥६८॥

અર્થ :- પંચ પરમેષ્ટી સ્મરણમાં તત્પર થએલો રાજસિંહ કુમાર મરણ પામીને પાંચમા દેવલોકને વિષે ઈંદ્રપણાને પામ્યો. ૬૮

तप्पत्ती रयणवई, तहेव आराहिऊण तक्कप्पे।
सामाणियत्तं पत्ता, तओ चुआ निव्वइस्संति ॥६९॥

અર્થ :- તેની સ્ત્રી રત્નવતી તેની જ પેઠે નવકારને આરાધીને દેવલોકને વિષે ઈંદ્રના સામાનિક દેવપણાને પામી અને ત્યાંથી ચવીને બંને મોક્ષે જશે. ૬૯

सिरिसोमसूरिरईयं, पज्जंताराहणं पसमजणणं ।
जे अणुसरंति सम्मं, लहंति ते सासयं ठाणं ॥७०॥

અર્થ :- શ્રી સોમસૂરિએ રચેલી છેવટની આરાધના તે ઉપશમને ઉત્પન્ન કરનાર છે, માટે જેઓ સમ્યક્ પ્રકારે આદરે છે તેઓ શાશ્વતા સ્થાનકને (મોક્ષને) પામે છે. ૭૦

॥ इति श्री आराधना प्रकरणं संपूर्ण ॥५॥

卐

॥ ६ ॥ परमानंद पच्चीशी ॥

॥ श्रीजिनाय नमः ॥ શ્રીસુધર્માસ્વામિને શ્રી જંબુસ્વામી પૂછે છે અથવા સદ્ગુરૂને શિષ્ય પૂછે છે—હે ભગવન્ ! નિત્ય દેશના આપો છો તેમાં ઘણી વાર સકલ દ્રવ્યમાં, સકલ વસ્તુમાં આત્માને જ પ્રધાન કરી વર્ણવો છો, તો જે જ્ઞેય શક્તિ તે અનંત પર્યાય સહિત, જ્ઞાયક શક્તિ અનંત પર્યાય સહિત, એવા આત્મદ્રવ્યનું સ્વરૂપ મને કહો. ત્યારે શ્રીસુધર્માસ્વામી શ્રીજંબુસ્વામીને અથવા સદ્ગુરૂ શિષ્ય પ્રત્યે કહે છે–હે શિષ્ય ! જે તીર્થંકર કહે તે પછી અનંતા તીથકરનાં આયુ પહોંચે તો પણ એ આત્મદ્રવ્યના સ્વરૂપનો અનંતમો ભાગ કહી ન શકાય, તો પણ તે હું તેને દિગ્દર્શ માત્ર કહું છું, તે તું સાંભલ.

परमानंदसंपन्नं, निर्विकारं निरामयम् ।
ध्यानहीना न पश्यन्ति, निजदेहे व्यवस्थितम् ॥१॥

અર્થ :– આત્મા પરમ ઉત્કૃષ્ટ આનંદે કરી સંપૂર્ણ છે, પરમ ઉત્કૃષ્ટ આનંદે સંપૂર્ણ કેવી રીતે છે તે જણાવે છે:—કારણ કે એ આત્મદ્રવ્યનું અનુભવવું તેથી અતીંદ્રિય સુખ ઉપજે છે. બીજા ઇન્દ્રિયાદિકના આનંદ થકી ઇન્દ્રિય જનિત સુખ ઉપજે છે. અને તે આનંદની વાંછાએ ઇન્દ્રિય તપે છે, પરંતુ આત્મ દ્રવ્યના આનંદની વાંછાએ શીતલતા ઉપજે છે. ઇન્દ્રિય જનિત આનંદની ઇચ્છાએ ઇન્દ્રિયને સુખે પ્રવર્તાવતાં પ્રયાસ ઉપજે. આત્મસ્વરૂપના આનંદમય

આત્મધ્યાને પ્રવર્તાવતાં સ્થિરતા રૂપ અત્યંત સુખ ઉપજે. ઇન્દ્રિય જનિત આનંદથી કર્મ નિકચિત થાય છે, જેમ શ્રેણીકને નરકનું આયુષ્ય બંધાણું, અને આત્મદ્રવ્યને અનુભવતાં આનંદ નિકાચિત કર્મ તૂટે છે. ઇન્દ્રિયજનિત આનંદ અનુભવતાં અનંત સંસાર વધે છે અને આત્માનો અતીંદ્રિય આનંદ અનુભવતાં અનંત સંસાર તૂટે છે. થોડા કાળમાંહી મોક્ષનાં સુખ પામે. તે માટે ભાવ આનંદ પરમ ઉત્કૃષ્ટો કહીએ. બીજો ઇન્દ્રિયજનિત આનંદ તે દ્રવ્ય આનંદ કશા કામનો નથી. તે માટે એ ભાવ આનંદ તેજ ઉત્કૃષ્ટાનંદ કહિયે. વિકાર રહિત આત્માનું સ્વરૂપ છે. રોગરહિત પોતાના દેહને વિષે રહ્યો એવો જે આત્મા તેને જે પ્રાણી ધર્મ ધ્યાને અને શુકલ ધ્યાને રહિત છે, તે પ્રાણી દેશ પરોક્ષે, સર્વ પરોક્ષે, દેશ પ્રત્યક્ષે, સર્વ પ્રત્યક્ષે એ ચાર માંહી એકે પ્રકારે નથી દેખતા. ૧

अनंतसुखसंपन्नं, ज्ञानामृतपयोधरम् ।
अनंतवीर्यसंपन्नं, दर्शनं परमात्मनः ॥२॥

અર્થ :- આત્મસ્વરૂપ કેવું છે તે કહે છે—અનંત અવ્યાબાધ આત્મિક સુખે સહિત છે. જ્ઞાન રૂપી અમૃતના મેઘ સમાન છે. વલી અનંત અવિનાશી વીર્યે કરી સહિત પરમ સર્વોત્કૃષ્ટ આત્માનું દર્શન એટલે સ્વરૂપ છે. ૨

निर्विकारं निराबाधं, सर्व-संग-विवर्जितम् ।
परमानंदसंपन्नं, शुद्ध-चेतन-लक्षणम् ॥३॥

અર્થ :- આત્મ સ્વરૂપ કેવું છે છે કહે છે.—બાહ્ય અભ્યંતર

વિકાર રહિત અને બાધા એટલે પીડા રહિત છે. સર્વ બાહ્ય અને અભ્યંતર સંગ રહિત છે. પરમ ઉત્કૃષ્ટ જ્ઞાનાનંદે કરી રહિત, શુદ્ધ (ઉપાધિ રહિત) ચેતના રૂપ લક્ષણ સહિત છે. ૩

उत्तमा ह्यात्मचिंता च, मोहचिंता च मध्यमा ।
अधमा कामचिन्ता च, परचिंताऽधमाधमा ॥४॥

અર્થ :- પોતાના આત્માની ચિંતા તે ઉત્તમ કહીયે, (હું કયાંથી આવ્યો, કયાં જઈશ, અને મારૂં સ્વરૂપ શું છે, ઈત્યાદિક વિચાર તે ઉત્તમ છે.) મોહ ચિંતા એટલે પુત્ર ધનાદિકની ચિંતા તે મધ્યમ છે. કામ ચિંતા એટલે સ્ત્રીઆદિકના વિષયની ચિંતા તે અધમ છે. પરદ્રવ્યની ચિંતા તથા પરની ઈર્ષ્યા પરને વિષે રાગદ્વેષ તે અધમાધમ છે. ૪

निर्विकल्पं समुत्पन्नं, ज्ञानमेव सुधारसम् ।
विवेकमंजलीकृत्वा, त पिबंति तपस्विनः ॥५॥

અર્થ :- વિકલ્પ રહિત અને સમ્યક્ પ્રકારે ઉત્પન્ન થએલું જ્ઞાન જ અમૃત જળ છે, તેને વિવેકરૂપ અંજલિ (ખોબે) કરીને મોટા તપસ્વીઓ પીએ છે. ૫

सदानंदमयं जीवं, यो जानाति म पंडितः ।
स सेवते निजात्मानं, परमानंदकारणम् ॥६॥

અર્થ :- સદા (સર્વ કાલે) આનંદમય જીવનનું સ્વરૂપ છે એવું જે જાણે તે પંડિત છે. તે પરમ આનંદના કારણ પોતાના આત્માને સેવે છે (ધ્યાવે છે.) ૬

नलिन्यां च यथा तोयं, भिन्नं तिष्ठति सर्वदा ।
अयमात्मा स्वभावेन, देहे तिष्ठति निर्मलः ॥७॥

અર્થ :- કમલના છોડને વિષે જેમ પાણી સદા (સર્વ કાલે) અલગ રહે છે તેમ શરીરને વિષે આ આત્મા સ્વભાવે ભિન્નરૂપ નિર્મળ રહે છે. ૭

द्रव्यकर्मविनिर्मुक्तं, भावकर्म-विवर्जितं ।
नौकर्म-रहितं विद्धि, निश्चयेन चिदात्मनः ॥८॥

અર્થ :- નિશ્ચય નયની અપેક્ષાએ આ આત્મા દ્રવ્યકર્મ એટલે ૧૫૮ કર્મ પ્રકૃતિથી વિશેષે મુકાણો છે; શુદ્ધ સ્વભાવે જોતાં ભાવ કર્મ જે વિભાવ પરિણતિ તથા રાગ દ્વેષ તેણે કરી રહિત છે, વળી ઔદારિક શરીર પ્રમુખ નોકર્મ રહિત એવો આત્મા તું જાણ. કારણ કે આત્માનું જ્ઞાનમય સ્વરૂપ છે. ૮

आनंदं ब्रह्मणो रूपं, निजदेहे व्यवस्थितं ।
ज्ञानहीना न पश्यंति, जात्यंधा इव भास्करं ॥९॥

અર્થ :- જેમ જન્મથી આંધળા પુરૂષો સૂર્યને દેખતા નથી, તેમ પોતાના શરીરને વિષે રહેલા એવા આનંદમય અને જ્ઞાનમય આત્માના સ્વરૂપને જ્ઞાનરહિત પુરૂષો જોતા નથી. ૯

तद्ध्यानं क्रियते भक्त्या, मनो येन निलीयते ।
तत्क्षणं दृश्यते शुद्धं, चित्-चमत्कार-लक्षणं ॥१०॥

અર્થ :– તે ધ્યાન (શુકલધ્યાન) ભક્તિવડે કરવું જોઈએ, જેણે કરી મન લય પામે છે, તેજ સમયે જ્ઞાનના ચમત્કારરૂપે લક્ષણવાલું શુદ્ધ આત્મસ્વરૂપ દેખાય છે. ૧૦

ये धर्मशीला मुनयः प्रधाना-
स्ते दुःखहीना नियमाद् भवंति ।
संप्राप्य शीघ्रं परमार्थतत्त्वं,
व्रजंति मोक्षपदमेकमेव ॥११॥

અર્થ :– જે ઉત્તમ ધર્મવંત મુનિઓ હોય છે, તેઓ નિશ્ચયે કરીને દુઃખથી રહિત થાય છે; અને પરમાર્થ તત્ત્વને જલદીથી પામીને સકલ કર્મ ક્ષયરૂપ એક મોક્ષ સ્થાનકને જ પામે છે. ૧૧

आनंदरूपं परमात्मतत्त्वं. समस्त-संकल्प-विकल्प-मुक्तं ।
स्वभावलीनं निवसंश्च नित्यं,
जानाति योगी स्वयमेव तत्त्वं ॥१२॥

અર્થ :– આનંદરૂપ અને સઘળા સંકલ્પ એટલે આર્ત રૌદ્ર ધ્યાનરહિત અને વિકલ્પ એટલે વચન વર્ગણા તેણે રહિત એવું પરમાત્મતત્ત્વ છે, તેનું હંમેશાં ચિંતન કરતો અને સ્વભાવમાં લીન એવો યોગી પોતે જ તત્ત્વ એટલે વસ્તુસ્વરૂપને જાણે છે. ૧૨

चिदानंदमयं शुद्धं, निराकारं निरामयं ।
अनंतसुखसंपन्नं, सर्व-संग-विवर्जितं ॥१३॥

અર્થ :- વળી તે જ્ઞાનમય અને આનંદમય એવું અને દોષ રહિત છે, નિરાકાર અને રોગરહિત છે, અનંત સુખે કરી સહિત છે અને સર્વ બાહ્ય સંગ એટલે સ્ત્રી પુત્રાદિકવડે રહિત અને અભ્યંતર સંગ કહેતાં રાગદ્વેષાદિકે રહિત છે. ૧૩

लोकमात्रप्रमाणो हि, निश्चये न हि संशयः ।
व्यवहारे देहमात्रः, कथितः परमेश्वरः ॥१४॥

અર્થ :- નિશ્ચય નયે કરી આ આત્મા લોકના જેટલા પ્રદેશવાળો એટલે અસંખ્યાત પ્રદેશી છે એમાં કાંઈ સંદેહ નથી અને વ્યવહાર નયે કરી આ આત્મા પોતાના દેહની અવગાહના પ્રમાણે પરમેશ્વરરૂપ કહેવામાં આવેલો છે. ૧૪

यत्क्षणे दृश्यते शुद्धं, ततक्षणे गतिविभ्रमः ।
स्वस्थचित्तः स्थिरीभूतो, निर्विकल्पसमाधये ॥१५॥

અર્થ :- જે ક્ષણે શુદ્ધ આત્માનું દર્શન થાય છે તે ક્ષણે અજ્ઞાનરૂપ ભ્રમનો નાશ થાય છે અને એવો શુદ્ધ આત્મા નિર્વિકલ્પ સમાધિને અર્થે સ્વસ્થ ચિત્તવાળો અને સ્થિરીભૂત થાય છે. ૧૫

स एव परमं ब्रह्म, स एव जिनपुंगवः ।
स एव परमं तत्त्वं, स एव परमो गुरुः ॥१६॥

અર્થ :- તેજ આત્મા ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપ છે, તે જ આત્મા

રાગદ્વેષના જીતનારમાં મુખ્ય છે, તેજ આત્મા ઉત્કૃષ્ટ સારપદાર્થ છે અને તેજ આત્મા મોટો ગુરુ છે. ૧૬

स एव परमं ज्योतिः, स एव परमं तपः ।
स एव परमं ध्यानं, स एव परमोत्तमः ॥१७॥

અર્થ :- તેજ આત્મા ઉત્કૃષ્ટ તેજસ્વરૂપ છે, તેજ આત્મા ઉત્કૃષ્ટ તપરૂપ છે, તેજ આત્મા ઉત્કૃષ્ટ ધ્યાનરૂપ છે અને તેજ આત્મા પરમ ઉત્તમ પદાર્થ છે. ૧૭

स एव सर्वकल्याणं, स एव सुखभाजनं ।
स एव शुद्धचिद्रूपः, स एव परमं शिवं ॥१८॥

અર્થ :- તેજ આત્મા સર્વ કલ્યાણમય છે, તેજ આત્મા સુખનું ભાજન છે, તેજ આત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપી છે, અને તેજ આત્મા પરમ મોક્ષરૂપ છે. ૧૮

स एव परमानंदः, स एव सुखदायकः ।
स एव परचैतन्यं, स एव गुणसागरः ॥१९॥

અર્થ :- તેજ આત્મા ઉત્કૃષ્ટ આનંદવાળો છે કેમકે એવો આનંદ બીજા કોઇ પદાર્થમાં નથી. તેજ આત્મા સુખનો આપનાર છે, કેમકે તેના જેવો બીજો કોઈ સુખદાતા નથી, તેજ આત્મા ઉત્કૃષ્ટ ચેતનાવંત છે, અને તેજ આત્મા જ્ઞાન-દર્શન ચારિત્રાદિ ગુણોનો સમુદ્ર છે. ૧૯

परमानंद–संपन्नः, रागद्वेष–विवर्ज्जितः ।
सोहं वै देहमध्ये तु, यो जानाति स पंडितः ॥२०॥

અર્થ :– ઉત્કૃષ્ટ આહ્‌લાદે કરી સહિત અને રાગદ્વેષરહિત આત્મા તે હું નિશ્ચે આ દેહમાં રહ્યો છું એવું જાણે છે તેને પંડિત જાણવો. ૨૦

आकाररहितं शुद्धं, स्वस्वरूपे व्यवस्थितं ।
सिद्धमष्टगुणोपेतं, निर्विकारं निरंजनं ॥२१॥

અર્થ :– (ગોળ, ચોરસ, ત્રિકોણ વિગેરે) આકારરહિત, શુદ્ધ એટલે કર્મ મલરહિત, પોતાના સ્વરૂપમાં રહેલો એવો, સિદ્ધ થએલો, કેવળજ્ઞાન ૧, કેવળદર્શન ૨, નિત્યસુખ ૩, ક્ષાયિક સમક્તિ ૪, નિત્યસ્થિતિ ૫, અરૂપી ૬, અગુરૂલઘુ ૭, અને અનંતવીર્ય ૮, એ આઠ ગુણે કરી સંયુક્ત વિકારરહિત અને નિરંજન આત્મા છે. ૨૧

तत्समेतं निजात्मानं, यो जानाति स पंडितः ।
सहजानंद–चैतन्यं, प्रकाशते महाशयं ॥२२॥

અર્થ :– (આગળ કહી ગયા) તે ગુણોએ સહિત પોતાના આત્માને જે માણસ જાણે છે તેને પંડિત કહેવો. તે મહાશયને સહજ આનંદવાળું ચૈતન્ય પ્રકાશે છે. ૨૨

पाषाणेषु यथा हेम, दुग्धमध्ये यथा घृतं ।
तिलमध्ये यथा तैलं, देहमध्ये तथा शिवः ॥२३॥

અર્થ :- પથ્થરમાં જેમ સોનું રહેલું છે, દૂધમાં જેમ ઘી રહેલું છે, તલમાં જેમ તેલ રહેલું છે, તેમ દેહને વિષે આત્મા રહેલો છે. ૨૩

काष्ठमध्ये यथा वह्निः, शक्तिरूपेण तिष्ठति ।
अयमात्मा शरीरेषु, यो जानाति स पंडितः ॥२४॥

અર્થ :- જેમ લાકડામાં અગ્નિ શક્તિરૂપે રહે છે તેમ આ આત્મા શરીરમાં શક્તિરૂપે રહે છે, એમ જે જાણે છે તેને પંડિત જાણવો. ૨૪

अव्रतानि परित्यज्य; व्रतेषु परितिष्ठतः ।
त्यजेन् तान्यपि संप्राप्य, परमं पदमात्मनः ॥२५॥

અર્થ :- આ વ્રતોનો ત્યાગ કરીને વ્રતોને વિષે સમસ્ત પ્રકારે રહેતો માણસ, આત્માનું પરમપદ પામીને વ્રતોનો પણ ત્યાગ કરે છે. ૨૫

॥ इति श्रीपरमानंद पच्चीशी संपूर्णा ॥ ६ ॥

* સર્વોદય પ્રિન્ટીંગ પ્રેસ : ફોન–૭૬૦૪૬ : જામનગર. *